**સુવિચાર**

તમારી સફળતા અને તમારા હોઠોની મુસ્કાન તમારા દુશ્મન માટે મહાન બદલો છે ...


# સમય મિરર

SAMAY MIRROR (MORNING DAILY)

samaymirror@gmail.com

RETAIL SELLING PRICE Rs. 3 ■ ANNUAL SUBSCRIPTION Rs. 900 ■ LANGUAGE : GUJARATI

RNI NO:-GUJGUJ/2022/84575

Year-3, Issue-165 ■ DATE : 26-4-2025 ■ SATURDAY ■ Page-10 ■ ચૈત્ર વદ ૧૩, વિક્રમ સંવત-2081

■ OWNER : ZALA PRADIPSINH GHANSHYAMSINH ■ EDITOR, PRINTER & PUBLISHER : HINESH PRAVINBHAI PANCHOLI ■ MANAGING EDITOR : ZALA PRADIPSINH GHANSHYAMSINH

■ PLACE OF PUBLICATION : 201, JALARAM ASSOCIATE, 20- NEW JAGNATH, DR. YAGNIK ROAD, RAJKOT-360001 (GUJARAT) ■ PRINTED AT SANJ MEDIA SANJ SAMACHAR CORPORATE HOUSE KASTURBA ROAD, NEAR SHARDA BAUG, RAJKOT-360001








## ધ વર્લ્ડ એરાઉન્ડ

# ISROના ભૂતપૂર્વ વડા ડો. કે. કસ્તુરીરંગનનું નિધન

### રોકેટના વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવી



**સમય મિરર । નવી દિલ્હી**

ઈસરોના ભૂતપૂર્વ વડા ડો. કે. કસ્તુરીરંગનનું બેંગલુરુમાં નિધન થયું છે. ડો. કે. કસ્તુરીરંગન એક પ્રખ્યાત ભારતીય ખગોળશાસ્ત્રી હતા. તેમનો જન્મ ૨૪ ઓક્ટોબર ૧૯૪૦ના રોજ થયો હતો. તેમના નશ્વર દેહને રવિવાર, ૨૭ એપ્રિલના રોજ સવારે ૧૦.૦૦થી બપોરે૧૨.૦૦વાગ્યા સુધી આરઆરઆઈ ખાતે રાખવામાં આવ્યા હતા, જ્યાં લોકો અંતિમ શ્રદ્ધાંજલિ આપી હતી  ડો. કસ્તુરીરંગને બોમ્બે યુનિવર્સિટીમાંથી ભૌતિકશાસ્ત્રમાં સ્નાતક અને માસ્ટર ઓફ સાયન્સની ડિગ્રી મેળવી. તેમણે ૧૯૭૧માં અમદાવાદની ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીમાંથી એક્સપેરિમેન્ટલ હાઇ એનર્જી એસ્ટ્રોનોમીમાં ડોક્ટરેટની પદવી મેળવી.  તેમણે ISROમાં વિવિધ હોદ્દાઓ પર સેવા આપી, જેમાં ચેરમેન અને સેક્રેટરી તરીકે, ૯ વર્ષથી વધુ સમય સુધી ભારતીય અવકાશ કાર્યક્રમનું નેતૃત્વ કર્યું.  ડો. કસ્તુરીરંગને ભારતના અવકાશ કાર્યક્રમમાં ઘણા મહત્વપૂર્ણ યોગદાન આપ્યા હતા, જેમાં ધ્રુવીય ઉપગ્રહ પ્રક્ષેપણ વાહન (PSLV) અને જીઓસિંક્રોનસ ઉપગ્રહ પ્રક્ષેપણ વાહન (GSLV) ના સફળ પ્રક્ષેપણનો સમાવેશ થાય છે.  તેમને પદ્મશ્રી, પદ્મ ભૂષણ અને પદ્મ વિભૂષણ જેવા પ્રતિષ્ઠિત પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા છે.  તેમને વિવિધ વૈજ્ઞાનિક એકેડેમી અને સંગઠનો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે, જેમાં ઈન્ડિયન એકેડેમી ઓફ સાયન્સિસ, ઈન્ડિયન નેશનલ સાયન્સ એકેડેમી અને થર્ડ વર્લ્ડ એકેડેમી ઓફ સાયન્સિસનો સમાવેશ થાય છે.  ડો.કસ્તુરીરંગન આયોજન પંચના સભ્ય રહી ચૂક્યા છે. તેઓ ભારતીય વિજ્ઞાન એકેડેમીના પ્રમુખ અને ભારતીય વિજ્ઞાન કોંગ્રેસના મહાસચિવ રહી ચૂક્યા છે. તેઓ વિવિધ આંતરરાષ્ટ્રીય સમિતિઓ અને સંગઠનોના સભ્ય રહ્યા છે, જેમાં ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યુનિયન અને ઈન્ટરનેશનલ એકેડેમી ઓફ એસ્ટ્રોનોટિક્સનો સમાવેશ થાય છે.

# બાંદીપોરમાં સુરક્ષા દળોના ઓપરેશનમાં ટોપ લશ્કર આતંકવાદી અલ્તાફ લલ્લી ઠાર

જમ્મુ-કાશ્મીરના બાંદીપોરામાં સુરક્ષાદળોએ હાથ ધરેલા ઓપરેશનમાં આતંકી જૂથ ટોપ લશ્કરનો કમાન્ડર અલ્તાફ લલ્લીને ઠાર કર્યો છે. પહલગામ આતંકી હુમલા બાદ ભારતીય સેના દ્વારા હાથ ધરાયેલા સર્ચ ઓપરેશનમાં આજે વહેલી સવારે બાંદીપોરામાં  આતંકવાદીઓ અને સુરક્ષાદળો વચ્ચે અથડામણ થઈ હતી. જેમાં ટોપ લશ્કર આતંકવાદી ઠાર થયો છે. સૂત્રો ના જણાવ્યા અનુસાર પહલગામ આતંકવાદી હુમલાના ષડયંત્રમાં ટોપ લશ્કર આતંકવાદીઓ પણ સંડોવાયેલા હતાં. તેઓએ ૨૨ એપ્રિલના રોજ થયેલા પહલગામ હુમલામાં આતંકવાદીઓને મદદ કરી હોવાના અહેવાલોના પગલે ભારતીય સેનાએ સર્ચ ઓપરેશન હાથ ધરી ટોપ લશ્કરના આતંકવાદીઓ પર કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં એક આતંકવાદી ઠાર થયો છે. જ્યારે બે જવાન ઘાયલ થયા છે.  પહલગામ હુમલામાં સ્થાનિક આતંકવાદી આદિલ હુસૈન થોકરના ઘરની તપાસ કરતાં સુરક્ષાદળોને અંદર IED વિસ્ફોટક સામગ્રી મળી હતી. તેના વાયરો ખુલ્લા હોવાથી સુરક્ષાદળો બહાર આવ્યા હતાં. બાદમાં બોમ્બ બ્લાસ્ટ થતાં ઘર ઊડી ગયું હતું. આદિલ ગુરી તરીકે ઓળખાતા આ આતંકવાદી પર બૈસરન ખીણમાં ૨૨ એપ્રિલના રોજ થયેલા હુમલાનું ષડયંત્ર રચવા તેમજ તેને અમલમાં મૂકવા પાકિસ્તાની આતંકવાદીઓની મદદ કરવાનો આરોપ છે. આ હુમલામાં સામેલ અન્ય એક આતંકવાદી આસિફ શેખના ત્રાલ સ્થિત ઘર પર જમ્મુ-કાશ્મીર પ્રશાસને બુલડોઝર ફેરવ્યું છે.

# વી.કે.સકસેના માનહાનિ કેસમાં મેધા પાટકરની ધરપકડ



દિલ્હી પોલીસે સામાજિક કાર્યકર્તા મેધા પાટકરની ધરપકડ કરી છે. બુધવારે જ સાકેત કોર્ટે મેધા પાટકર વિરુદ્ધ બિનજામીનપાત્ર કલમ હેઠળ વોરંટ જાહેર કર્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, ધરપકડ બાદ મેધા પાટકરને આજે સાકેત કોર્ટમાં રજૂ કરવામાં આવશે. ૨૦૦૧માં દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેના દ્વારા તેમના વિરુદ્ધ દાખલ કરાયેલા ફોજદારી માનહાનિના કેસમાં તેમને દોષિત ઠેરવ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. મંગળવારે મોડીરાત્રે દિલ્હી પોલીસે નિઝામુદ્દીન રેલવે સ્ટેશન પરથી સામાજિક કાર્યકર્તા અને નર્મદા બચાવો આંદોલનનાં નેતા મેધા પાટકરની ધરપકડ કરી હતી. દિલ્હીની એક કોર્ટે એક જૂના કેસમાં તેમની સામે બિનજામીનપાત્ર વોરંટ જાહેર કર્યું હતું. મેધા પાટકરને આજે સાકેત કોર્ટમાં રજૂ કરવામાં આવશે. પોલીસના જણાવ્યા અનુસાર, આ ધરપકડ જામીનપાત્ર કલમો હેઠળ કરવામાં આવી છે. તેમને કોર્ટમાંથી જામીન મળે એવી શક્યતા છે. મેધા પાટકરની ધરપકડ એક જૂના કેસ સાથે સંબંધિત છે, જેમાં દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર (એલજી)એ તેમના વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ મામલો ઘણાં વર્ષો જૂનો છે. આમાં મેધા પાટકર પર કેટલાંક વિવાદાસ્પદ નિવેદનો અથવા પ્રવૃત્તિઓનો આરોપ છે. જોકે કેસની વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. સૂત્રો કહે છે કે ફરિયાદ કોઈ આંદોલન અથવા જાહેર પ્રદર્શન સાથે સંબંધિત હોઈ શકે છે જેમાં મેધા પાટકર સામેલ હતા. ધરપકડ અને કોર્ટ કાર્યવાહી કોર્ટ દ્વારા જાહેર કરાયેલા બિનજામીનપાત્ર વોરંટના આધારે દિલ્હી પોલીસે મેધા પાટકરને નિઝામુદ્દીન રેલવે સ્ટેશનથી અટકાયતમાં લીધા હતા. પોલીસસૂત્રોના જણાવ્યા અનુસાર, ધરપકડ પ્રક્રિયા શાંતિપૂર્ણ રહી. ધરપકડ દરમિયાન મેધા પાટકરે કોઈ વિરોધ કર્યો ન હતો. આ કેસ જામીનપાત્ર કલમો સાથે સંબંધિત હોવાથી, કાનૂની નિષ્ણાતો માને છે કે તેને ટૂંક સમયમાં જામીન મળી શકે છે.

# ભારત - પાક. તનાવથી શેરબજારમાં ટેન્શન : સેન્સેકસ ૭૦૦ પોઈન્ટ ગગડયો

પહેલગામમાં આતંકવાદી હુમલાને પગલે ભારતના પાકિસ્તાન તરફ આક્રમક વલણ અને સરહદે ગોળીબારના ઘટનાક્રમથી શેરબજાર પણ ટેન્શનમાં આવી ગયુ હોય તેમ ઈન્ટ્રા-ડે ૧૦૦૦ પોઈન્ટ જેટલુ ધસી ગયુ હતું. જો કે, બપોરે ૬૦૦ પોઈન્ટનો ઘટાડો સુચવતુ હતું. અમેરિકાના ટેરીફ- ટ્રેડવોરમાંથી માંડ મુક્ત થઈને તેજીના માર્ગે ચડેલા શેરબજારોમાં આજે ભારત-પાકિસ્તાન વચ્ચેના તનાવનો પ્રત્યાઘાત વર્તાયો હતો. નફારૂપી વેચવાલીના દબાણ હેઠળ ગાબડુ પડયુ હતું. મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૬૮૫ પોઈન્ટના કડાકાથી ૭૯૧૧૬ સાંપડયો હતો. તે ઉંચામાં ૮૦૧૩૦ તથા નીચામાં ૭૮૬૦૫ થયો હતો. નેશનલ સ્ટોક એકસચેંજમાં નિફટી ૨૪૧ પોઈન્ટ ગગડીને ૨૩૯૯૫ હતો તે ઉંચામાં ૨૪૩૬૫ તથા નીચામાં ૨૩૮૪૭ હતો. મીડકેપ નિફટીમાં ૧૫૦૦ પોઈન્ટ ગગડીને ૫૩૪૪૩ હતો. શેરબજારમાં આજે અદાણી પોર્ટ, એકસીસ બેંક, બજાજ ફાઈનાન્સ, ભારતી એરટેલ, આઈસીઆઈસીઆઈ બેંક, કોટક બેંક, લાર્સન, મહીન્દ્ર, મારૂતી, એનટીપીસી, પાવરગ્રીડ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, શ્રીરામ ફાઈનાન્સ, અદાણી એન્ટરપ્રાઈઝ ગગડયા હતા. ઈન્ડુસઈન્ડ બેંક, ઈન્ફોસીસ, ટીસીએસ, ટેક મહીન્દ્ર મજબૂત હતા.

# ભારતની ધમકી બાદ પાકિસ્તાનીઓ ફફડયા

### ઈસ્લામાબાદમાં હાઈ કમિશન કચેરી સામે દેખાવો

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતના લોકોમાં ગુસ્સે છે. તો બીજી તરફ ભારતની બદલો લેવાની કાર્યવાહી બાદ પાકિસ્તાનમાં ફફડાટ ફેલાયો છે. લોકોમાં ડરનો માહોલ છે. બીજી તરફ ઈસ્લામાબાદમાં ડિપ્લોમેટિક એન્ક્લેવની (Indian High Commission) બહાર કેટલાક લોકોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ પ્રદર્શનોમાં રાજકીય પક્ષો અને હુર્રિયત સંગઠનોના સભ્યો પણ હાજર હતા. પ્રદર્શનકારીઓએ ભારતીય હાઈ કમિશનમાં પણ પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો.સુરક્ષા અધિકારીઓ અને પ્રદર્શનકારીઓ વચ્ચે અથડામણ થઈ હતી, જેના કારણે અધિકારીઓએ વધુ કર્મચારીઓ તૈનાત કરવાની માંગ કરી છે. વિરોધ પ્રદર્શન દરમિયાન ભારત વિરોધી સૂત્રોચ્ચાર થયાના પણ અહેવાલો છે.ભારતીય વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ બુધવારે ૨૩ એપ્રિલે કેબિનેટ કમિટી ઓન સિક્યુરિટી (CCS) ની બેઠક બાદ પાકિસ્તાન સામે કડક પગલાં લેવાની જાહેરાત કરી હતી. ભારત દ્વારા લેવામાં આવેલા પગલાંમાં સિંધુ જળ સંધિ અટકાવવા, વાઘા અટારી સરહદ તાત્કાલિક બંધ કરવા અને પાકિસ્તાની નાગરિકોના સાર્ક વિઝા રદ કરવાનો સમાવેશ થાય છે.

### મુસ્લિમ સમાજના ભાઈઓ બહેનોએ કલેકટરને આવેદન પાઠવી આતંકવાદીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી

# રાજકોટના મુસ્લિમ સમાજે કાશ્મીરની ઘટનાને વખોડી કાઢી : દિવંગતોને કેન્ડલ પ્રજ્વલિત કરી શ્રદ્ધાંજલિ પાઠવી

**સમય મિરર । રાજકોટ**



જમ્મુ કાશ્મીરમાં આવેલ પહેલગામ ખાતે બેશરન વેલી વિસ્તારમાં પાકિસ્તાન તરફી આતંકીઓએ અંધાધૂંધ ગોળીબાર કરીને ૨૭ જેટલા ટુરીસ્ટોને મોતને ઘાટ ઉતારી જે જઘન્ય અને ક્રૂરતા ભર્યું કૃત્ય કરેલ છે તેને રાજકોટ મુસ્લિમ સમાજ સખત શબ્દોમાં નિંદા કરી આ પ્રાણઘાતક ઘટનાને આક્રોશ સાથે વખોડી કાઢે છે અને ખીરાજે અકિંદત પેશ કરે છે સાથો સાથ આ બનાવમાં ઘાયલ થયેલા ટુરીસ્ટો જલ્દી સાજા થઇ જાય તે માટે દુઆએ ખેર કરીએ છીએ.

રાજકોટ મુસ્લિમ સમાજના અગ્રણીઓ વધુમાં જણાવે છે કે આ પ્રાણઘાતક આતંકી હુમલો ફકત આપણા ટુરીસ્ટો પર જ નહીં પરંતુ મહાન ભારત રાષ્ટ્રના સાર્વભૌમત્વ પરનો હુમલો કહિ શકાય. રાષ્ટ્રની એકતા અને અખંડીતતા ઉપરનો આ પ્રહાર છે. આપણો દેશ વિવિધતામાં એકતાનો પ્રતિક છે. ત્યારે ઘેરાબંધી કરીને આતંકી હત્યારાઓને હેલીકોપ્ટર, સ્નીફર ડોગ અને ડ્રોનથી સર્ચ ઓપરેશન દ્વારા ઝડપથી પકડી આતંકવાદીઓનો ખાત્મો બોલાવવો જોઈએ. ઇસ્લામમાં આતંકવાદને કોઇ સ્થાન નથી અને ઇસ્લામના નામે કોઇ આતંકી હુમલો કરે છે તો તે મુસ્લિમ નથી રહેતો. આતંકવાદીઓનો કોઇ ધર્મ કે મજહબ હોતો નથી. ત્યારે આતંકી ઉપર એટેક કરીને ઇંટનો જવાબ પથ્થરથી આપવાનો સમય હવે પાકી ગયો છે. અંતમાં રાષ્ટ્રપતિશ્રી, વડાપ્રધાનશ્રીને રાષ્ટ્રહિતમાં યોગ્ય પગલાં ભરવા જણાવાયું છે.

સાંજે મુસ્લિમ સમાજના આગેવાનો ભાઈઓ અને બહેનો બહોળી સંખ્યામાં ફુલછાબ ચોક ખાતે એકઠા થયા હતા અને તમામે કેન્ડલ પ્રજવલીત કરી પહેલગામમાં માર્યા ગયેલા દિવંગતોને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. સાથે મુસ્લિમ સમાજના લોકોએ ભારતના ઝંડાઓ ફરકાવી પોતે ભારતીય છે તેવું સ્પષ્ટ જણાવી દીધું હતું.

# સમસ્ત બરાળીયા પરિવાર દ્વારા હરિદ્વારમાં ચાલતી શ્રીમદ ભાગવત સપ્તાહ

### કથામાં ધાર્મિક પ્રસંગોની ઉજવણી : શનિવારે કથાની પૂર્ણાહુતિ




**સમય મિરર । રાજકોટ**

બરાળીયા પરિવાર દ્વારા પિતૃઓના મોક્ષાર્થે હરિદ્વાર ખાતે ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વ્યાસાસને ઓળીયા-સાવરકુંડલાના શાસ્ત્રી હીરેનભાઈ પંડયા બીરાજી કથાનું રસપાન કરાવી રહ્યા છે. કથા અવધુત મંડળ આશ્રમ હરિદ્વાર ખાતે ચાલી રહી છે. જેમાં દરરોજ વિવિધ ધાર્મિક કાર્યક્રમો ઉજવાઈ રહ્યા છે. કથા દરમિયાન પ્રાતઃપુજા, પોથીયાત્રા, કપીલ જન્મ, નૃસિંહ અવતાર, વામન જન્મ, રામ જન્મ-કૃષ્ણ જન્મ, નંદ ઉત્સવ, ગોવર્ધન ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આવતીકાલે રૂક્ષ્મણી વિવાહની ઉજવણી કર્યા બાદ શનિવારે કથાની પુર્ણાહુતિ થશે. કથામાં સમસ્ત બરાળીયા પરિવારના ૯૦૦ જેટલા લોકો જોડાયા છે. કથા માટે બહાદુરભાઈ ભીખાભાઈ બરાળીયા (રાજકોટ), મહેશભાઈ નાગદાનભાઈ બરાળીયા (હાપા), પ્રભાતભાઈ જીવાભાઈ બરાળીયા (રાજકોટ), દીનેશભાઈ ભીખા-ભાઈ બરાળીયા (રાજકોટ), હીતેશભાઈ લક્ષ્મણભાઈ બરાળીયા (લાપાસરી), ભવાનભાઈ બરાળીયા (દર્હીંસરા), એભલભાઈ કરશનભાઈ બરાળીયા (રાજકોટ) કાર્યરત છે તેમજ સમગ્ર આયોજન વોટસએપના માધ્યમથી હીતેશભાઈ બરાળીયા, બહાદુરભાઈ બરા-ળીયા, પ્રભાતભાઈ બરાળીયા અને મહેશભાઈ બરાળીયાએ કર્યું છે.

# પંજાબ બોર્ડર પાસેથી હેન્ડ ગ્રેનેડ, RDX પિસ્તોલ અને ઘાતક હથિયાર ઝડપાયા

### બીએસએફ અને સ્થાનિક પોલીસ સહિતની ટીમો દોડતી થઈ

**સમય મિરર । અમૃતસર**



જમ્મુ-કાશ્મીરમાં પહલગામ ૨૨ એપ્રિલ મંગળવારે ભયાનક ઘટના બની હતી. અહીં આતંકવાદીઓએ પ્રવાસીઓ પર આડેધડ ગોળીબાર કરી ૨૮ લોકોને મોતને ઘાટ ઉતાર્યા હતા. જોકે હવે આતંકવાદીઓ વધુ એક તબાહીનું ષડયંત્ર રચ્યું હોય તેમ પંજાબમાં મસમોટો હથિયારોનો જથ્થો મળી આવ્યો છે. આ ઘટના બાદ બીએસએફ અને સ્થાનીક પોલીસની ટીમો દોડતી થઈ ગઈ છે અને પાકિસ્તાનના નાપાક ઈરાદા નિષ્ફળ બનાવ્યું છે.

બીએસએફએ આજે (૨૫ એપ્રિલ) અમૃતસરના અજનાલા પોલીસ સ્ટેશન હેઠળના ગામ ચક્ક બાલાના એક ખેતરમાંથી સાડા ચાર કિલો RDX, પાંચ હેન્ડ ગ્રેનેડ, ચાર પિસ્તોલ, આઠ મેગેઝીન, ૨૨૦ કારતૂસ, બે બેટરી અને બે રિમોટ જપ્ત કર્યા છે.

વાસ્તવમાં બીએસએફની પોસ્ટ શાહપુર પાસે ચક્ક બાલા ગામ આવેલું છે, જ્યાં એક ખેડૂત તેના ખેતરમાં પાક લણણીની કામગીરી કરી રહ્યો હતો. આ દરમિયાન ખેડૂતે ખેતરમાં બે પેકેટ જોયા અને તુરંત બીએસએફને જાણ કરી દીધી હતી. ત્યારબાદ બીએસએફની ટીમ તુરંત ખેતરમાં પહોંચી ગઈ હતી અને બંને પેકેટોની તપાસ કરતા તેમાં ઉપરોક્ત વિસ્ફોટ સામગ્રી અને હથિયારો મળી આવ્યા હતા.

બીએસએફએ બંને પેકેજો જપ્ત કર્યા બાદ ઘટના અંગે અજનાલા પોલીસને પણ જાણ કરી દીધી છે. આ ગામ પાકિસ્તાન સરહદથી લગભગ બે કિલોમીટર દૂર આવેલું છે. ઘટના બાદ બીએસએફ અને પોલીસની ટીમોએ આસપાસના વિસ્તારોમાં સર્ચ ઓપરેશન શરૂ કરી દીધી છું. આ ઉપરાંત અનેક ખેતરોમાં પણ તપાસ કરવામાં આવી રહી છે.

### કેન્દ્ર સરકારનું સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું

# વક્ફ બાય યુઝરને નોંધણીને આધારે જ માન્યતા મળે

**સમય મિરર । નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલા વક્ફ સંશોધન એક્ટ કેસ પર આજે કેન્દ્ર સરકારે સોગંદનામું રજૂ કર્યું છે. આ સોગંદનામામાં કેન્દ્ર સરકારે કાયદાને યોગ્ય ઠેરવતાં સુપ્રીમ કોર્ટના તમામ સવાલોના જવાબ આપ્યા છે. સુપ્રીમ કોર્ટને કેન્દ્ર સરકારે કહ્યુ કે, છેલ્લા ૧૦૦ વર્ષથી વક્ફ બાય યુઝરને માત્ર રજિસ્ટ્રેશનના આધારે માન્યતા આપવામાં આવતી હતી, મૌખિક રૂપે નહીં.  નોંધનીય છે કે, વક્ફ સંશોધન કાયદાનો વિરોધ કરતાં સુપ્રીમ કોર્ટમાં દલીલ થઈ હતી કે, વક્ફ બાય યુઝરને રજિસ્ટર્ડ કરવાની સરકારની જોગવાઈ યોગ્ય નથી. સરકાર કેવી રીતે આટલી બધી સંપત્તિ રજિસ્ટર્ડ કરશે? જેનો જવાબ આપતાં સરકારને કહ્યું કે, છેલ્લા ૧૦૦ વર્ષથી વક્ફ બાય યુઝરને માત્ર રજિસ્ટ્રેશનના આધારે જ માન્યતા આપવામાં આવતી હતી. મૌખિક રૂપે નહીં. તેથી તેમાં કોઈ અડચણ આવશે નહીં. કેન્દ્ર સરકારે સોગંદનામામાં જણાવ્યું હતું કે, વક્ફ મુસલમાનોની ધાર્મિક સંસ્થા નથી, પરંતુ કાનૂની સંસ્થા છે. વક્ફ સંશોધન કાયદા અનુસાર, મુતવલ્લીની કામગીરી ધર્મનિરપેક્ષ હોય છે, ધાર્મિક નહીં. આ કાયદો ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની લાગણી દર્શાવે છે. તેમણે તેને બહુમત સાથે મંજૂરી આપી છે. કેન્દ્ર સરકારે કોર્ટમાં વક્ફ કાયદા મુદ્દે સોગંદનામું દાખલ કર્યું છે. જેમાં જણાવ્યું હતું કે, સંસદ દ્વારા પસાર કાયદો બંધારણીય રૂપે કાયદેસર ગણાય છે. વિશેષ રૂપે સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી)ની ભલામણો અને સંસદમાં લાંબી ગહન ચર્ચા બાદ તેને મંજૂરી મળી છે. કેન્દ્રે




વક્ફ સંશોધન અધિનિયમ ૨૦૨૫ને પડકારતી અરજીઓને રદ કરવાની માગ કરી છે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં કહ્યુ કે, સુપ્રીમ કોર્ટ કોઈપણ કાયદાની જોગવાઈ પર વચગા-ળાનો પ્રતિબંધ મૂકી શકે નહીં. ન્યાયિક સમીક્ષા કરતાં સંપૂર્ણ કાયદા પર પ્રતિબંધ લાદી શકે છે. પરંતુ આ કાયદો અમે સંપૂર્ણ બહુમતી અને ઘણા લોકોની સહમતિ સાથે બનાવ્યો છે. વક્ફ એ કોઈ ધાર્મિક સંસ્થા નથી. તે કાનૂની સંસ્થા છે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને અરજી કરી છે કે, તે કાયદાની કોઈપણ જોગવાઈઓ પર વચગાળાનો પ્રતિબંધ લાદે નહીં. આ સંશોધિત કાયદાથી કોઈપણ વ્યક્તિના વક્ફ બનાવવાના ધાર્મિક અધિકારમાં કોઈ હસ્તક્ષેપ નહીં થાય. માત્ર મેનેજમેન્ટ અને પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે આ કાયદામાં ફેરફાર કરવામાં આવ્યા છે. આ બિલ પસાર કરતાં પહેલાં જેપીસીની ૩૬ બેઠકો થઈ હતી, અને ૯૭ લાખથી વધુ સ્ટેકહોલ્ડર્સની ભલામણ લેવામાં આવી હતી. સમિતિએ દેશના દસ મોટા શહેરો પર સર્વે કરી જનતા વચ્ચે જઈ તેમના વિચાર જાણ્યા હતાં.

# પોપ ફ્રાન્સિસના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ વેટિકન જવા રવાના

### મંત્રી કિરેન રિજિજુ, જ્યોર્જ કુરિયન પણ તેમની સાથે જોડાયા

**સમય મિરરઃનવી દિલ્હી**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે કેથોલિક ખ્રિસ્તી ધાર્મિક નેતા પોપ ફ્રાન્સિસના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા માટે વેટિકન જવા રવાના થયા હતા. તેમની સાથે મંત્રી કિરેન રિજિજુ, રાજ્યમંત્રી જ્યોર્જ કુરિયન અને ગોવા વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર જોશુઆ ડિસોઝા પણ હતા.

પોપનું ૨૧ એપ્રિલના રોજ ૮૮ વર્ષની વયે સ્ટ્રોક અને હાર્ટ એટેકનાં કારણે અવસાન થયું. તેમના પાર્થિવ શરીરને જાહેર દર્શન માટે સેન્ટ પીટર્સ બેસિલિકામાં રાખવામાં આવ્યું છે.

આજે દર્શનનો છેલ્લો દિવસ છે. આ પછી આજે સાંજે તેમના શબપેટીને બંધ કરવામાં આવશે. પોપના અંતિમ સંસ્કાર ૨૬ એપ્રિલે એટલે કે આવતીકાલે થશે. અંતિમ સંસ્કારમાં વિશ્વભરના નેતાઓ અને સામાન્ય લોકો એકઠા થશે. તેમના મૃત્યુના આગલા દિવસે, પોપ ફ્રાન્સિસે ઈસ્ટર સન્ડે માટે આશીર્વાદ આપ્યા. તેમણે ગાઝા સહિત વિશ્વ-ભરમાં ચાલી રહેલા સંઘર્ષ વિશે વાત કરતું એક નિવેદન બહાર પાડ્યું અને શાંતિની અપીલ કરી. પોપના નિધન પર ભારતીય ગૃહ મંત્રાલયે ૩ દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરી છે.

# ટ્રેડ વોર વચ્ચે ચીને સોશિયલ મીડિયાને બનાવ્યું હથિયાર

### ચીનની ફેક્ટરીઓમાંથી અમેરિકનોને ૨૬ ગણા ઓછા ભાવે પ્રોડક્ટનું વેચાણ

**સમય મિરર । નવી દિલ્હી**

ટ્રેડ વોર હવે ફક્ત ટેરિફ અને રાજદ્વારી બાબતો વિશે નથી. ચીનના કારખાનાઓ હવે સોશિયલ મીડિયાને એક નવું હથિયાર બનાવી રહ્યા છે. તે ટિકટોક જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વીડિયો દ્વારા અમેરિકન ગ્રાહકોને ફેક્ટરીમાંથી સીધા ઉત્પાદનો ખરીદવા માટે પ્રોત્સાહિત કરી રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર ચીન પર ૨૪૫% ટેરિફ લાદીને તેને ઘેરવાનો પ્રયાસ કરી રહ્યું હશે, પરંતુ ચીની કંપનીઓ સીધા અમેરિકન ગ્રાહકોને કહી રહી છે - બ્રાન્ડ ભૂલી જાઓ, ફેક્ટરીમાંથી સીધા જ તે જ ઉત્પાદન ખરીદો. તે પણ ખૂબ જ ઓછી કિંમતે. ચીની કંપનીઓ અમેરિકામાં વેચાતા ઉત્પાદનો કરતાં ૨૬ ગણા ઓછા ભાવે માલ સપ્લાય કરવાનું વચન આપી રહી છે.

તમે અમારી પાસેથી સીધું કેમ નથી ખરીદતા? તે અમેરિકામાં ૧ લાખ રૂપિયામાં વેચાતી પ્રોડક્ટ ૫ હજાર રૂપિયામાં વેચવાનો દાવો કરે છે. અન્ય એક યુઝર, હુઆંગ શી, ચેનલ અને બિર્કેનસ્ટોક જેવી બ્રાન્ડના ઉત્પાદનો ખૂબ જ ઓછી કિંમતે ઉપલબ્ધ હોવા વિશે પણ વાત કરે છે. હાલમાં ૬૦ હજાર રૂપિયાથી ઓછાના પાર્સલ પર અમેરિકામાં ડી મિનિમિસ એક્ઝેમ્પશન પોલિસી હેઠળ કસ્ટમ ડ્યુટીમાંથી મુક્તિ આપવામાં આવે છે. આ છટકબારી દ્વારા, ટેમુ અને અલી એક્સપ્રેસ જેવા શોપિંગ પ્લેટફોર્મ સીધા અમેરિકનો સુધી પહોંચી રહ્યા છે.

આ ઉપરાંત, ફેક્ટરીઓ ટિકટોક અને અન્ય સોશિયલ મીડિયા દ્વારા પણ સીધા ઉત્પાદનો વેચી રહી છે. જોકે, હવે ટ્રમ્પ વહીવટીતંત્ર આ મુક્તિને સમાપ્ત કરવાની યોજના બનાવી રહ્યું છે.

# આતંકવાદી હુમલા બાદ ટ્રમ્પ તેમજ ૧૦થી વધુ દેશોની PM મોદી સાથે ટેલિફોનિક વાતચીત

### હુમલાને લઈ ભારત તેમજ અન્ય દેશોની પણ પાક. વિરુદ્ધ લાલ આંખ

**સમય મિરર । નવી દિલ્હી**

પહલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૮ ભારતીયોના મૃત્યુ થયા છે. આ હુમલા બાદથી સમગ્ર દેશમાં રોષ ભભૂકી રહ્યો છે અને દરેક વ્યક્તિ ભારત સરકાર કોઈ મોટી કાર્યવાહી કરે તેની રાહ જોઈ રહ્યા છે. દેશ ઉપરાંત વિશ્વભરના દેશોમાં આ અંગે ગુસ્સો છે. દરમિયાન ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફોન કર્યો હતો. વિદેશ મંત્રા-લયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે 'બેન્જામિન નેતન્યાહૂએ ભારતીય ધરતી પર થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરી છે. તેમણે ભારતના લોકો અને પીડિતોના પરિવારો સાથે એકતા વ્યક્ત કરી હતી અને ન્યાયના કઠેડામાં લાવવા માટે ભારતના દૃઢ નિશ્ચયનો પુનરોચ્ચાર કર્યો.'



વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, 'જોર્ડનના રાજા અબ્દુલ્લાએ પણ પીએમ મોદીને ફોન કરીને આ ભયાનક આતંકી હુમલાની નિંદા કરી હતી. તેમણે નિર્દોષ લોકોના મોત પર સંવેદના વ્યક્ત કરી હતી. આતંકવાદને તેના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓમાં નકારી કાઢવો જોઈએ અને તેનું કોઈ સમર્થન ન હોઈ શકે. પ્રધાનમંત્રીએ રાજા અબ્દુલ્લા(દ્વિતીય)નો તેમના એકતાના સંદેશ બદલ આભાર માન્યો અને આ જઘન્ય હુમલા પાછળના ગુનેગારો અને લોકો સામે કડક કાર્યવાહી કરવા માટે ભારતના લોકોની લાગણીઓ વ્યક્ત કરી હતી.' આ પહેલા મોરેશિયસના વડાપ્રધાન ડો. નવીમ રામગોલમ, અમેરિકાના ઉપપ્રમુખ જેડી વેન્સ, નેપાળના વડાપ્રધાન કેપી શર્મા ઓલી, ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીસ, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ પીએમ નરેન્દ્ર મોદીને ફોન કરીને આ હુમલામાં માર્યા ગયેલા લોકો અને તેમના પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે.

### પાકિસ્તાનની બેવડી નીતિ

# બેશરમ કૃત્યમાં હર હંમેશ મોખરે રહેતા પાક. એ આતંકવાદીઓને સ્વાતંત્રતા સેનાનીઓ કહ્યા

**સમય મિરર । નવી દિલ્હી**

૨૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાએ ભારતને હચમચાવી નાખ્યું હતું, ત્યારે પાકિસ્તાને ફરી એકવાર બેશરમ કૃત્ય કર્યું છે. એક તરફ, પાકિસ્તાને ઔપચારિક રીતે આ હુમલાની નિંદા કરી, તો બીજી તરફ, તેના વિદેશ પ્રધાન અને નાયબ વડા પ્રધાન ઈશાક ડારે હુમલાખોરોને સ્વતંત્રતા સેનાનીઓ તરીકે સંબોધ્યા છે. આ હુમલા બાદ ભારતે પાકિસ્તાન સામે કડક કાર્યવાહી કરી છે. આમાંનો સૌથી મોટો નિર્ણય ૧૯૬૦ની સિંધુ જળ સંધિને સ્થગિત કરવાનો હતો.

ભારતે આતંકવાદ પર ઈસ્લામાબાદની અનિર્ણાયક નીતિના જવાબમાં લીધો હતો. આ સાથે, ભારતે પાકિસ્તાની નાગરિકોને આપવામાં આવેલા તમામ વિઝા રદ કર્યા અને અટારી સરહદ બંધ કરવાની પણ જાહેરાત કરી. પાકિસ્તાન સરકારે આ અંગે પ્રતિક્રિયા આપી છે. નાણા-મંત્રી ઈશાક ડારે કહ્યું, ૨૪ કરોડ પાકિસ્તાની નાગરિકોને પાણીની જરૂર છે. ભારત આ કરી શકતું નથી. આને સીધું યુદ્ધ ગણવામાં આવશે. પાકિસ્તાનની રાષ્ટ્રીય સુરક્ષા સમિતિ NSCએ પણ ભારતના નિર્ણયને યુદ્ધનું કૃત્ય ગણાવ્યું છે.

પહેલગામ હુમલાની જવાબદારી TRF દ્વારા લેવામાં આવી છે. જે પ્રતિબંધિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાનો મોરચો હોવાનું કહેવાય છે. આ એ જ સંગઠન છે જેને ઈજીનું સમર્થન છે. તેમ છતાં, પાકિસ્તાન આતંકવાદીઓને પોતાનાથી અલગ બતાવીને પોતાની જવાબદારીથી છટકી જવાનો પ્રયાસ કરે છે. આતંકવાદ સામેની લડાઈના નામે વિશ્વભરમાં સમર્થન મેળવવાનો પ્રયાસ કરી રહેલા પાકિસ્તાનનો ખુલાસો તેના નેતાના ''સ્વતંત્રતા સેનાનીઓ'' ના નિવેદનથી થયો છે.

પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા મોહમ્મદ આસિફે પણ ભારતને ધમકી આપી હતી. તેમણે કહ્યું, ''જો ભારત આપણા નાગરિકોને નુકસાન પહોંચાડે છે. તો ભારતીય નાગરિકો પણ સુરક્ષિત રહેશે નહીં. તે ટક્કર માટે ટક્કર હશે.'' આ નિવેદન ભારત દ્વારા લેવામાં આવેલા રાજદ્વા-રી અને રાજકીય નિર્ણયોના પ્રતિભાવમાં આવ્યું છે. જેમાં પાકિસ્તાની હાઇ કમિશનના અધિકારીઓને હાંકી કાઢવા, દૂતાવા-સના કર્મચારીઓની સંખ્યા ઘટાડવા અને અલગ દ્વિપક્ષીય વાતચીત મર્યાદિત કરવાનો સમાવેશ થાય છે.

# સમય મિરર

samaymirror@gmail.com

SAMAY MIRROR (MORNING DAILY)

RNI NO:-GUJGUJ/2022/84575

DATE : 26-4-2025 ■ SATURDAY


## મિશન પાકિસ્તાન

# સરહદે યુદ્ધ જેવી સ્થિતિ સૈન્ય હિલચાલમાં વધારો

■ અમેરિકા અને ઈઝરાયલના એરફોર્સ વિમાનોનું જયપુરમાં લેન્ડિંગ



## સીમા પર ભારત-પાક વચ્ચે સતત ગોળીબાર, સૈન્ય વડા દ્વિવેદી કાશ્મીર પહોંચ્યા

**સમય મિરર | નવી દિલ્હી**

પહેલગામ હુમલાના પગલે ભારત અને પાકિસ્તાન વચ્ચે સતત વધતા જતા તનાવમાં હવે ગમે તે સમયે ભારત કોઈ મોટુ લશ્કરી પગલુ લે તેવા સંકેત મળી રહ્યા છે તે વચ્ચે આજે જયપુરના વિમાની મથકે અમેરિકી હવાઈદળનું એક તોતીંગ વિમાન લેન્ડ થતા જ અને તે પુર્વે ઈઝરાયેલી હવાઈદળનું વિમાન પણ જયપુર પહોંચ્યુ છે તો બીજી તરફ ભારત યુધ્ધવિરામ ખતમ કરવાની તૈયારીમાં, પાક.ના સંરક્ષણ પ્રધાનની પૂર્ણ યુદ્ધની શેખી, અમેરિકાની પણ મદદ માગી ભારત-પાકિસ્તાન વચ્ચે યુધ્ધ રેખાઓ અંકાઈ ગઈ છે અને યુધ્ધની તૈયારીના માહોલ વચ્ચે એલઓસી ઉપર પાકિસ્તાની ચોકીઓ પરથી રાતભર ગોળીબાર કરવામાં આવ્યો હતો. જયારે ભારતીય સેનાએ પણ વળતો જવાબ આપ્યો હતો. આ રીતે અચાનક જ સૈન્ય હિલચાલ વધી ગઈ છે. અમેરિકી વાયુસેનાનું આ વિમાન સી-૧૭ ગ્લોબમાસ્ટર હોવાનું જાહેર થયું છે અને તે ટ્રાન્સપોર્ટ વિમાન છે. આ વિમાને ગઈકાલે સાંજે ૬.૩૦ કલાકે જયપુર વિમાની મથકે લેન્ડીંગ કર્યુ હતું અને તે પુર્વે ઈઝરાયેલનું પણ એક ટ્રાન્સપોર્ટ વિમાન જયપુર પહોંચ્યુ હતું.

જો કે આ અંગે કોઈ સતાવાર જાહેરાત કરવામાં આવી નથી. પરંતુ જે રીતે પહેલગામ હુમલા પછી ભારત માટે લશ્કરી કાર્યવાહી કરવી મહત્વની બની ગઈ છે તેથી અમેરિકા અને ઈઝરાયેલના વિમાનોના આગમનને અત્યંત મહત્વપૂર્ણ રીતે જોવાઈ રહ્યું છે.

બીજી તરફ પહેલગામ આતંકવાદી હુમલા બાદ, ભારતે પાકિસ્તાન સામે કેટલાક કડક પગલાં લીધાં છે જે તેના માટે જવાબદાર છે. હવે ભારત સરકાર પાકિસ્તાની સેનાને જોરદાર ફટકો આપવાનું વિચારી રહી છે. ભારત આગામી દિવસોમાં યુદ્ધવિરામ સમાપ્ત કરવાની જાહેરાત કરી શકે છે. સરહદ પર યુદ્ધવિરામ ઘણા સમયથી અમલમાં છે. તેનો અંત લાવવાનો અર્થ એ થશે કે પાકિસ્તાનની સેનાને હવે ભારે કિંમત ચૂકવવી પડશે.

પાકિસ્તાન નિયંત્રણ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર પોતાની પ્રતિબદ્ધતાઓ પૂર્ણ કરવામાં અસમર્થ રહ્યું છે. ભારત આ કડક વલણ અપનાવી રહ્યું છે કારણ કે પાકિસ્તાન વારંવાર પ્રતિબદ્ધતાઓ છતાં સરહદ પારના આતંકવાદને રોકવામાં નિષ્ફળ રહ્યું છે. લશ્કરી નિષ્ણાતોએ એમ પણ કહ્યું છે કે પાકિસ્તાન યુદ્ધવિરામનો ખોટો લાભ લઈ રહ્યું છે. યુદ્ધવિરામની આડમાં, પાકિસ્તાન આતંકવાદી છાવણીઓને સરહદ પર મૂળિયાં જમાવવાની તક આપી રહ્યું છે. પાક. સંરક્ષણ મંત્રીએ ડોનાલ્ડ ટ્રમ્પને અપીલ કરતાં કહ્યું કે તમે વિશ્વની સત્તાઓનું નેતૃત્વ કરો છો. અમારી માગ છે કે તમે ભારત અને પાકિસ્તાનના વિવાદમાં દખલ કરો. અમને આશા છે કે આ વિવાદનો ઉકેલ સંવાદના માધ્યમથી આવી જશે.

## પાકિસ્તાની મેચોના પ્રસારણ ઉપર સરકારે ત્વરિત પ્રતિબંધ ફરમાવ્યો

સરકારે પાકિસ્તાન સામે પહેલાથી જ કેટલાક કડક પગલા લીધા છે. હવે પાકિસ્તાન ક્રિકેટ પર પણ કાર્યવાહી કરવામાં આવી છે. ભારતમાં પાકિસ્તાનની ટી૨૦ લીગ પાકિસ્તાન સુપર લીગનું પ્રસારણ કરતી કંપનીએ તાત્કાલિક અસરથી તેના પર પ્રતિબંધ મૂક્યો છે. ફરી એકવાર ભારત અને પાકિસ્તાન વચ્ચેની ક્રિકેટ મેચોને હંમેશા માટે રદ કરવાની માંગ ઉઠી છે. આ મામલે બધાની નજર ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ પર ટકેલી છે. પરંતુ તે પહેલાં, ઓનલાઈન સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ ફેનકોડે તાત્કાલિક અસરથી પાકિસ્તાન સુપર લીગના પ્રસારણ પર પ્રતિબંધ મૂક્યો છે.

PCB Pakistan Cricket Board

## ભારત હવે પાકિસ્તાનને નવું ટેન્શન આપવાની તૈયારીમાં : પાક.ની સતત વોચ

### પાકિસ્તાન સાથે હાઈડ્રોલોજીકલ ડેટા શેર ન કરવાની વિચારણા પર



ચિનાબ-જેલમ-સિંધુ ધરી પર કિરુથી ક્વાર સુધીના હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સ પર કામ ઝડપી થવાની તૈયારીમાં છે. એવો અંદાજ છે કે જો આ પ્રોજેક્ટ્સ વેગ પકડે તો હિમાલયના ક્ષેત્રને લગભગ ૧૦ હજાર મેગાવોટનો ફાયદો થઈ શકે છે. ખાસ વાત એ છે કે IWT હેઠળ પાકિસ્તાન દ્વારા વાંધો ઉઠાવ્યા બાદ ઘણા પ્રોજેક્ટ્સ પર કામ અટકી જાય છે. હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સને ઝડપી બનાવવા અને મીટિંગ્સમાં હાજરી ન આપવા ઉપરાંત, ભારત હવે પાકિસ્તાન સાથે હાઈડ્રોલોજિકલ ડેટા શેર ન કરવા અંગે વિચારણા કરી રહ્યું છે. આમાં પૂરના ડેટાનો પણ સમાવેશ થાય છે. રિપોર્ટ અનુસાર, ભારત આ સંબંધમાં તમામ કાયદાકીય પાસાઓની તપાસ કરી રહ્યું છે. રિપોર્ટ અનુસાર, ભારતે પાકિસ્તાન સાથે નદી સંબંધિત ડેટા શેર ન કરવાનો પણ વિચાર કર્યો છે. વાસ્તવમાં, IWT હેઠળ, દર મહિને અને ઓછામાં ઓછા ૩ મહિનામાં એકવાર ડેટા શેર કરવો જરૂરી છે.



# સિકિકમમાં મેઘતાંડવ :પહાડો ધસી પડ્યા, 1000 પ્રવાસીઓ અટવાયા

### ગંગટોક આસપાસ 200 વાહનો ભૂસ્ખલનમાં ફસાતાં પ્રવાસીઓને ગુરુદ્વારામાં આશરો અપાયો

**સમય મિરર | સિકિકમ**

હાલમાં દેશભરમાં બે પ્રકારના હવામાન જોવા મળી રહ્યા છે. મોટાભાગના રાજ્યોમાં ભીષણ ગરમી પડી રહી છે, ત્યારે ઉત્તરપૂર્વીય રાજ્યોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. સિક્કિમમાં સતત વરસાદને કારણે ભૂસ્ખલન થયું. આના કારણે, લગભગ ૧,૦૦૦ પ્રવાસીઓ ફસાઈ ગયા છે.

રાજધાની ગંગટોકથી લગભગ ૧૦૦ કિમી દૂર લાચેનચુંગથાંગ રોડ પર મુનશીથાંગ અને લેમા/બોબ ખાતે પ્રવાસીઓના લગભગ ૨૦૦ વાહનો ફસાયેલા છે. તેમાં મુસાફરી કરતા પ્રવાસીઓ ગુરુદ્વારામાં રોકાયા છે. લાચુંગ અને લાચેન તરફ જતા રસ્તાઓ ખરાબ રીતે પ્રભાવિત થયા છે, જેના કારણે પ્રવાસીઓની અવરજવર મુશ્કેલ બની ગઈ છે.

લાચુંગ અને લાચેન એ ગુરુડોંગમાર તળાવ અને યુમથાંગ ખીણ સહિત તેમના કુદરતી સૌંદર્ય માટે જાણીતા હિલ સ્ટેશન છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે સતત વરસાદને કારણે પરિસ્થિતિ વધુ વણસી છે. આગામી સૂચના સુધી સિક્કિમમાં પ્રવાસીઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેમની ટ્રાવેલ પરમિટ પણ રદ કરવામાં આવી છે. આ ઉપરાંત હવામાન વિભાગે અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય સહિત તમામ ઉત્તર-પૂર્વ રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. ઉપરાંત, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં હળવો વરસાદ થવાની સંભાવના છે.

# અવળચંડાઈ : ફિરોઝપુર સરહદેથી ઝડપેલા BSF જવાનને છોડવાનો પાકિસ્તાને કર્યો ઈન્કાર

### સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પાકિસ્તાની મીડિયાએ ઘટનાને ભારતની નિષ્ફળતા તરીકે રજૂ કર્યું

**સમય મિરર | નવી દિલ્હી**



ભારત-પાકિસ્તાનની ફિરોઝપુર સરહદ પર બુધવારે બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ)ના કોન્સ્ટેબલ પીકે સિંહને પાકિસ્તાની રેન્જર્સે કબજે કર્યા બાદ પાકિસ્તાને તેમને ભારતને સોંપવાનો ઈનકાર કર્યો છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બીએસએફની ૧૮૨મી બટાલિયનના કોન્સ્ટેબલ પીકે સિંહ સરહદ નજીક ખેડૂતોની સાથે ફરજ બજાવી રહ્યા હતા. બપોરના સમયે તેઓ છાંયડામાં આરામ કરવા ગયા દરમિયાન અજાણતાં પાકિસ્તાની સરહદમાં પ્રવેશી ગયા, જ્યાં પાકિસ્તાની રેન્જર્સે તેમને પકડી લીધેલ.

તેઓ યુનિફોર્મમાં હતા અને તેમની સર્વિસ રાઈફલ પણ તેમની સાથે હતી.ભારતીય અધિકારીઓએ જવાનની સુરક્ષિત પાછી આવવા માટે ફ્લેગ મીટિંગનું આયોજન કર્યું હતું, પરંતુ પાકિસ્તાની રેન્જર્સે આ મીટિંગમાં ભાગ લેવાનો ઈનકાર કર્યો. આવી ઘટનાઓ અગાઉ પણ બની છે અને સામાન્ય રીતે બંને દેશોની સરહદી દળો વચ્ચેની ચર્ચાથી ઉકેલાઈ જાય છે.

જોકે, આ વખતે પાકિસ્તાનનું વલણ ચિંતાજનક રહ્યું છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પરના કેટલાક પોસ્ટ્સ અનુસાર, પાકિસ્તાની મીડિયા આ ઘટનાને ભારતની નિષ્ફળતા તરીકે રજૂ કરી રહ્યું છે અને તેને ૨૦૧૯ની અભિનંદન વર્ધમાનની ઘટના સાથે સરખાવી રહ્યું છે.

એક પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે પાકિસ્તાની રેન્જર્સે પીકે સિંહ પાસેથી મહત્વની વસ્તુઓ જપ્ત કરી છે, જોકે આ દાવાની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. આવા અહેવાલોને પાકિસ્તાનના પ્રચારનો ભાગ માનવામાં આવે છે.

## ટ્રેક વોરનો તણાવ ઘટવાના સંકેતોથી કિંમતી ધાતુ નરમ પડી, એમસીએક્સમાં પણ સોના-ચાંદી તૂટ્યા


**સમય મિરર | રાજકોટ**

અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડવોરનો તણાવ ઘટવાના સંકેતો વચ્ચે કિંમતી ધાતુ નરમ પડી છે. સોનાના ભાવ સળંગ ત્રીજા દિવસે તેની ઓલટાઈમ હાઈ સપાટીએથી ઘટ્યા છે. અમદાવાદમાં સોનાનો ભાવ છેલ્લા ત્રણ દિવસમાં રૂ. ૨૯૦૦ પ્રતિ ૧૦ ગ્રામ ઘટ્યો છે. એમસીએક્સ ખાતે પણ આજે સોના-ચાંદી તૂટ્યા છે.

અમદાવાદ ચોકસી મહાજનના જણાવ્યા અનુસાર, અમદાવાદમાં સોનું આજે રૂ. ૯૮૬૦૦ પ્રતિ ૧૦ ગ્રામ થયુ હતું. જે ૨૨ એપ્રિલે રૂ. ૧૦૧૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામની ઐતિહાસિક ટોચેથી રૂ. ૨૯૦૦ સસ્તુ થયુ છે. જ્યારે ગઈકાલની તુલનાએ સોનામાં રૂ. ૧૦૦નો નજીવો ઘટાડો જોવા મળ્યો છે. બીજી તરફ ચાંદીના ભાવ સળંગ બીજા દિવસે રૂ. ૯૮૦૦૦ પ્રતિ કિગ્રાની સપાટીએ સ્થિર રહ્યા છે.

# સોનાના ભાવે પકડેલી સ્પીડમાં બ્રેક લાગી ઓલ ટાઇમ હાઇથી 2900 રૂપિયા સસ્તુ થયુ

એમસીએક્સ સોનું (૫ જૂન વાયદો) આજે રૂ. ૮૨૩ના ઘટાડા સાથે ૯૫૦૮૯ પ્રતિ ૧૦ ગ્રામ પર ક્વોટ થઈ રહ્યો હતો. ચાંદી (૫ મે વાયદો) રૂ. ૩૩૧ તૂટી ૯૭૧૮૦ પ્રતિ કિગ્રા પર ટ્રેડ થઈ રહી હતી. આ



સિવાય અન્ય કિંમતી ધાતુ પણ રેડઝોનમાં રહી હતી.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, ટ્રેડવોર મુદ્દે ચીન સાથે વાર્તાલાપ ચાલી રહ્યો છે. ટેરિફમાં ઘટાડો થવાની શક્યતા છે. પરંતુ બીજી તરફ ચીને વેપાર તણાવ ઘટાડવા મુદ્દે અમેરિકા સાથે કોઈ વાત કરી હોવાનો ઈનકાર કર્યો છે. વિશ્વના અન્ય દેશો સાથે પણ ટેરિફ મુદ્દે મંત્રણાઓ થઈ રહી હોવાના અહેવાલોના પગલે રાહત મળી છે. ડોલર ઈન્ડેક્સ પણ છેલ્લા બે સપ્તાહમાં કડડભૂસ થયા બાદ સુધારાના મોડ પર છે. આજે ડોલર ઈન્ડેક્સ મજબૂત બન્યો હતો. રૂપિયો ડોલર સામે આજે ૧૦ પૈસા તૂટી ૮૫.૪૫ થયો હતો. વૈશ્વિક સ્તરે સકારાત્મક પરિબળોના પગલે સોના-ચાંદીની ચમક ઝાંખી પડી છે.

**તંત્રીલેખ**



# ભારત સાથે સંભવિત યુદ્ધ બાદ પાકિસ્તાનમાં પાણી માટે ગૃહયુદ્ધ થશે

ભારત પાકિસ્તાન યુદ્ધની કગાર પર બેઠા છે અત્યાર સુધી કશ્મીર મુદ્દે ભારત સાથે ઊંબાડિયા કરનારા પાકિસ્તાનને હવે પહેલગામનો હુમલો ભારે પડવાનો છે સમજો ને કે પાકિસ્તાનના વધુ ટુકડા થઈ જવાના છે ધરતી પરના સ્વર્ગને હડપ કરવાની મેલી મુરાદ તો બર ના આવી અને ક્યારેય નહીં આવે પણ પહેલગામ હુમલાના પરિણામ સ્વરૂપ પાકિસ્તાનની હાલત નર્કથી પણ વધુ બદતર થવાની છે વિશ્વના મોટાભાગના દેશો ઉપરાંત મુસ્લિમ દેશો અને હવે તો પેલેસ્ટાઈનને પણ પણ આ આતંકી હુમલાની નિંદા કરીને ભારતની પડખે ઊભા રહેવાની ઘોષણા કરતા પાકિસ્તાનને વૈશ્વિક કક્ષાએ મોટો ઝટકો લાગ્યો છે,સપ્ટેમ્બર ૧૯૬૦માં કરાચીમાં તત્કાલીન ભારતીય વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ અને પાકિસ્તાની લશ્કરી જનરલ અયુબ ખાન વચ્ચે સિંધુ જળ સંધિ પર હસ્તાક્ષર થયા હતા. ૬૨ વર્ષ પહેલાં થયેલા સિંધુ જળ સંધિ હેઠળ, ભારતને સિંધુ અને તેની સહાયક નદીઓમાંથી ૧૯.૫ ટકા પાણી મળે છે. પાકિસ્તાનને લગભગ ૮૦ ટકા પાણી મળે છે. ભારત તેના હિસ્સાના માત્ર ૯૦ ટકા પાણીનો ઉપયોગ કરે છે. આ કરાર ભારત અને પાકિસ્તાન વચ્ચે વર્ષ ૧૯૬૦માં થયો હતો જેમાં સિંધુ ખીણને ૬ નદીઓમાં વિભાજીત કરવામાં આવી હતી. આ કરાર હેઠળ બંને દેશો વચ્ચે દર વર્ષે સિંધુ જળ આયોગની બેઠક યોજવી ફરજિયાત છે.

સિંધુ જળ સંધિ અંગે છેલ્લી બેઠક ૩૦-૩૧ મે ૨૦૨૨ના રોજ નવી દિલ્હીમાં યોજાઈ હતી. પૂર્વીય નદીઓ પર ભારતનો અધિકાર છે. જ્યારે પશ્ચિમી નદીઓ પાકિસ્તાનને આપવામાં આવી હતી. આ કરાર વિશ્વ બેંક દ્વારા મધ્યસ્થી કરવામાં આવ્યો હતો. ભારતને ત્રણ પૂર્વીય નદીઓ સતલજ, બિયાસ અને રાવીમાંથી ફાળવવામાં આવતા કુલ ૧૬૮ મિલિયન એકર ફૂટ પાણીમાંથી ૩૩ મિલિયન એકર ફૂટ વાર્ષિક પાણી ફાળવવામાં આવ્યું છે.

પાકિસ્તાનની ૮૦ ટકા ખેતીલાયક જમીન (૧૬ મિલિયન હેક્ટર) સિંધુ નદી પ્રણાલીના પાણી પર આધાર રાખે છે. આ પાણીનો ૯૩ ટકા ઉપયોગ સિંચાઈ માટે થાય છે, જેના વિના ખેતી અશક્ય છે. તે ૨૩૭ મિલિયનથી વધુ લોકોને ખોરાક પૂરો પાડે છે. આમાં પાકિસ્તાનના સિંધુ બેસિનની ૬૧ ટકા વસ્તીનો સમાવેશ થાય છે. કરાચી, લાહોર અને મુલતાન જેવા પાકિસ્તાનના મુખ્ય શહેરો સિંધુ અને તેની સહાયક નદીઓ પર આધાર રાખે છે. પાકિસ્તાનના તારબેલા અને મંગલા જેવા પાવર પ્રોજેક્ટ્સ આ નદી પર આધારિત છે. સિંધુ જળ સંધિને સ્થગિત કરવાથી પાકિસ્તાનમાં ખાદ્ય ઉત્પાદનમાં ઘટાડો થઈ શકે છે, જેનાથી લાખો લોકોની ખાદ્ય સુરક્ષા જોખમાઈ શકે છે. પાકિસ્તાનના શહેરી પાણી પુરવઠો બંધ થઈ જશે, જેના કારણે ત્યાં અશાંતિ ફેલાઈ જશે. વીજ ઉત્પાદન બંધ થઈ જશે, જેના કારણે ઉદ્યોગો અને શહેરી વિસ્તારો અંધારામાં રહેશે.કાશ્મીરના પહેલગામમાં આતંકવાદી હુમલા દરમિયાન ૨૬ લોકોના મોત બાદ ભારત સરકારે ઘણા કડક નિર્ણયો લીધા છે. બુધવારે યોજાયેલી કેબિનેટ કમિટી ઓન સિક્યુરિટી (ઈઈજ) ની બેઠકમાં ૧૯૬૦ની સિંધુ જળ સંધિને તાત્કાલિક અસરથી સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પાકિસ્તાનની જીવાદોરી કહેવાતી સિંધુ અને તેની સહાયક નદીઓના પાણી પર ભારત નિયંત્રણ મેળવતાંની સાથે જ ત્યાંના લોકો પાણી માટે તરસી જશે. સિંધુ અને તેની ઉપનદીઓ ચાર દેશોમાંથી વહે છે. એટલું જ નહીં ૨૧ કરોડથી વધુ વસ્તીની પાણીની જરૂરિયાતોની પરિપૂર્ણતા આ નદીઓ પર આધારિત છે.

૧૯૪૭માં આઝાદી પછી પાણીનો વિવાદ શરૂ થયો હતો. ૧૯૪૮માં ભારતે પાણી પુરવઠો બંધ કરી દીધો હતો જેના કારણે પાકિસ્તાનમાં સમસ્યાઓ ઊભી થઈ હતી. ત્યારબાદ કરાર સાથે પાણી પુરવઠો શરૂ થયો. વર્ષોની વાટાઘાટો પછી ૧૯ સપ્ટેમ્બર ૧૯૬૦ ના રોજ ભારત અને પાકિસ્તાન વચ્ચે પાણી અંગે એક કરાર થયો. તેને ૧૯૬૦ની સિંધુ જળ સંધિ કહેવામાં આવે છે. આ સંધિ પર ભારતના તત્કાલીન વડા પ્રધાન જવાહરલાલ નેહરુ અને પાકિસ્તાનના તત્કાલીન રાષ્ટ્રપતિ અયુબ ખાને રાવલપિંડીમાં હસ્તાક્ષર કર્યા હતા.સંધિની શરતો ૧૨ જાન્યુઆરી ૧૯૬૧થી લાગુ કરવામાં આવી હતી. આ રીતે બંને દેશો વચ્ચેનો એક મોટો વિવાદ ઉકેલાઈ ગયો. આ સંધિ હેઠળ ભારતથી પાકિસ્તાન તરફ વહેતી ૬ નદીઓના પાણીનું વિતરણ નક્કી કરવામાં આવ્યું હતું. ભારતને ૩ પૂર્વીય નદીઓ (રાવી, બિયાસ અને સતલજ) ના પાણી પર સંપૂર્ણ અધિકાર આપવામાં આવ્યો હતો. બાકીની ૩ પશ્ચિમી નદીઓ (જેલમ, ચિનાબ, સિંધુ) ના પાણીનો પ્રવાહ કોઈપણ અવરોધ વિના પાકિસ્તાનને આપવાનો હતો. પશ્ચિમી નદીઓના પાણીનો ઉપયોગ ભારતમાં થઈ શકે છે. ભારત દ્વારા ઉપયોગ કર્યા પછી બચેલું પાણી પાકિસ્તાનમાં જાય છે. જ્યારે સિંધુ, ઝેલમ અને ચિનાબ જેવી પશ્ચિમી નદીઓનું વાર્ષિક લગભગ ૧૩૫ મિલિયન એકર ફૂટ પાણી પાકિસ્તાનને ફાળવવામાં આવ્યું છે. સિંધુ જળ પ્રણાલીમાં મુખ્ય નદી તેમજ પાંચ ઉપનદીઓનો સમાવેશ થાય છે. આ નદીઓ રાવી, બિયાસ, સતલજ, ઝેલમ અને ચિનાબ છે. આ નદીઓ સિંધુ નદીની ડાબી બાજુ વહે છે. રાવી, બિયાસ અને સતલજને પૂર્વીય નદીઓ કહેવામાં આવે છે જ્યારે ચિનાબ, ઝેલમ અને સિંધુને પશ્ચિમી નદીઓ કહેવામાં આવે છે. આ નદીઓનું પાણી ભારત અને પાકિસ્તાન બંને માટે મહત્વપૂર્ણ છે. આવી સ્થિતિમાં આ કરાર મુલતવી રાખવો પાકિસ્તાન માટે મોંઘો સાબિત થશે.

ઘણા નિષ્ણાતોએ સિંધુ જળ સંધિને ઐતિહાસિક ભૂલ ગણાવી હતી. તેઓ કહેતા આવ્યા છે કે, ભારતે આ ભૂલ સુધારવી જોઈએ અને કરારમાં જરૂરી સુધારા કરવા જોઈએ અને સિંધુ અને તેની સહાયક નદીઓના પાણીને યોગ્ય માત્રામાં ફાળવવું જોઈએ. પાકિસ્તાન ભારત પર સમયાંતરે આતંકવાદી હુમલાઓ કરતું રહે છે. આવી સ્થિતિમાં લોહી અને પાણી એકસાથે વહી શકતા નથી. બંને દેશો વચ્ચેના સંબંધોને પ્રોત્સાહન આપવાની આશા સાથે નેહરુએ આ કરાર કર્યો હતો. પરંતુ પાકિસ્તાને દર વખતે આ આશા પર પાણી ફેરવી દીધું છે. આવી સ્થિતિમાં ભારત સરકારનો સિંધુ જળ સંધિ સ્થગિત કરવાનો નિર્ણય પાકિસ્તાન માટે એક ગંભીર અને ઊંડો ફટકો સાબિત થવાનો છે.હિન્દુ જલ સંધિ તોડી નાખવી એક કહેવા કેટલી સહેલી વાત નથી વિતરણની મુખ્ય ચાવી ભારતના કક્ષમાં છે એ ખરું પણ ૮૦ ટકા જેટલા પ્રવાહનો જથ્થો રોકી તેને ભારત તરફ વાળીને એ પાણી સંગ્રહ કરવાની ક્ષમતા તો વધારે ભારત પાસે પણ નથી જળ સમજૂતી તોડવાનો અર્થ એ છે કે ક્યારે પાકિસ્તાનને જરૂરિયાત ન હોય ત્યારે જળનો વધુ જતો છોડવામાં આવે અને ખેતી માટે જ્યારે જરૂર હોય એ સમયે જળનો જથ્થો અનિયમિત કરી દેવામાં આવે ત્યાં ચાલતા પાવર પ્લાન્ટને જરૂરી જથ્થો વારંવાર અવરોધવામાં અને એ પ્રકારના વિવિધ પગલાં ભરવાથી સિંધુ જળ પર મુસ્તાક પાકિસ્તાનની કમર તુટી જશે એમાં બે મત નથી

# અફાટ અને સતત વિસ્તરતા જતા બ્રહ્માંડમાં આપણે એકલા નથી એ સાબિત કરવાની મથામણમાં કેટલી સફળતા મળી છે

## યુરેનસ અને તેના પાંચ ચંદ્ર ને અત્યાર સુધી વેરાન માનવામાં આવતા હતા પણ હવે એ સંશોધન ખોટું સાબિત થવા જઈ રહ્યું છે

સતત વિસ્તરતા જતા અફાટ બ્રહ્માંડમાં શું આપશે એકલા જ છીએ કે અન્ય કોઈ ગ્રુપમાં પણ જીવન પાંગરેલું છે તે અંગે સંશોધન કરવા વિશ્વભરમા હજારો વૈજ્ઞાનિકોની અનેક ટીમો વર્ષોથી કામ કરી રહી છે બ્રહ્માંડના અમુક-અમુક વિસ્તારમાં આવેલા ફલાણા ઢીંગણા ગ્રહમાં જીવન પાંગરેલું છે તેના વૈજ્ઞાનિક ડેટા વારંવાર સામાન્ય મેગેઝીનોમાં પ્રકાશિત થતા રહે છે આવા સંશોધનો બહાર આવે ત્યારે સામાન્ય ધ્યાનમાં ઘણો રોમાન્સ પેદા થાય છે પણ બાદમાં આ અંગેના નકર પુરાવાઓ ક્યારે સામે આવતા નથી ૨૦-૩૦ કે ૫૦-૧૦૦ પ્રકાશવર્ષ દૂર અમુક અમુક ગ્રહમાં જીવનના સંકેત મળ્યા છે એવા સંશોધનોથી લોકોમાં ભારે ઉત્સુકતા ફેલાય છે પણ એવા ગ્રહો સુધી પૃથ્વી પરના માનવીને સદેહુ જોવા માટે જો પ્રકાશની ઝડપે પણ જોઈએ તો સેંકડો વર્ષોનો સમય લાગે! અમુક ગાણિતિક સૂત્રો વડે એ સાબિત કરવું કે અમુક અમુક ગ્રહોમાં જીવન છે એ માત્ર ને માત્ર વૈજ્ઞાનિકોની સમજમાં જ આવે સામાન્યજનો ને નહીં



યુરેનસ આપણા સૌરમંડળના બહારના વિસ્તારમાંની એક સુંદર, બર્ફીલા વલયોવાળી દુનિયા છે. એ સૌથી વધુ ઠંડા ગ્રહો પૈકીનો એક ગ્રહ છે. અન્યોની સરખામણીએ તે, જાણે કે તેને નીચો પાડી દેવાયો હોય તેમ, પોતાની તરફ ઝુકેલો છે અને આ બાબત તેને સૌથી અજબ બનાવે છે.

૧૯૮૬માં વોયેજર-૨ તેની પાસેથી પસાર થયું અને તેણે પાંચ પ્રમુખ ચંદ્રના સનસનાટીભર્યા ફોટોગ્રાફ્સ મોકલ્યા ત્યારે આપણને તેને નજીકથી જોવાની તક પહેલીવાર મળી હતી.

જોકે, વોયેજર-૨એ તેનો ડેટા મોકલ્યો તેનાથી વિજ્ઞાનીઓને અગાઉ કરતાં વધારે આશ્ચર્ય થયું હતું. એ ડેટામાંથી જાણવા મળ્યું હતું કે યુરેનિયન સિસ્ટમ વિશે તેમણે જેટલું વિચાર્યું હતું તેના કરતાં એ વધારે અજબ હતી.

**પ્રસંગ રંગ**
**- પી.એન.જાડેજા**

યુરેનસ ગ્રહ અને તેના પાંચ સૌથી મોટા ચંદ્ર કદાચ એ મૃત વેરાન ગ્રહ નહીં હોય, જેના વિશે વિજ્ઞાનીઓ લાંબા સમયથી વિચારતા હતા. હવે વિજ્ઞાનીઓનું કહેવું છે કે તેમાં મહાસાગરો હોઈ શકે છે અને આ ચંદ્રો જીવનને આધાર આપવા માટે સક્ષમ હોઈ શકે છે.

આપણે તેના વિશે જે કંઈ જાણીએ છીએ એ બધી માહિતી નાસાના વોયેજર-૨ અવકાશ યાન દ્વારા એકત્ર કરવામાં આવી હતી. એ અવકાશ યાન લગભગ ૪૦ વર્ષ પહેલાં ત્યાં ગયું હતું.

એક નવા વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે વોયેજરની યાત્રા એક શક્તિશાળી સૌર તોફાન સાથે થઈ હતી, જેને કારણે યુરેનિયન પ્રણાલી વાસ્તવમાં કેવી છે એ વિશેનો ભ્રામક વિચાર આઈડિયા પ્રસર્યો હતો.

નવા સંશોધન મુજબ તેના ચંદ્રમાં કદાચ પેટા-સપાટી મહાસાગર છે અને ત્યાં જીવન હોઈ શકે છે

અવકાશ યાનના ઉપકરણોએ લીધેલા માપથી જાણવા મળ્યું હતું કે બહારના સૌરમંડળમાંના બીજા ચંદ્રોથી વિપરીત, આ ગ્રહ અને ચંદ્ર નિષ્ક્રિય હતા. એવું પણ જાણવા મળ્યું હતું કે યુરેનસનું સુરક્ષાત્મક ચુંબકીય ક્ષેત્ર વિચિત્ર રીતે વિકૃત હતું. તે કચડાયેલું હતું અને સૂર્યથી દૂર ધકેલાયેલું હતું.

કોઈ ગ્રહનું ચુંબકીય ક્ષેત્ર ગ્રહ અને તેના ચંદ્રોમાંથી નીકળતા કોઈ પણ ગેસ તેમજ અન્ય સામગ્રીઓને ફસાવી રાખે છે. તે મહાસાગરો કે ભૂગર્ભીય ગતિવિધિને કારણે હોઈ શકે છે. વોયેજર-૨ને એવું કશું મળ્યું ન હતું, જેનાથી એવી ખબર પડે કે યુરેનસ અને તેના પાંચ સૌથી મોટા ચંદ્ર વેરાન અને નિષ્ક્રિય હતા.

આ એક મોટું આશ્ચર્ય હતું, કારણ કે તે સૌરમંડળના બીજા ગ્રહો અને તેના ચંદ્રોથી અલગ હતું.

અલબત, નવા વિશ્લેષણે દાયકાઓ જૂના રહસ્યનો પર્દાફાશ કર્યો છે. એ દર્શાવે છે કે એક ખરાબ દિવસે વોયેજર-૨ તેની પાસેથી પસાર થયું હતું.

નવી શોધમાં જાણવા મળ્યું છે કે જે સમયે યુરેનસ-૨ યુરેનસ પાસેથી પસાર થયું ત્યારે સૂર્ય ઉગ્ર થઈ રહ્યો હતો. તેના કારણે શક્તિશાળી સૌર હવા પેદા થતી હતી અને કદાચ તેણે બધી સામગ્રી ઉડાવી દીધી હતી તેમજ ચુંબકીય ક્ષેત્રને અસ્થાયી રીતે વિકૃત કરી નાખ્યું હતું.

એ કારણે યુરેનસ અને તેના પાંચ સૌથી મોટા ચંદ્રો વિશે ૪૦ વર્ષથી આપણે ખોટો દષ્ટિકોણ જાળવી રાખ્યો હોવાનું યુનિવર્સિટી કોલેજ લંડનના ડો. વિલિયમ ડને જણાવ્યું હતું.તેમણે કહ્યું હતું, પરિણામ દર્શાવે છે કે યુરેનિયન સિસ્ટમ અગાઉની તુલનામાં ઘણી વધારે રોમાંચક હોઈ શકે છે. ત્યાં એવા ચંદ્ર હોઈ શકે છે, જેમાં જીવન માટે જરૂરી પરિસ્થિતિ હોય. તેની સપાટી નીચે સમુદ્ર હોઈ શકે છે, જે માછલીથી છલોછલ હોઈ શકે છે. ૧૯૭૭માં જ્યુપીટર, સેટર્ન, યુરેનસ અને નેપ્ચ્યુન ગ્રહોના સંશોધન માટે વોયેજર-૨ લોન્ચ કરવામાં આવ્યું હતું

યુરેનસના ડેટા આવ્યા ત્યારે લિન્ડા સ્પિલકર વોયેજર પ્રોગ્રામમાં કામ કરતા એક યુવા વિજ્ઞાની હતાં. તેઓ અત્યારે પણ વોયેજર મિશનો માટે પ્રોજેક્ટ સાયન્ટિસ્ટ તરીકે કામ કરી રહ્યાં છે. તેમણે જણાવ્યું હતું કે નવાં પરિણામો વિશે જાણીને તેઓ બહુ રાજી થયાં છે. આ પરિણામ જર્નલ નેચર ઍસ્ટ્રોનોમીમાં પ્રકાશિત કરવામાં આવ્યું છે.

પરિણામ આકર્ષક છે અને યુરેનિયન સિસ્ટમમાં જીવનની સંભાવના હોવાની વાતથી હું બહુ ઉત્સાહી છું. હું એ વાતથી પણ ખુશ છું કે વોયેજરે આપેલા ડેટા વડે આટલું બધું કરવામાં આવી રહ્યું છે. અમે ૧૯૮૬માં એકત્ર કરેલા ડેટાને વિજ્ઞાનીઓ જોઈ રહ્યા છે અને નવી શોધ કરી રહ્યા છે એ પણ આશ્ચર્યજનક છે. ડબ્લિન ઇન્સ્ટિટ્યૂટ ઑફ એડવાન્સ્ડ સ્ટડીઝનાં ડો. અફેલિયા વિબિસોનોએ પણ પરિણામોને બહું રોમાંચક ગણાવ્યાં હતાં. તેમણે કહ્યું હતું, તે દર્શાવે છે કે જૂના ડેટાનો અભ્યાસ કેટલો મહત્ત્વપૂર્ણ છે, કારણ કે ક્યારેક તેની પાછળ કશુંક નવું છુપાયેલું હોય છે, જે આપણને આગામી પેઢીના અંતરિક્ષ ઍક્સપ્લોરેશન મિશનોને ડિઝાઇન કરવામાં મદદરૂપ થઈ શકે છે.

કેમ્બ્રિજના વૈજ્ઞાનિકોની ટીમ ઊંર-૧૮ઇ ગ્રહના વાતાવરણનો અભ્યાસ કરી રહી હતી. આ ટીમે કેટલાક અણુઓ શોધી કાઢ્યા છે જે પૃથ્વી પર જોવા મળે છે અને જે માત્ર સાધારણ સૂક્ષ્મ જીવોથી જ ઉત્પન્ન થાય છે.

આ બીજી વારની ઘટના છે કે જ્યારે જીવન સાથે જોડાયેલું કોઈ રસાયણ કોઈ ગ્રહના વાતાવરણમાંથી મળી આવ્યું હોય.

આ વખતે કોઈ ગ્રહ પર રહી શકવાની સંભાવનાને વધુ વેગ મળ્યો છે. આ અણુઓ નાસાની જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપ દ્વારા શોધવામાં આવ્યા છે.

જોકે ટીમે એ વાત પર ખાસ ભાર મુક્યો છે કે આ નિષ્કર્ષની પુષ્ટિ માટે હજુ વધારે પ્રમાણભૂત ડેટાની જરૂર છે.આ રિસર્ચનું નેતૃત્વ કરી રહેલા પ્રોફેસર નિક્કૂ મધુસૂદને કેમ્બ્રિજ યુનિવર્સિટીના ઇન્સ્ટિટયૂટ ઑફ ઍસ્ટ્રોનોમીની લેબમાં વાતચીત કરી હતી. પ્રોફેસર મધુસૂદને આશા વ્યક્ત કરી હતી કે જલ્દી જ એવા મજબૂત પુરાવા મળશે કે જેને કારણે આ અંગે આખરી નિષ્કર્ષ મેળવી શકાય. એમણે કહ્યું, 'ત્યાં જીવન હોવાના અત્યાર સુધીના સૌથી મજબૂત પુરાવા છે. હું માનું છું કે અમે એક કે બે વર્ષની અંદર જીવન હોવાની શક્યતા અંગે વધુ સારી રીતે પુષ્ટી કરી શકીશું'

નાસાનું જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપ, જેના દ્વારા નવા ગ્રહ સંબંધિત ડેટા મેળવવામાં આવ્યો હતો. K2-18B પૃથ્વીના આકારથી અઢી ગણો મોટો છે. અને અહીંથી ૭૦૦ ટ્રિલિયન માઇલ દૂર છે. જેમ્સ વેબ સ્પેસ ટેલીસ્કોપ એટલું શક્તિશાળી છે કે તે સૂરજની રોશનીથી આ ગ્રહની રાસાયણિક સંરચનાનું વિશ્લેષણ કરી શકે છે. આ ગ્રહ એની પરિક્રમા કરે છે. કેમ્બ્રિજના વૈજ્ઞાનિકોએ પોતાના અભ્યાસમાં તારણ કાઢ્યું છે કે આ વાતાવરણના બે અણુઓમાંથી એકમાં એવું કેમિકલ સિગ્નેચર છે કે જીવન સાથે જોડાયેલ છે. આ છે ડિમિથાઇલ સલ્ફાઇડ અને ડિમિથાઇલ ડિસલ્ફાઇડ. પૃથ્વી પર આ બંને ગેસ મરીન ફાઇટોપ્લેન્કટોન અને બેકટેરિયાથી પેદા થાય છે. પ્રોફેસર મુધુસૂદને જણાવ્યું કે અમને જે માત્રામાં ગેસ મળ્યો છે એ પૃથ્વી પર મૌજૂદ ગેસથી હજારગણો વધારે છે જે અહીં જીવન હોવાની સંભાવનાને વધુ મજબૂત કરે છે. આ ગ્રહ પર માનવ જીવન વિકસી શકે છે.પ્રોફેસર મધુસૂદન કહે છે, 'જો આપણે K2-18Bમાં જીવન હોવાની પુષ્ટી થાય તો આકાશગંગામાં જીવન હોવાના મતને પણ સમર્થન મળે છે. જોકે પ્રોફેસર મધુસૂદનની ટીમ હજુ પણ આ નિષ્કર્ષને સંપૂર્ણ માનતા નથી. પહેલી વાત તો એ કે જે હાલમાં સંકેત મળ્યા છે એ એટલા મજબૂત નથી કે એને એક વૈજ્ઞાનિક ખોજની માન્યતા આપી શકાય. આ માટે સંશોધકોએ ૯૯.૯૯ ટકા ખાતરીપૂર્વક કહી શકવા જોઈએ કે એમનું તારણ સાચું છે અને આ માત્ર અનાયાસે કરવામાં આવેલો અભ્યાસ નથી. વૈજ્ઞાનિકોની ભાષામાં વૈજ્ઞાનિક શોધનાં પરિણામો ફાઇવ સિગ્મા સુધીનાં હોય છે. નવા ગ્રહ પર મળેલા સંકેતો ત્રણ સિગ્મા સુધી જાય છે. એટલે કે સટીકતાને મામલે ૯૯.૭ ટકા સુધી. પરિણામની રીતે આ વાત ઘણી આશાસ્પદ છે.જોકે વૈજ્ઞાનિકોની ટીમને આશ્વાસન માટે હજુ વધુ મજબૂત સંકેતોની જરૂરિયાત છે. ૧૮ મહીના પહેલાં ટીમને વન સિગ્મા રિઝલ્ટ મળ્યું હતું જે સટીકતાને મામલે ૬૮ ટકા હતું. એ સમયે આ પરિણામને લઈને ઘણી શંકાઓ હતી. ઍડિનબરા યુનિવર્સિટીનાં પ્રોફેસર અને સ્કોટલેન્ડનાં ઍસ્ટ્રોનોમર રોયલ કૈથરિન હેમેન્સ કહે છે કે કેમ્બ્રિજની ટીમે ભલે ફાઇવ સિગ્મા રિઝલ્ટ મેળવ્યું હોય પણ આના પરથી એ ગ્રહ પર જીવન હોવાનું માની ન શકાય. એમણે જણાવ્યું કે, ''ભલે આ ગ્રહ પર જીવનને લઈને નક્કર પુરાવાઓ ન મળ્યા હોય પણ સવાલ એ છે કે આખરે આ ગેસની ઉત્પત્તિ ક્યાંથી થઈ રહી છે?''

એમણે કહ્યું, ''ધરતી ઉપર સમુદ્રમાં સુક્ષ્મજીવોથી ગેસ પેદા થાય છે. પણ પાક્કા પાયે એમ ન કહી શકાય કે કોઈ એલિયન ગ્રહ પર ગેસોની ઉત્પત્તિ જૈવિક છે. આ બ્રહ્માંડમાં હજારો વિચિત્ર ચીજવસ્તુઓ છે. આપણને એ ખ્યાલ નથી કે આ ગ્રહ પર કેવી જૈવિક ગતિવિધીઓ થાય છે કે જેનાથી અણુ પેદા થાય છે.'' કેમ્બ્રિજની ટીમ આ વિચારથી સહમત છે. વૈજ્ઞાનિક કેટલાય સમૂહોમાં વહેંચાઈને અભ્યાસ કરી રહ્યા છે કે શું લેબમાં નિર્જીવ માધ્યમોથી ડિમિથાઇલ સલ્ફાઇડ અને ડિમિથાઇલ ડિસલ્ફાઇડ બનાવી શકાય છે કે કેમ.બીજી રિસર્ચ ટીમે K2-18Bથી મળેલા ડેટાને આધારે કેટલાક વિકલ્પો સૂચવ્યા છે. પણ આ એ જૈવિક નથી. વૈજ્ઞાનિકો વચ્ચે ડિમિથાઇલ સલ્ફાઇડ અને ડિમિથાઇલ ડિસલ્ફાઇડની હાજરી અંગે આ ગ્રહની સંરચના પર ઘણી ચર્ચાઓ થઈ રહી છે. ઘણા રિસર્ચરોનો નિષ્કર્ષ છે કે આ ગ્રહમાં એક સમુદ્ર છે અને અહીં એમોનિયા નથી. કારણ કે અમોનિયા સમુદ્રમાંથી અવશોષિત કરવામાં આવ્યા છે.

# અમદાવાદમાં સ્વયંભૂ કાશી વિશ્વનાથ મહાદેવનું મંદિર, પળભરમાં દૂર કરે છે ભક્તોના દુઃખ

દેવાધિદેવ મહાદેવના સમગ્ર દેશમાં ઘણા મંદિરો આવેલા છે. મહાદેવ લોકોના દુખ પળભરમાં દુર કરે છે. જે વ્યક્તિ મહાદેવના શરણે જાય છે તેમની દરેક મનોકામના અચૂક પૂર્ણ થાય છે અને એટલે જ તેમને ભોળાનાથ કહેવામાં આવે છે. અમદાવાદના કોટ વિસ્તારમાં સ્વયંભુ શ્રી કાશી વિશ્વનાથ મહાદેવનું મંદિર આવેલું છે. સ્થાનિકોની માન્યતા પ્રમાણે આ મંદિર મોગલ શાસન પહેલાથી આ સ્થળે આવેલું છે. મહાદેવજીના આ મંદિરની એક વિશેષતા છે કે આ પ્રથમ મંદિર છે કે જ્યાં મહાદેવની પાછળ પાર્વતીજી નહિ પણ શિવજીનો અંશ હનુમાનજી બિરાજે છે.



આ મંદિરમાં બિરાજમાન કાશી વિશ્વનાથ મહાદેવને મરાઠાના ઈસ્ટ પણ કહેવામાં આવે છે. એક સમયે આ વિસ્તારમાં મરાઠા વસવાટ કરતા હતા અને તે લોકો નિયમિત કાશી વિશ્વનાથ મહાદેવની પૂજા કરતા હતા. મોગલો જયારે ભારતીય સંસ્કૃતિને ધ્વસ્ત કરવા નીકળ્યા ત્યારે આ મંદિરને બચાવવા માટે લોકોએ તેને મકાનમાં છુપાવી દીધુ હતું. અને વર્ષો પછી ૧૯૪૩માં આ સ્થળે એક મહિલાને શિવલિંગ મળ્યુ હતુ.

શિવલિંગ મળી આવ્યુ એટલે ત્યાં જ મહાદેવનું શિવાલય બનાવવામાં આવ્યું હતું કાશી વિશ્વનાથ મહાદેવ મદિરમાં મરાઠા સમાજના લોકોને ગાઢ આત્મીયતા છે. આ વિસ્તારના મરાઠા સમાજના લોકો નિત્ય અહીં દર્શન માટે આવે છે. અને તેમની દરેક મનોકામના કાશી વિશ્વનાથ મહાદેવ પૂર્ણ કરે છે. કાશી જઈને દર્શન કર્યાનો જે સંતોષ અને આનંદ ભક્તો થાય છે તેવો જ સંતોષ અને આનંદ ભાવિકો અહિં દર્શન કરીને કરે છે.

મહાદેવજીના મંદિરે વર્ષ દરમ્યાન આવતા દરેક તહેવારોની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે મહોલ્લાના લોકો એકજૂટ થઈ દરેક ઉજવણીમાં હર્ષોલ્લાસ સાથે જોડાય છે અને ભોળાના આશીર્વાદથી દરેક તહેવારની ઉજવણી રંગેચંગે પૂર્ણ થાય છે. અહિં વસતા લોકો ત્રણ પેઢીથી નિયમિત દર્શને આવે છે. રોજ કરવામાં આવતા કાશી વિશ્વનાથ મહાદેવના પૂજન અર્ચન સમયે મંદિર અને આજુબાજુના વિસ્તારનું વાતાવરણ ભક્તિમય બની જાય છે. મહિનાના છેલ્લા સોમવારે મંદિરે વિશેષ પૂજાનું આયોજન કરવામાં આવે છે. મહોલ્લાના લોકો એકત્રિત થઈ ભક્તિ સાથે મહાદેવની આરાધના કરી અલૌકિક અનુભૂતિનો અહેસાસ કરી ધન્ય થાય છે.

મહાદેવજીના શરણે આવતા દરેક ભાવિકોની મનોકામના મહાદેવજી અવશ્ય પૂર્ણ કરે છે. અને એટલે જ તો દેવાધિદેવ મહાદેવને ભોળાનાથ પણ કહેવામાં આવે છે કહેવાય છે ને કે ચપટી ભભૂતમેં ખજાના કુબેરકા આવા જ અનુભવો અહીં આવતા ભક્તોને પણ થાય છે. મંદિરમાં પૂજા કરવાથી અને સેવા આપવાથી પણ કાશી વિશ્વનાથ મહાદેવ ભક્તોની મનોકામના પૂર્ણ કરે છે.

કાશી વિશ્વનાથ મહાદેવ મરાઠાના પરિવારોના પંચનું મંદિર છે. આઝાદી પહેલા મરાઠા સમાજના લોકો પોતાની સમસ્યાના નિરાકરણ માટે મહાદેવ સમક્ષ આવતા હતા. મંદિરે આવતા ભક્તોમાં શ્રદ્ધા છે કે તેમના જીવનની દરેક સમસ્યાનો મહાદેવજી આશીર્વાદથી હલ થઈ જાય છે. વર્ષોથી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરમાં દર્શન કરવા આવતા ભક્તો મહાદેવજીના દર્શન કરી ધન્યતા અનુભવે છે અને રોજ નવી શક્તિના સંચારનો અહેસાસ કરે છે.

**આ પ્રથમ મંદિર છે કે જ્યાં મહાદેવની પાછળ પાર્વતીજી નહિ પણ શિવજીનો અંશ હનુમાનજી બિરાજે છે.**

# શું તમને જમ્યા પછી કંઈક ગળ્યું ખાવાની ટેવ છે તો મીઠાઈને બદલે ડાર્ક ટૂકડો ખાવ

આપણામાંથી મોટાભાગના લોકોને જમ્યા પછી કંઈક ગળ્યું ખાવાની આદત હોય છે. સામાન્ય રીતે લોકો મીઠાઈ, આઈસ્ક્રીમ ખાવાનું પસંદ કરે છે. જો કે તેમા મળતી ખાંડ સ્વાસ્થ્યને નુકશાન પહોંચાડી શકે છે.

માટે આ મીઠાઈઓ ખાધા પછી ખાવાને બદલે ડાર્ક ચોકલેટનો એક નાનો ટુકડો ખાવાથી ફાયદો થઈ શકે છે. ડાર્ક ચોકલેટ માત્ર સ્વાદમાં જ ઉત્તમ નથી, પરંતુ તે સ્વાસ્થ્ય માટે પણ ખૂબ ફાયદાકારક છે.

આવો જાણીએ જમ્યા પછી ડાર્ક ચોકલેટ ખાવાથી શું ફાયદા થાય છે બ્લડ સુગરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે

જો તમે મીઠુ ખાવાના શોખીન છો, પરંતુ ડાયાબીટીસ કે બ્લડ શુગરની સમસ્યા છે તો ડાર્ક ચોકલેટ એક સારો વિકલ્પ બની શકે છે. ડાર્ક ચોકલેટમાં ખાંડની માત્રા ઓછી હોય છે અને ઇન્સ્યુલિનની સંવેદનશીલતાને સુધારવામાં મદદ કરે છે. તેમાં હાજર કોકો પોલિફેનોલ્સ બ્લડ સુગર લેવલને સ્થિર રાખવામાં મદદરૂપ થાય છે.

હૃદયની તંદુરસ્તી માટે ફાયદાકારક

ડાર્ક ચોકલેટમાં ફ્લેવોનોઇડ્સ જોવા મળે છે, જે હૃદયરોગનું જોખમ ઘટાડે છે. તે બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં, ખરાબ કોલેસ્ટ્રોલ (એલડીએલ) ઘટાડવામાં અને સારા કોલેસ્ટ્રોલ (એચડીએલ) વધારવામાં મદદ કરે છે. તેને નિયમિત રીતે ખાવાથી ધમનીઓમાં લોહીનો પ્રવાહ સુધરે છે, જે હાર્ટ એટેક અને સ્ટ્રોકનું જોખમ ઘટાડે છે.

મુડ બૂસ્ટર : જમ્યા પછી ડાર્ક ચોકલેટ ખાવાથી મૂડ સારો થાય છે. તેમાં રહેલા સેરોટોનિન અને એન્ડોર્ફિન જેવા રસાયણો તણાવ અને ચિંતાને ઘટાડે છે. આ ઉપરાંત તેમાં મેગ્નેશિયમ પણ હોય છે, જે શરીરને રિલેક્સ કરવામાં મદદ કરે છે અને ઊંઘની ગુણવત્તા સુધારે છે.

પાચનતંત્રને સ્વસ્થ રાખે છે : ડાર્ક ચોકલેટમાં રહેલા ફાઈબર પાચનમાં સુધારો કરે છે. તે આંતરડામાં રહેલા સારા બેક્ટેરિયા (પ્રોબાયોટિક્સ)ને પ્રોત્સાહન આપે છે, જે પાચનતંત્રને સ્વસ્થ રાખે છે. જમ્યા પછી તેનો એક નાનો ટુકડો ખાવાથી એસિડિટી અને અપચાની સમસ્યા પણ ઓછી થાય છે

વજન નિયંત્રણમાં મદદરૂપ થાય છે : જો તમે વજન ઘટાડવાનો પ્રયત્ન કરી રહ્યા છો, તો મીઠાઈને બદલે ડાર્ક ચોકલેટ ખાવાથી ફાયદો થઈ શ કે છ`. તેમાં કેલરી ઓછી હોય છે અને ભૂખને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. ડાર્ક ચોકલેટ ખાવાથી તૃષ્ણા ઓછી થાય છે, જે તમને બિનઆરોગ્યપ્રદ નાસ્તો ખાવાથી બચાવે છે.



# કોઈને ભાઈબંધ બનાવતા પહેલા સો વાર વિચાર કરવો

જંગલમાં એક શિયાળ અને એક હરણ રહે. શિયાળ રોજ મનમાં વિચારે, આ હરણને મારીને ખાઈ જાઉં. પણ તે હરણના જેટલી ઝડપે દોડી શકે નહિ. આથી તેની ઈચ્છા પૂરી થતી નહિ.

એક વાર શિયાળે એક યુક્તિ કરી. હરણના જવા આવવાના રસ્તે બેસીને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યું. હરણે શિયાળને રડતું જોયું. એણે શિયાળને રડવાનું કારણ પૂછ્યું. શિયાળ કહે, ''મારે કોઈ ભાઈબંધ નથી. હું એકલો કેવી રીતે જીવું? મારે હવે નદીમાં ડૂબી મરવું છે.''

હરણને શિયાળ પર દયા આવી. તે શિયાળને કહે, ''તને મરી ગયા પછી ભાઈબંધ કેવી રીતે મળવાનો? જીવીશ તો ભાઈબંધ મળશે. કોઈ ન હોય તો હું આજથી તારો ભાઈબંધ, બસ!''

શિયાળની યુક્તિ સફળ થઈ.

પછી તો હરણ અને શિયાળ સાથે સાથે ફરવા લાગ્યાં. એ જંગલમાં એક કાગડો હરણનો મિત્ર હતો. તેણે હરણને શિયાળ સાથે જતું જોઈને પૂછ્યું, ''દોસ્ત, દોસ્ત, તારી સાથે આ નવું કોણ છે?''



હરણ કહે, ''એ મારો નવો ભાઈબંધ છે.''

કાગડો કહે, ''કોઈને પૂરેપૂરો ઓળખ્યા વિના ભાઈબંધ બનાવાય નહિ.'' આ સાંભળી શિયાળે કહ્યું: ''કાગડાભાઈ, ભાઈબંધ થયા પછી જ એકબીજાને ઓળખીએ ને! તમે પણ પહેલાં હરણને ક્યાં ઓળખતા હતા?''

પણ કાગડાને શિયાળમાં વિશ્વાસ બેઠો નહિ. એક દિવસ શિયાળ હરણને એક ખેતરમાં લઈ ગયું. ત્યાં તેને સારું સારું ખાવાની ખૂબ મજા પડી ગઈ. પછી તો બંને ભાઈબંધો રોજ એ ખેતરમાં જવા લાગ્યા. ખેતરમાં પાકનો બગાડ થતો જોઈ

ખેતરના માલિકે એક દિવસ ખેતરમાં જાળ નાખી. હરણ એમાં ફસાઈ ગયું. શિયાળની યુક્તિ સફળ થઈ. હરણ જાળમાં જ મરી જાય એની રાહ જોતું શિયાળ થોડે દૂર સંતાઈને બેસી ગયું.


કાગડાએ હરણને જોયું નહિ તેથી તેને ચિંતા થવા લાગી. તે હરણને શોધવા નીકળી પડ્યો. ઊડતાં ઊડતાં એણે પેલા ખેતરમાં હરણને જાળમાં ફસાયેલું જોયું. કાગડાએ હરણને હિંમત આપતાં કહ્યું: ''ભાઈબંધ, તું ફિકર કરીશ નહિ. તું મડદા જેવો થઈને પડ્યો રહેજે. હું 'કા કા' બોલું એટલે તું દોડવા માંડજે.'' થોડી વાર પછી ખેતરનો માલિક ત્યાં આવ્યો. તેણે જાળમાં મરેલા હરણને જોયું તેણે જાળ ઉપાડી લીધી. તે જ વખતે કાગડો 'કા કા' કરવા લાગ્યો. કાગડાનો અવાજ સાંભળી હરણે ઊભા થઈને દોડવા માંડ્યું. ખેતરના માલિકે આ જોયું એટલે તેણે હાથમાંની લાકડી હરણ પર ફેંકી. પણ હરણ દૂર નીકળી ગયું હતું એટલે બચી ગયું. શિયાળ બાજુમાં જ સંતાઈને બેઠું હતું. હરણ ભાગ્યું એટલે શિયાળ પણ ભાગવા માંડ્યું. ત્યાં તો ધડામ કરતી ખેડૂતની લાકડી વાગી શિયાળના માથા પર અને શિયાળના ત્યાં જ રામ રમી ગયા.

પછી હરણ અને કાગડાએ ખાધું, પીધું ને મોજ કરી.



## ભોળી જાત પંખીની

છે પંખીની ભોળી જાત
રોજ સવારે વહેલો ઊઠી
સાવરણાથી વાળું છું,
બા પાસેથી દાણા લઇને
ચોખ્ખા ચોકે નાખું છું
ઉડતાં ઉડતાં આવે રોજ ચકલી,
મેના, પોપટ, મોર ચણ ચણ
દાણા ચણતાં જાય,
સંપીને સૌ ખાતાં જાય.
બોલે બોલી સૌ કોઈ સાથ,
સમજી એક બીજાની વાત.
આખો દિવસ ઉડતાં સૌ,
રાતે માળે મળતાં સૌ
સુખ દુઃખની એ કરતાં વાત,
છે પંખીની ભોળી જાત.



## ઢીંગલી મારી કેવી રૂપાળી

મારી ઢીંગલી કેવી રૂપાળી
ઢીંગલી કેવી રૂપાળી રૂપાળી,
મારી ઢીંગલી કેવી રૂપાળી,
એને નિત-નવાં કપડાં જોઇએ,
અને ઝરીવાળું ઝબલું જોઇએ,
તેને ઘમ્મરીયો ઘાઘરો પહેરાવું પહેરાવું
મારી ઢીંગલી
એને કાજે મેં હીંચકો બાંધ્યો,
એને લાલ પીળા રંગે રંગાવ્યો
એક ગાદી બનાવી સુંવાળી સુંવાળી
મારી ઢીંગલી...
મારી ઢીંગલી મને બહુ ગમે છે
એ તો સદાયે હસતી રહે છે,
નથી જાણી કદીયે રિસાણી રિસાણી
મારી ઢીંગલી

## ઉખાણા


એક જનાવર ઈતું
પૂંછડે પાણી પીતું
જવાબ – દીવો

નાની નાની ઓરડી માં
બત્રીસ બાવા
જવાબ – દાંત

એક લાકડીની સાંભળો કહાણી,
તેમાં ભરેલું છે મીઠું પાણી
જવાબ – શેરડી

વીસ વીસનાં ઉતારી લીધા શીશ,
ના વહ્યું લોહી, ના ચઢી રીસ.
જવાબ – નખ

ના જીવ, ના ખાય, ના પીએ,
રહે 'મૂળ' ત્યાં લગી જીવે,
અંધારાથી એ બહુ ડરે,
જોતાં જ છુપે નિજ ઘરે.
જવાબ – પડછાયો



મિની માસીનો મિત્ર વૃક્ષના પાંદડાઓમાં ફસાઈ ગયો છે મિની માસીને તેના સુધી પહોંચાડવાનો રસ્તો દેખાડો



ભોલુભાઈ ને મનપસંદ રંગથી ભરી દો

# માજીએ રાજા ને આપેલી તૂટેલી બાલદી ઘસવાથી જીન પ્રગટ થયો


એક રાજા હતો. એ ઘણો જ સારો રાજા હતો. એના રાજયમાં બધા બહુ જ સુખી હતા. એ રોજ રાતે નગરચર્યા કરવા નીકળતો. એક રાતે એ રસ્તો ભૂલી ગયો. એ એક ઘરડા માજીના ઘરે ગયો. રાજાએ વેશપલટો કર્યો હોવાથી માજી રાજાને ઓળખી ન શક્યાં. રાજાએ પાણી માગ્યું એટલે માજીએ એને પાણી આપ્યું. એ વખતે માજીની નજર રાજાના હાથ પર પડી. એમણે વીંટી જોઈ એટલે તરત રાજાને ઓળખી ગયાં.

માજીએ રાજાને કટાઈ ગએલી, તૂટેલી બાલદી આપી. રાજાને થયું કે માજી મને ઓળખતાં નથી એટલે આવી તૂટેલી ચીજ આપે છે. રાજાએ બાલદીને એક કપડામાં વીંટાળી. બાલદીનો એક ટુકડો તૂટી ગયો. રાજાએ એને ઘસ્યો તો એમાંથી ધુમાડો નીકળ્યો અને એક વિચિત્ર જેવો માણસ પ્રગટ થયો. આ માણસ ઘડીકમાં ખુબ જ ઉંચો થઇ જાય તો ઘડીકમાં એકદમ નીચો થઇ જાય. ઘડીકમાં ખુબ જ જાડો થઇ જાય તો ઘડીકમાં એકદમ પાતળો થઇ જાય.

રાજાએ આવા અજાયબ માણસને પૂછ્યું, ''તું કોણ છે?''

વિચિત્ર માણસે કહ્યું, ''મારું નામ ખડબડ ખાં છે. હું ઉંચો, નીચો, જાડો, પાતળો થઇ શકું છું. હું તારું કોઈ પણ કામ કરી શકું''.

રાજા ખડબડ ખાંને પોતાની સાથે લઇ ગયા. રાજાએ એમને કહ્યું કે મારો બગીચો સાફ કરી આપો. ખડબડ ખાંએ તરત જ બગીચો એકદમ સુંદર કરી આપ્યો. રાજાએ ક્યારેય આવો સુંદર બગીચો નહોતો



જોયો. રાજા એમને ખુબ જ માનપાન આપવા લાગ્યા.

રાજાની હજામત કરવા આવતા હજામને આ ન ગમ્યું. એણે રાજાને કહ્યું કે તમે ખડબડ ખાંને કહો કે હિમાલયમાં થતું જીવતું ઝાડ, ગાતું પક્ષી લઇ આવે. રાજાએ ખડબડ ખાંને કહ્યું તો એ કહે કે આ તો બહુ જ મુશ્કેલ છે. રાજા કહે કે તમે નહીં લાવો તો હું ખાવા-પીવાનું છોડી દઈશ. ખડબડ ખાં હિમાલય જવા ઉપડયા.


ખડબડ ખાં ખુબ જ ઊંચા થઇ ગયા અને લાંબા પગલાં ભરતા હિમાલય પહોંચી ગયા. ત્યાં ગામ લોકોને જીવતા ઝાડ, ગાતા પક્ષી વિષે પૂછ્યું તો ગામ લોકો કહે કે એની આસપાસ ભયંકર રાક્ષસો રહે છે. તમે બેહોશીનું અત્તર લઇ જાવ અને રાક્ષસોને બેભાન કરી દેજો. ખડબડ ખાં એકદમ નીચા થઇ ગયા અને જીવતા ઝાડ પાસે ગયા. એમણે રાક્ષસો પર બેહોશીનું અત્તર નાખ્યું અને એમને બેભાન કરી દીધા. પણ એક કાણો રાક્ષસ જલ્દી બેભાન ન થયો એ બધું જોઈ ગયો. ખડબડ ખાં જીવતું ઝાડ અને ગાતું પક્ષી લઈને ભાગ્યા એ કાણો રાક્ષસ જોઈ ગયો. ખડબડ ખાંએ રાજાને જીવતું ઝાડ અને ગાતું પક્ષી આપ્યાં એટલે રાજા તો ઘણો ખુશ થઇ ગયો. ખડબડ ખાંના માનપાન ઘણા વધી ગયા.

આથી હજામ વધારે ખિજાયો. એણે રાજાને ચઢાવ્યો કે તમે હજી કુંવારા છો તો ખડબડ ખાંને કહો કે તમારા માટે હિમાલયથી પદમણી લઇ આવે. રાજાએ ખડબડ ખાંને કહ્યું તો એ કહે કે આ તો બહુ જ મુશ્કેલ છે. રાજા રિસાઈ ગયો એટલે ખડબડ ખાં રાજા માટે પદમણી લેવા હિમાલય ગયા. ત્યાં ગામ લોકો એમને જોઇને રાજી રાજી થઇ ગયા. એમણે કહ્યું કે પદમણી તો અમારા રાજાની કુંવરી છે. એને હાથીઓ ઉપાડી ગયા છે. ખડબડ ખાં એકદમ નીચા થઇ ગયા અને હાથીઓ પાસે ગયા. એક મોટા હાથીએ પદમણીને એના કાનમાં રાખી હતી. ખડબડ ખાંએ હાથીઓ પર બેહોશીનું અત્તર નાખ્યું અને એમને બેભાન કરી દીધા. હાથીને ખબર ન પડે એ માટે ખડબડ ખાંએ પદમણીના વજન જેટલા વજનની લોટની ગુણી એના કાનમાં મૂકી દીધી. પછી પદમણીને પોતાની સાથે લઇ ગયા. રાજા સાથે પદમણીના લગ્ન કરાવ્યા.

રાજા રાણી સુખેથી રહેવા લાગ્યા. એવામાં એક નવી મુસીબત આવી પડી. પેલો કાણો રાક્ષસ જે ખડબડ ખાંને જોઈ ગયો હતો તે એમને શોધતો શોધતો આવી પહોંચ્યો. તે સાધુનો વેશ લઈને ગામ બહાર રહેવા લાગ્યો. ત્યાં આવતા લોકોને અને પશુઓને મારતો હતો. આ તકનો લાભલઈને હજામે ખડબડ ખાંને મારી નાખવાનું નક્કી કર્યું. રાક્ષસને મળીને એણે એક યોજના કરી.

હજામે રાજાને કહ્યું કે ગામ બહાર એક સાધુ આવ્યા છે એના આશીર્વાદ લેવા જાવ. ખડબડ ખાંને પણ લઈ જાવ. રાજા ખડબડ ખાંને લઈ ગયા. રાક્ષસ તો આ તકની જ રાહ જોતો હતો. એણે રાજાને કહ્યું કે હું તમારા રાજયની શાંતી માટે એક હવન કરીશ. રાક્ષસે હવન કર્યો અને રાજાને તથા ખડબડ ખાંને અગ્નિકુંડના ફેરા ફરવા કહ્યું. એનો ઈરાદો ખડબડ ખાંને અગ્નિમાં નાંખી દેવાનો હતો. પણ ખડબડ ખાં ચેતી ગયા. તેઓ એકદમ ઊંચા અને જાડા બની ગયા. એમણે રાક્ષસને ઉપાડીને આગમાં નાંખી દીધો.

હવે ખડબડ ખાં સમજી ગયા હતા કે હજામ જ આવા કાવતરાં કરે છે. એમણે તક મળતાં જ હજામને ભગાડી મુક્યો. પછી એમણે પાછા જવા માટે રાજાની અનુમતિ માંગી. રાજા તો એમને હંમેશા પોતાની સાથે જ રાખવા માંગતા હતા. પરંતુ ખડબડ ખાંએ કહ્યું કે તેઓ કાયમ ત્યાં ન રહી શકે. ભવિષ્યમાં કોઈ મુસીબત આવે ત્યારે બોલાવજો. ખડબડ ખાંએ વિદાય લીધી. રાજા રાણી આનંદથી રહેવા લાગ્યા.



# રવિવારે હઝરત ગેબનશાહ પીર દરગાહ સંચાલિત હોસ્પિટલમાં મેડિકલ કેમ્પ યોજાશે




રાજકોટમાં કોમી એકતાના પ્રતીક હઝરત ગેબનશાહ પીર દરગાહ શરીફ ટ્રસ્ટ દ્વારા સંચાલિત મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ ખાતે વિનામૂલ્યે નાત જાત ધર્મ કે કોઈપણ ભેદભાવ વગર ફ્રી મેગા મેડિકલ કેમ્પ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે જેમાં નિદાન ઉપરાંત દવાઓ પણ તદ્દન ફ્રીમાં આપવામાં આવશે. આ મેગા મેડિકલ કેમ્પ આગામી ૨૭ એપ્રિલ ૨૦૨૫ રવિવારના રોજ સવારે ૧૦ થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી હઝરત ગેબનશાપીર દરગાહ શરીફ કોઠી કમ્પાઉન્ડ જંકશન પ્લોટ ખાતે યોજાશે. જેમાં શહેરના જાણીતા અને અલગ અલગ સ્પેશિયાલિસ્ટ ડોક્ટર્સ સેવા આપશે. આ કેમ્પમાં મગજને લગતા રોગો, કરોડરજ્જુ, સાંધાને લગતા રોગો, કિડની, કાન, નાક, ગળાને લખતા રોગો, દાંતના રોગો, સ્ત્રી રોગ, તેમજ તાવ શરદી ઉધરસ વગેરે તમામ રોગોનું વિનામૂલ્યે નિદાન કરવામાં આવશે અને દર્દીની જરૂરિયાત મુજબ વધુમાં વધુ પાંચથી આઠ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવશે આ કેમ્પમાં આવતા દર્દીઓએ પોતાના તમામ જુના રિપોર્ટ સાથે લઈ આવવાના રહેશે આ કેમ્પનો લાભ વધુમાં વધુ લોકોએ લેવા હઝરત ગેબનશાહ પીર દરગાહ શરીફ ટ્રસ્ટ રાજકોટના પ્રમુખ યુસુફભાઈ ઈસ્માઈલભાઈ દલ અને ટ્રસ્ટી મંડળ દ્વારા ખાસ અપીલ કરવામાં આવી છે

# મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૧૧૭ કરોડના વિકાસ કામોને મંજુરી

## સ્પોર્ટસ સંકુલ, ડ્રેનેજ, આવાસ યોજના, રોડ-રસ્તા, વોટર વર્કસ સહિતના કામોને બહાલ કરતીસ્ટેન્ડિંગ કમિટી

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની સ્ટે. કમીટીની ચેરમેન જયમીન ઠાકરના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં ૧૧૭ કરોડના વિકાસ કામોને બહાલી આપી દેવામાં આવી હતી. જેમાં રસ્તા કામ, વોટર વર્કસ, ડી.આઇ. પાઇપલાઇન, બોકસ કલ્વર્ટ, સ્પોર્ટસ સંકુલ, નવી ઝોન ઓફિસ, કોમ્પ્યુટર ખરીદી, ડ્રેનેજ, આવાસ યોજના સહિતના વિકાસ કામોનો સમાવેશ થાય છે.

સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન જયમીન ઠાકરે આ અંગેની માહિતી આપતા જણાવ્યું હતું આજની સ્ટેન્ડીંગના એજન્ડામાં મુકાયેલી તમામ ૩૨ દરખાસ્તો મંજૂરી આપી દેવામાં આવી છે. જેમાં વોર્ડ નં.૧૮ના કોઠારીયામાં રૂા. ૩૨.૫૪ કરોડના ખર્ચે સાઉથ ઝોન ઓફિસનું નિર્માણ થશે. ઉપરાંત મહાનગરપાલિકાની લીગલ શાખામાં લીગલ ઈન્ટર્સની ત્રણ જગ્યાઓ ઉપસ્થિત કરવા માટે એમઓયુ કરવાનું પણ મંજૂર કરાયું છે.

આ ઉપરાંત રૂા. ૩૫.૪૨ લાખના ખર્ચે નારાયણનગર પમ્પીંગ સ્ટેશનના દ્વિવાર્ષિક કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે તેમજ રૂા. ૭૫.૪૯ લાખના ખર્ચે પ્રાણી ઉદ્યાન ખાતે લાયન સફારી પાર્કમાં પાણીનો ટાંકો બનાવાશે. વોટર વર્કસ અને ડ્રેનેજના ડીજી સેટ સર્વિસ તથા મેન્ટેનસ કામ માટે દ્વિવાર્ષિક રેટ કોન્ટ્રાકટ પણ બહાલ કરવામાં આવ્યો છે.

વોર્ડ નં.૧માં ઘંટેશ્વર વર્ધમાન વિસ્તારની ૮૮ સોસાયટીઓમાં રૂા. ૧૯.૨૫ લાખના ખર્ચે જનભાગીદારી યોજના હેઠળ ૧૫૦ એમએમ તથા ૧૦૦ એમએમ ડાયાની ડીઆઇ પાઇપલાઇન નાખવાનો કોન્ટ્રાકટ મંજૂર કરાયો છે. તેની સાથોસાથ વોર્ડ નં.૮માં નાના મવા મેઇન રોડ પર રાજનગર ચોકથી લક્ષ્મીનગર અન્ડર બ્રીજ સુધી વરસાદી પાણીના નિકાલ માટે પાઇપ ગટર, આવી જ રીતે વોર્ડ નં.૩માં પરસાણાનગર શેરી નં.૧માં વરસાદી પાણીના નિકાલ માટે પાઇપ ગટર, વોર્ડ નં.૬ના રાજીવ આવાસ યોજના ગોકુલ નગર પ્રોજેકટમાં રૂા. ૩૯.૮૦ લાખના ખર્ચે રીનોવેશનનું કામ સેન્ટ્રલ ઝોન ૬ વોર્ડમાં રૂા. ૩૧.૩૧ કરોડના ખર્ચે માર્ગોના કાર્પેટ કામ તેમજ વોર્ડ નં.૧૨ના વાવડી વિસ્તારમાં આવેલ અલય ગાર્ડન સોસાયટીમાં જનભાગીદારી યોજના હેઠળ રૂા. ૩૨.૩૫ લાખના ખર્ચે ડીઆઇ પાઇપલાઇન નાખવાનું કામ મંજૂર કરવામાં આવેલ છે.

આ ઉપરાંત વોટસએપ દ્વારા શહેરીજનોને મહાનગરની સેવાઓ આપવા માટે રૂા. ૧૭.૦૬ લાખના ખર્ચે દ્વિવાર્ષિક કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે. આ અંગેનું કામ ગપસપ ટેકનોલોજી ઈન્ડીયા પ્રા.લી. ન્યુ દિલ્હીને સોંપવામાં આવેલ છે. તેમજ વોર્ડ નં.૩માં રૂા. ૫૦.૪૯ લાખના ખર્ચે પ્રાઇવેટાઇઝેશનથી ભુગર્ભ ગટર ફરિયાદોનો નિકાલનું કામ સોંપવામાં આવ્યું છે.

તેની સાથોસાથ રૂા. ૭૭.૧૨ લાખના ખર્ચે વોર્ડ નં.૭માં આવેલ રામનાથ મહાદેવ મંદિર પાસે પાર્કિંગ માટે રીટેર્નીંગ વોલનું કામ મંજૂર કરાયું છે. જયારે વોર્ડ નં.૧૭ના પારડી મેઇન રોડ પર ટીપી સ્કીમ નં.૫ અંતિમ ખંડ નં. ૨૪૩માં રૂા. ૨૬.૭૨ કરોડના ખર્ચે સ્પોર્ટસ સંકુલના નિર્માણ કામને બહાલી આપી દેવામાં આવેલ છે.

વોર્ડ નં.૩માં ૧૫૦ ફુટ રીંગ રોડ પર માધાપર સર્કલની દક્ષિણ-પશ્ચિમ પાર્ટ-૧માં રૂા. ૪.૩૯ કરોડના ખર્ચે ડ્રેનેજ પાઇપલાઇન નાખવામાં આવશે. તેની સાથોસાથ આ જ વિસ્તારના પાર્ટ-૪માં ૪.૪૭ લાખના ખર્ચે ડ્રેનેજ પાઇપલાઇન નાખવા માટેનું કામ એજન્સીને સોંપવામાં આવેલ છે. તદઉપરાંત વોર્ડ નં.૭ના સર્વેશ્વર ચોકથી યાજ્ઞિક રોડને જોડતા હયાત વોંકળો ડાયવર્ટ કરી નવું બોકસ કલ્વર્ટ બનાવવાનું કામ રૂા. ૧.૭૭ કરોડના ખર્ચે સોંપાયુ છે. હાલ જે એજન્સી આ બોકસ કલ્વર્ટ અને વોંકળાનું કામ કરી રહી છે તે જ એજન્સીને કામગીરી ઝડપી બને તે માટે આ વધારાનું કામ સોંપવામાં આવ્યું છે.



### મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ગુજરાત સ્થાપના દિવસ પ્રસંગે યોજાનાર મ્યુઝિકલ નાઈટ સહિતના કાર્યક્રમો રદ્દ

મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ગુજરાત સ્થાપના દિવસ પ્રસંગે પ્રતિ વર્ષ યોજાનાર મ્યુઝીકલ નાઇટ સહિતના રંગા રંગ સાંસ્કૃતિક કાર્યક્રમો આયોજીત કરવામાં આવે છે. પરંતુ તાજેતરમાં પહેલાગામ આતંકવાદી હુમલામાં ૨૮ પ્રવાસીઓના મોત નિપજતા રાજકોટ સહિત દેશભરમાં ભારે અરેરાટી સાથે શોકની લહેર પ્રસરી જવા પામી છે. જેને લઇને મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ચાલુ વર્ષે યોજાનાર ગુજરાત સ્થાપના દિવસ ઉજવણીના કાર્યક્રમો રદ્દ કરી નાખવામાં આવેલ છે. મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ચાલુ વર્ષે ગુજરાત સ્થાપના દિવસ પ્રસંગે સુદેશ ભોસલે મ્યુઝીકલ નાઇટનો કાર્યકમ આયોજીત કરવામાં આવેલ હતો. જે રદ કરી નાખવામાં આવેલ છે. કાશ્મીરના આતંકવાદી હુમલામાં ૨૮ પ્રવાસીઓના મોતથી દેશવાસીઓનું કાળજુ કંપી ઉઠયું છે. આ ઘટનાને તમામ જ્ઞાતિ સમાજો વખોડી રહ્યા છે અને દિવંગતોને શ્રધ્ધાંજલી આપવા માટે ઠેર ઠેર શ્રધ્ધાંજલી સભાઓ યોજાઇ રહ્યા છે. મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પણ ગુજરાત સ્થાપના દિવસની ઉજવણીના તમામ કાર્યક્રમો રદ્દ કરી નાંખવામાં આવેલ છે.

**ત્રણ બેકરીમાંથી ૨૮ કિલો વાસી ચટણી, સોસનો નાશ**

# ફૂડ વિભાગનું મસાલા માર્કેટ અને ડ્રિન્કીંગ વોટરના ધંધાર્થીઓને ત્યાં ચેકિંગ, હાઈજેનિક અંગે અપાઈ નોટિસ

**સમય મિરર | રાજકોટ**

મનપાના ફૂડ વિભાગ દ્વારા આજે બેકરી પ્રોજક્ટ અંતર્ગત ચેકીંગ કામગીરી હાથ ધરી ત્રણ બેકરીમાંથી ૨૮ કિલો વાસી સોસ-ચટણીનો જથ્થો જપ્ત કરી તેનો નાશ કર્યો હતો. તેમજ હાઈજેનિકકંડીશન જાળવવા અને લાયસન્સ અંગે નોટીસ આપી અન્ય ૮ સ્થળેથી મસાલા તેમજ ડ્રીકીંગ વોટરના સેમ્પલ લઈ લેબમાં મોકલી આપ્યા હતાં.



ફૂડ વિભાગ દ્વારા આજે (૦૧) હાઉસ ઓફ ફલેવર્સ-લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૦૨)મોમાઈ જનરલ સ્ટોર -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૩)રવિરાંદલ જનરલ સ્ટોર -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૪)ભગવતી પ્રોવિઝન સ્ટોર -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૫)કે.કે. જનરલ સ્ટોર -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૬)જય પીઠડ આઈમઠ્ઠો -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૭)લક્ષ્મીધારા આઈસડીશ -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૮)ચામુંડા ભાજી કોન -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૯)બાપા સીતારામ આઈસ્ક્રીમ ગોલા -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૧૦)મઢૂલી હોટલ -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવેલ. તથા(૧૧)શિવાંશી સુપર માર્કેટ(૧૨)શિવમ રેસ્ટોરેન્ટ (૧૩) શિવમ અમૂલ પાર્લર(૧૪)જય ભોલે જનરલ સ્ટોર્સ(૧૫)શ્રીહરી સુપર માર્કેટ (૧૬)વેલનેસ મેડીકલ (૧૭) વિશ્વા મેડીકલ સ્ટોર (૧૮)ચામુંડા ફરસાણ (૧૯)આવકાર પ્રોવિઝન સ્ટોર (૨૦)બાપા સીતારામ કોલ્ડ્રિંક્સ (૨૧)સાઉથ કા કમાલની ચકાસણી કરવામાં આવેલ હતી.

ફૂડ વિભાગે આજે રૈયા રોડ ઉપર મુંબઈ જાયકામાંથી ૧૨ કિલો વાસી અખાદ્ય પદાર્થ તેમજ પીગ્રીલમાંથી એક્સપાયરી થયેલ સોસ-ચટણી અને વોટ એન્ડ સ્પાઈસીમાંથી વાસી સોસ-ચટણી સહિતનો જથ્થો જપ્ત કરી નાશ કરવામાં આવ્યો હતો. તેમજ પેઢીને યોગ્ય સ્ટોરેજ અને હાઈજેનીક કન્ડીશન જાળવવા નોટીસ આપવામાં આવી હતી.

ફૂડ વિભાગ દ્વારા આજે અદાણી બ્રધર્સમાંથી મરચા પાઉડર, હળદર પાઉડર, રાઈના કુરિયાના સેમ્પલ લઈ બિસ્વીન બેવરેજીસમાંથી એક લીટર ડ્રીંકીંગ વોટર પેક તથા એકવાનીર માટે એક લીટર ડ્રીંકીંગ વોટર તેમજ સબરસમાંથી એક લીટર ડ્રીકીંગ વોટર અને બ્રીસવીલમાંથી મીનરલ એન્ડ ઓક્સિજન ડ્રીંકીંગ વોટર પેક એક લિટર સહિતના સેમ્પલ લઈ લેબમાં મોકલી આપ્યા હતાં.

# લેણી રકમ વસૂલવા રાજકોટ નાગરિક બેંકને મકાનનો કબજો સોંપતા મામલતદાર

**સમય મિરર | રાજકોટ**

ધી સિક્યુરાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એરફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ-૨૦૦૨ હેઠળ કરવામાં આવેલા હુકમ અનુસાર, શહેરના કુવાડવા રોડ પર આવેલી એક મિલકતનો કબજો લેવામાં આવ્યો હતો. આ હુકમ તા. ૦૭/૦૩/૨૦૧૩ ના રોજ કરવામાં આવ્યો હતો આ કાર્યવાહી માટેની નોટિસ તા. ૧૧/૦૪/૨૦૨૫ ના નાયબ મામલતદાર ડી. આર. પુરોહિત દ્વારા તૈયાર કરવામાં આવી હતી અને મામલતદાર, રાજકોટ શહેર (પૂર્વ) ની સહી સાથે બજાવફવામાં આવી હતી.

રાજકોટ નાગરિક સહકારી બેંક દ્વારા રાજેશભાઈ નરશીભાઈ ઢોલરીયા અને મહેશભાઈ નરશીભાઈ ઢોલરીયા પાસેથી બાકી લેણી રકમ વસૂલ કરવા માટે આ કાર્યવાહી કરવામાં આવી હતી. કુવાડવા રોડ પર આવેલ શ્રીનાથ પાર્ક શેરી નં-૨ માં આવેલ વ્રજ કુટિર નામના મકાન, જે રેવન્યુ સર્વે નં.૧૧૦ પૈકીના બિનખેતીના રહેણાંક પ્લોટ્સ પૈકી સબ પ્લોટ નં. ૩૬ થી ૪૦/જે ની જમીન ચો.મી.૬૧-૨૩ પર બનેલું છે, તેનો કબજો તા. ૨૫/૦૪ ના મામલતદાર એસ. જે. ચાવડા અને સર્કલ ઓફિસર સત્યમ શેરસીયા દ્વારા સિક્યુરાઈઝેશન એક્ટ હેઠળ લેવામાં આવ્યો હતો. આ મિલકત પર તા. ૩૦/૦૬/૨૦૧૨ સુધીની બાકી પડતી લેણી રકમ રૂ. ૧,૨૦,૪૯, ૭૦૯.૨૩ અને ત્યારબાદના ચડત વ્યાજની વસૂલાત માટે આ કબજો લેવામાં આવ્યો હતો.આ કાર્યવાહી રાજકોટ કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ અને પ્રાંત અધિકારી રાજકોટ શહેર-૧ ચાંદની પરમારની સૂચના અનુસાર કરવામાં આવી હતી. મામલતદાર એસ. જે. ચાવડા અને સર્કલ ઓફિસર સત્યમ શેરસીયાએ નિયત પ્રક્રિયા અનુસરીને મિલકતનો કબજો સુનિશ્ચિત કર્યો હતો.

**ગમે ત્યારે સરકારી ગાઈડ લાઇન મુજબ કાર્યવાહી શરૂ થશે**

# રાજકોટમાંથી ૩૬ પાકિસ્તાની વિઝા ધારકોને પરત મોકલવા તંત્રની તૈયારી

**સમય મિરર | રાજકોટ**

પહેલગામમાં થયેલ આતંકવાદી હુમલા બાદ કેન્દ્ર સરકારે આકરા પગલાં લીધાં છે. જેમાં પાકિસ્તાનથી લોંગ કે શોર્ટ ટર્મ વિઝા પર આવેલ લોકોને તુરંત જ દેશ છોડવાનો હુકમ કર્યો હતો અને તે હુકમના આધારે દેશભરની પોલીસ કામે લાગી ગઈ છે. ત્યારે ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા પણ તમામ પોલીસ કમિશ્નર અને જિલ્લા પોલીસ વડાને સૂચના આપવામાં આવી છે કે, લોંગ કે શોર્ટ ટર્મ વિઝા પર આવેલ લોકોની નામ સરનામાં સાથેની યાદી તૈયાર રાખે. જે ગૃહ વિભાગના આદેશ બાદ રાજકોટ શહેર અને રૂરલ પોલીસ તુરંત એક્શનમાં આવી હતી.



તપાસ કરતાં શહેરમાં લોંગ વિઝા પર રહેતાં મુસ્લિમ ૧૪ લોકો અને ગ્રામ્યમાં ૨૨ પાકિસ્તાની લોકો સામે આવ્યાં છે. જેમની નામ સરનામાં સાથેની યાદી પોલીસે તૈયાર રાખી છે. ઉપરાંત પાકિસ્તાની વિઝા પર શહેરમાં ૭૩૮ લોકો રહેતાં હોવાનું પણ સામે આવ્યું છે. જે બાબતે શહેર ડીસીપી ક્રાઇમ ડો. પાર્થરાજસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, જે ગૃહ વિભાગની સૂચના મુજબ શહેરમાં તપાસ કરતાં પાકિસ્તાનથી શહેરમાં લોન્ગ ટાઈમ વિઝા પર રહેતાં મુસ્લિમ ૧૪ અને હિંદુઓ ૭૩૮ લોકો સામે આવ્યાં છે. જેમની નામ અને સરનામાં સાથેની યાદી તૈયાર રાખવામાં આવી છે, હવે સરકાર દ્વારા જે સૂચન કરવામાં આવશે તે મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે. રાજકોટ એસપી હિમકરસિંહે જણાવ્યું હતું કે, હાલ ગૃહ વિભાગની સૂચના મુજબ રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં તપાસ કરતાં પાકિસ્તાનથી ગ્રામ્યના અલગ અલગ સેન્ટરમાં રહેતાં ૨૨ લોકો સામે આવ્યાં છે. જેઓને પણ આઈડેન્ટિફાય કરવામાં આવ્યાં છે અને સરકાર દ્વારા જે સૂચન કરવામાં આવશે તે મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# દિલ્હીથી દુબઈ જતી ફ્લાઈટોનું સ્ટોપ ઓવર રાજકોટ કરાયું

## પાકિસ્તાને એરસ્પેસ બંધ કરતા રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ૨૪ કલાક ખુલ્લું રાખવા આદેશ

**સમય મિરર | રાજકોટ**

દિલ્હીથી દૂબઈ જતી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટનું સ્ટોપ ઓવર કરાચી હોય અને હાલની વર્તમાન સ્થિતિને ધ્યાને લઈ આ સ્ટોપ ઓવર રાજકોટ હિરાસર એરપોર્ટ ખાતે કરવામાં આવતા રાજકોટનું હિરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ૨૪ કલાક માટે ઈમરજન્સીમાં ચાલુ રાખવા આદેશ આપવામાં આવ્યા છે. અને હિરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ જે ૯ વાગ્યે બંધ થઈ જતું હતું તે હવે આજથી ૨૪ કલાક માટે કાર્યરત રહેશે.

કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલાની ઘટના બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે હાલ તનાવભર્યો માહોલ જોવા મળ્યો છે. સરકાર દ્વારા પાકિસ્તાન ઉપર કડક નિયંત્રણો લાદવામાં આવ્યા છે અને ભારતમાં પાકિસ્તાનનું દુતાવાર બંધ કરવામાં આવ્યું છે. સામે પાકિસ્તાન દ્વારા પણ ભારતની ફ્લાઈટો માટે એવીએશન બંધ કરવામાં આવ્યું છે. ત્યારે હાલની વર્તમાન સ્થિતિને ધ્યાને લઈ વિદેશ મંત્રાલય અને ઉડયન મંત્રાલય દ્વારા કેટલાક મહત્વના નિર્ણયો લેવાયા છે. જેમાં દિલ્હીથી દૂબઈ અને દૂબઈથી દિલ્હી આવાગમન કરતી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટનું અત્યાર સુધીનું સ્ટોપ ઓવર કરાચી ખાતેનું રાખવામાં આવ્યું હોય તેને હવે રદ કરી આ સ્ટોપ ઓવર રાજકોટ હિરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટને જાહેર કરવામાં આવ્યું છે.



આ મામલે એવિએશન વિભાગના અધિકારીએ જણાવ્યું કે, અત્યાર સુધી દિલ્હીથી દુબઈ ઉડાન ભરતી અને દુબઈથી દિલ્હી આવતી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટમાં કોઈ ઈમરજન્સી ઉભી થાય અથવા તો ફ્યુલ બાબતની કોઈ સમસ્યા સર્જાય તો બન્ને દેશો વચ્ચે નક્કી કરાયેલા કરાર મુજબ દિલ્હીથી દુબઈની આ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટનું કરાચીમાં ઈમરજન્સી સ્ટોપ આપવામાં આવતો હતો અને બન્ને દેશો વચ્ચે આ બાબતે જરૂરી નિયમો સાથે કરાર થયા હતાં. પરંતુ હાલની સ્થિતિ અને કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલા બાદ જ્યારે ભારત અને પાકિસ્તાન એક બીજા ઉપર કેટલાક નિયંત્રણો લગાડવામાં આવ્યા છે. ત્યારે હવે દિલ્હીથી દૂબઈ જતી આ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટનું સ્ટોપ ઓવર ક્યાં આપવું તે બાબતની ચર્ચા બાદ વિદેશ મંત્રાલય અને ભારતીય નાગરિક ઉડયન મંત્રાલય દ્વારા ચર્ચા કર્યા બાદ આ આંતરાષ્ટ્રીય ફ્લાઈટનું સ્ટોપ ઓવર એટલે કે ઈમરજન્સી ઉતરાણ રાજકોટ હિરાસર આંતરાષ્ટ્રીય એરપોર્ટ ખાતે કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેને લઈને રાજકોટ હિરાસર આંતરાષ્ટ્રીય એરપોર્ટના જવાબદાર અધિકારીઓને જરૂરી સુચના આપવામાં આવી છે.

સરકાર દ્વારા દિલ્હી-દુબઈની આંતરરાષ્ટ્રીય ફ્લાઈટનું સ્ટોપ ઓવર કરાચીથી ખસેડી રાજકોટ હિરાસર એરપોર્ટ ખાતે કરવામાં આવ્યા બાદ આજથી રાજકોટ હિરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટને ૨૪ કલાક માટે ખુલ્લુ રાખવા સુચના આપવામાં આવી છે. રાજકોટ હિરાસર એરપોર્ટ ઉપરથી આવાગમન કરતી ફ્લાઈટો મોટાભાગે રાત્રે ૮ વાગ્યા બાદ આવાગમન નહીં કરતા અરેપોર્ટ રાત્રે ૯ વાગ્યે બંધ કરી દેવામાં આવતું હતું પરંતુ આજથી રાજકોટનું હિરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ૨૪ કલાક માટે ખુલ્લુ રાખવામાં આવશે. જેને લઈને એરપોર્ટ ઓથોરીટી અને સુરક્ષા વિભાગના અધિકારીઓને જરૂરી સ્ટાફને રાત્રી દરમિયાન પણ ફરજ ઉપર તૈનાત રહેવા સુચના આપવામાં આવી છે. અને રાજકોટ હિરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ઉપર સુરક્ષા વિભાગ અને એટીસીનોસ્ટાફ તેમજ ગ્રાઉન્ડ સ્ટાફને વધારાની જવાબદારી સોંપવામાં આવી છે. અને આ સ્ટાફને આખી રાત ફરજ બજાવવા માટે સુચના આપવામાં આવી છે.

# પોસ્ટમાસ્ટર જનરલે સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ડાક કર્મચારીઓનું સન્માન કર્યું

## 'ડિજિટલ ઈન્ડિયા' અને 'વિકસિત ભારત'માં ડાક વિભાગ બહુપક્ષીય સેવા પ્રદાતા તરીકે પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે

**સમય મિરર | રાજકોટ**

ડાક વિભાગ હવે માત્ર પત્રો પહોંચાડતું સંસ્થાન નથી, પણ દેશની પ્રગતિમાં સક્રિય ફાળો આપતું એક આધુનિક અને ગતિશીલ સંસ્થાન બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. ડિજિટલ યુગમાં ડાક વિભાગ એક બહુવિધ સેવા પ્રદાતા તરીકે ઉભરી રહ્યું છે, જેના દ્વારા અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. ઉપરોક્ત વિચારો સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે ૨૫ એપ્રિલ ૨૦૨૫ ના રોજ રાજકોટમાં વિભાગીય વડાઓની આર્થિક વર્ષ ૨૦૨૪-૨૫ ના કાર્યોની સમીક્ષા બેઠક અને શ્રેષ્ઠતા સન્માન વિતરણ દરમિયાન વ્યક્ત કર્યા.

ડાક સેવાઓમાં નવીનતા સાથે તેની કાર્યક્ષમતા અને પહોંચ વધારવા, નાણાકીય સમાવિષ્ટતા, ડિજિટલાઇઝેશન, ટેક્નોલોજીનું એકીકરણ અને માર્કેટિંગની રણનીતિને મજબૂત બનાવવા પર તેમણે ભાર મૂક્યો. આ પ્રસંગે ડાક સેવાઓ અને તેની વિશેષતાઓને બતાવતી ગુજરાતી ભાષામાં એક પુસ્તિકાનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

આ દરમિયાન, સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્ર હેઠળના ૧૨ જિલ્લાઓની પોસ્ટ ઓફિસોમાં વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કાર્ય બદલ ૪૫ થી વધુ પોસ્ટલ કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, ''ડાકઘરોમાં એક જ છત હેઠળ પત્ર-પાર્સલ, બચત બેંક, વિમો, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક, ડીબીટી, ડિજિટલ બેંકિંગ, આધાર, પાસપોર્ટ, કોમન સર્વિસ સેન્ટર, ડાકઘર નિર્યાત કેન્દ્ર જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી રહી છે.'' ડાકઘર નિર્યાત કેન્દ્ર દ્વારા 'લોકલ ટુ ગ્લોબલ' સંકલ્પનાના અંતર્ગત સ્થાનિક ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, જ્યારે પીએમ વિશ્વકર્મા યોજના હેઠળ દેશભરના લાભાર્થીઓને ટૂલ કિટ્સ ડાકઘરો મારફતે મોકલવામાં આવી રહી છે. ઈ-કોમર્સ, એમએસએમઇ, સ્થાનિક હસ્તકલા, ODOP (વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ) અને જી.આઇ. ઉત્પાદનોને ડાકઘરો મારફતે મોકલવા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. વિશ્વના સૌથી મોટા ડાક નેટવર્કમાં હવે આઇટી મોડર્નાઇઝેશન પ્રોજેક્ટ ૨.૦ દ્વારા ભારતીય ડાક દૂરસ્થ ગ્રામિણ વિસ્તારોમાં પોતાના ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવા જઈ રહ્યું છે, જેથી 'ડિજિટલ ઇન્ડિયા' અને 'વિકસિત ભારત'ના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકશે. 'ડાક સેવા - જન સેવા' હેઠળ ગણતંત્ર દિન, સ્વતંત્રતા દિનથી લઈને રાષ્ટ્રીય ડાક સપ્તાહ દરમિયાન ૭૨૦૧ 'ડાક ચોપાલ'ના માધ્યમથી નાગરિક કેન્દ્રિત સેવાઓ સાથે લોકોને જોડવાના અભિયાનમાં ડાક કર્મચારીઓની ઉત્સાહપૂર્ણ ભાગીદારીની તેમણે પ્રશંસા કરી પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં ઉત્તમ કામગીરી માટે શ્રી શ્રવણ કુમાર બુનકર, વરિષ્ઠ અધિક્ષક ડાકઘર, રાજકોટ મંડળને સૌથી વધુ નવા બચત બેંક ખાતા ખોલવા અને સૌથી વધુ આધાર રેવન્યૂ માટે સન્માનિત કર્યા. તેમજ ભાવનગર મંડળના અધિક્ષક શ્રી દર્શન તપસ્વી ને સૌથી વધુ નેટ બચત ખાતા ખોલવા, સૌથી વધુ પોસ્ટલ ઓપરેશન રેવન્યૂ અને સૌથી વધુ સ્પીડ પોસ્ટ આવક માટે, સુરેન્દ્રનગર મંડળના અધિક્ષક શ્રી સંજયકુમાર મિસ્ત્રી ને સર્વોચ્ચ ડાક જીવન વિમા પ્રીમિયમ, સર્વોચ્ચ ગ્રામ્ય ડાક જીવન વિમા પ્રીમિયમ, આધાર રેવન્યૂ, નેટ બચત ખાતા ખોલવા અને સ્પીડ પોસ્ટ/રજિસ્ટર્ડ પોસ્ટના ઉત્તમ વિતરણ માટે, કચ્છ મંડળના અધિક્ષક ને નેટ બચત ખાતા ખોલવા, ગ્રામ્ય ડાક જીવન વિમા પ્રીમિયમ અને પાર્સલ આવક માટે, જામનગર મંડળના અધિક્ષક શ્રી વિપુલ ગુપ્તા ને સૌથી વધુ પાર્સલ આવક અને આધાર રેવન્યૂ માટે, પોરબંદર મંડળના અધિક્ષક શ્રી રતિલાલ પટેલને પોસ્ટલ ઓપરેશન રેવન્યૂ અને ગ્રામ્ય ડાક જીવન વિમા પ્રીમિયમ માટે, ગોંડલ મંડળના અધિક્ષક શ્રી કૃણાલ શુક્લા ને પાર્સલ આવક અને ડાક જીવન વિમા પ્રીમિયમ માટે, અમરેલી મંડળના અધિક્ષક શ્રી ભાવેશ પટેલ ને ડાક જીવન વિમા પ્રીમિયમ માટે, જુનાગઢ મંડળના અધિક્ષક ને પોસ્ટલ ઓપરેશન રેવન્યૂ માટે, રેલ ડાક સેવા 'આર.જે' મંડળ, રાજકોટ ના અધિક્ષકને સ્પીડ પોસ્ટ આવક માટે સન્માનિત કરવામાં આવ્યા. મંડળો સાથે સાથે ઉપમંડળ સ્તરે ઉત્તમ કામગીરી કરનાર અધિકારીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા. આમાં સહાયક અધિક્ષક, સુરેન્દ્રનગર (ઉત્તર) મંડળના શ્રી બળદેવભાઈ ચાવડા, રાજુલા ઉપમંડળના ડાક નિરીક્ષક શ્રી દિલીપ ભુતૈયા, સહાયક અધિક્ષક, ભાવનગર (પશ્ચિમ) મંડળના શ્રી કૃષ્ણદેવસિંહ સરવૈયા ને ડાક ઘર બચત બેંક અંતર્ગત ડાક ઉપમંડળ શ્રેણીમાં નેટ ખાતા ખોલવાના ક્રમશઃ પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન માટે પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે સન્માનિત કર્યા. ડેવલપમેન્ટ ઓફિસર (ડાક જીવન વિમા) શ્રી કુલદીપકુમાર પુજારા અને ડાયરેક્ટ એજન્ટ શ્રી ગોપાલજી જાડેજાને પણ સન્માનિત કરવામાં આવ્યા. સન્માનિત થયેલાઓમાં ડાક અધિક્ષક તેમજ સહાયક ડાક અધિક્ષક, ડાક નિરીક્ષક, પોસ્ટમાસ્ટર, પોસ્ટલ આસિસ્ટન્ટ, બ્રાન્ચ પોસ્ટમાસ્ટર અને ગ્રામીણ ડાક સેવકોનો સમાવેશ થતો હતો. આ અવસરે વિવિધ મંડળાધ્યક્ષો સાથે સહાયક નિદેશક શ્રી એમ.એચ. હરન અને શ્રી કે.એસ.ઠક્કર, લેખા અધિકારી શ્રી જુગલ કિશોર, સહાયક ડાક અધિક્ષક સુશ્રી પાયલ મેહતા, શ્રી એમ.વી. જોશી, શ્રી એસ.જે. ચુડાસમા, શ્રી કે.બી. પરમાર, ડાક નિરીક્ષક શ્રી ભાવેશ કુબાવત, શ્રી કિશોર ભાટી તથા અન્ય તમામ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# કાલાવડ રોડના એ.જી. ચોકમાં સ્પીડ બ્રેકર મૂકવા માંગ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરમાં ટ્રાફિક નો પ્રશ્ન દિવસેને દિવસે ગંભીર બનતો જાય છે જ્યારે કોઈ ગંભીર દુર્ઘટના ઘટે ત્યારે તંત્ર દિશા વિહીન થઈ દોડવા લાગે છે પરંતુ પાણી આવે તે પહેલાં પાળ બાંધવામાં આવતી નથી જેને કારણે નિર્દોષ લોકોએ જીવ ગુમાવવા પડે છે આવો જ એક ગંભીર પ્રશ્ન કાલાવ રોડ ઉપર ટ્રાફિકથી સતત ધમધમતા એજી ચોકનો છે આ ચોકમાં રોડના ૬ પાટા પડે છે એક બાજુ પ્રેમ મંદિર, હાઇસ્કુલ, ભક્તિધામ મંદિર, શનિદેવ મંદિર, કોમર્શિયલ કોમ્પ્લેક્સ, ગાર્ડન, ઓવરબ્રિજ તથા આસપાસમાં મોટા રહેણાંક વિસ્તારો આવેલા હોય એજી ચોકમાં લોકોની ખૂબ અવરજવર રહે છે એજી ચોક નજીક ઓવરબ્રિજ પૂર્ણ થતા વાહનો ખૂબ જ ઝડપથી પસાર થાય છે આ વિસ્તારમાં પદયાત્રી રાહદારીઓ માટે રસ્તો ઓળંગવો અત્યંત જોખમભરીઓ બની જાય છે વાહન ચાલકોની વધુ ઝડપને કારણે ઘણી વખત અકસ્માતોની ઘટનાઓ પણ સર્જાય છે અજાણતામાં નિર્દોષ નાગરિકો ઘાયલ ન થાય અને કોઈ મોટો જીવણ અકસ્માત સર્જાય એ પહેલા એજી ચોકના બંને બાજુ યોગ્ય સ્થળે સ્પીડ બ્રેકર બનાવવામાં આવે જેથી વાહનોની ઝડપ નિયંત્રિત રહી શકે અને રાહદારીઓ સુરક્ષિત રીતે રસ્તો ઓળંગી શકે એ માટે વહેલી તકે સ્પીડ બ્રેકર મૂકવા માટે ટ્રાફિક શાખા તથા ન્યુ કોર્પોરેશનમાં આ વિસ્તારના કાર્યકર અને જાગૃત નાગરિક ભરતભાઈ જોશી લેખિતમાં રજૂઆત કરી છે આ પ્રશ્ન વહેલી તકે ઉકેલાય એવી માંગણી છે



# જસદણમાં મેઈન બજારનો રોડ બિસ્માર નાગરિકોની નવા રસ્તા બનાવવાની માંગ

## ખાડાઓ અને અપૂરતી ડ્રેનેજ વ્યવસ્થા નાગરિકો માટે મુસીબતરૂપ

**સમય મિરર | જસદણ**

જસદણ શહેરના હૃદયસ્થાન સમાન મેઈન બજારના રોડની બિસ્માર હાલતને કારણે સ્થાનિક નાગરિકો અને વેપારીઓમાં ભારે રોષ ફેલાયો છે. ખાડાઓ, તૂટેલી સપાટી અને અપૂરતી ડ્રેનેજ વ્યવસ્થાએ આ રોડને નાગરિકો માટે મુસીબતરૂપ બનાવ્યો છે. આ રોડનું તાત્કાલિક નવીનીકરણ કરવાની માંગણી સ્થાનિકોએ જસદણ નગરપાલિકાના સત્તાધીશો અને વહીવટી તંત્ર સમક્ષ ઉઠાવી છે. જસદણમાં મેઈન બજારનો આ રોડ શહેરનો મુખ્ય વ્યવસાયિક અને ટ્રાફિકનો માર્ગ છે. જ્યાં દરરોજ હજારો લોકો અને વાહનોની અવરજવર રહે છે. જોકે, રોડની ખરાબ હાલતને કારણે અકસ્માતોનું જોખમ વધ્યું છે. સ્થાનિક વેપારીઓએ જણાવ્યું હતું કે, આ રોડમાં પડેલા અસંખ્ય ખાડાઓના કારણે ગ્રાહકો બજારમાં આવવાનું ટાળે છે, જેનાથી અમારો વેપાર ખોરવાયો છે. ચોમાસામાં તો રોડ પર પાણી ભરાઈ જાય છે. આ ઉપરાંત, રાહદારીઓ તેમજ ખાસ કરીને વૃદ્ધો અને



(તસવીરઃપ્રફુલ સોમૈયા-આટકોટ)

બાળકો માટે આ રોડ પર ચાલવું જોખમી બન્યું છે. વધુમાં જસદણના જાગૃત નાગરિકોએ આ રોડ અંગે ફરિયાદ કરતાં કહ્યું હતું કે, ખાડાઓમાં પડીને ઘણા લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ રોડની મરામત કે નવનિર્માણ માટે તંત્ર ક્યારે પગલાં લેશે?. જસદણ-આટકોટ ફોર-લેન રોડની ખામીઓની સાથે મેઈન બજારના આ રોડની બિસ્માર હાલતે શહેરની ટ્રાફિક સમસ્યાને વધુ ગંભીર બનાવી છે. જસદણ-આટકોટ ફોર-લેન હાઈવે પર લેવલિંગની ખામીઓને કારણે અકસ્માતોના બનાવો વધી શકે છે. ત્યારે જસદણ શહેરની મેઈન બજારના રોડની સમસ્યા આ આગને વધુ હવા આપે છે. કારણ કે બજારના રોડની ખરાબ હાલત વાહનચાલકો માટે અને રાહદારીઓ માટે પણ મુશ્કેલી ઊભી કરે છે. સ્થાનિક નાગરિકો અને વેપારી સંઘે જસદણ નગરપાલિકાને આ રોડના નવનિર્માણ માટે તાત્કાલિક પગલાં લેવા માંગણી કરેલ છે. તેઓની માંગ છે કે, આ રોડનું લેવલિંગ, ડ્રેનેજ સિસ્ટમ અને સલામતી સુવિધાઓ સાથે આધુનિક રીતે નવનિર્માણ કરવામાં આવે. વધુમાં વેપારીઓએ અને રહીશોએ જણાવ્યું હતું કે, અમે દર વર્ષે જસદણ પાલિકાને તગડો ટેક્સ ભરીએ છીએ, પરંતુ બજારના રોડની હાલત જોતાં લાગે છે કે તંત્ર આ મુદ્દે ગંભીર નથી. અમે નવો રોડ બનાવવાની માંગ કરીએ છીએ. જેથી વેપાર અને નાગરિકોની સુવિધા વધે.

ગુજરાત સરકારે ૨૦૧૬માં માર્ગ સલામતી પ્રોજેક્ટ હેઠળ ૧૦૮ GVK EMRI સાથે મળીને રોડ સલામતી માટે જાગૃતિ અભિયાનો શરૂ કર્યા હતા. આ ઉપરાંત, રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા મહિના ૨૦૨૫માં પણ સલામતી માટે કાર્યક્રમો યોજાયા હતા. જોકે, જસદણ મેઈન બજારના રોડની હાલત જોતાં આ પહેલોની અસરકારકતા પર સવાલો ઉભા થાય છે. જસદણની મેઈન બજારના બિસ્માર રોડે નાગરિકો અને વેપારીઓની રોજિંદી જીવનશૈલીને અસર કરી છે. શું તંત્ર નાગરિકોની માંગણીને ધ્યાને લઈ રોડનું નવનિર્માણ કરશે? શું જસદણ નગરપાલિકા આ મુદ્દે કોન્ટ્રાકટરોની જવાબદારી નક્કી કરી કડક પગલાં લેશે? આ પ્રશ્નોના જવાબ હવે જસદણના નાગરિકો માગે છે.

# જસદણ એસ.ટી. ડેપોમાં ભર ઉનાળે ચોમાસા જેવો માહોલ, પાણીની રેલમ-છેલથી મુસાફરોમાં રોષ

**સમય મિરર | જસદણ.**

જસદણના એસટી ડેપોમાં ઉનાળાની ગરમી વચ્ચે ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો. ડેપોમાં રહેલા પાણીના ટાંકા છલકાતાં અને છતમાંથી પાણી ટપકતાં ડેપોમાં પાણીની રેલમછેલ થઈ હતી. આ ગંભીર સ્થિતિનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. જેના કારણે મુસાફરોમાં તંત્રની ઉદાસીનતા સામે ભારે રોષ ફેલાયો હતો. અવારનવાર ટાંકા છલકાવાની અને છતમાંથી પાણી ટપકવાની સમસ્યા ડેપોની દયનીય હાલત દર્શાવે છે. ઉનાળામાં જ્યારે લોકો પીવાના પાણી માટે તરસે છે, ત્યારે ડેપોમાં પાણીનો આવો બગાડ નાગરિકોના ગુસ્સાનું કારણ બન્યો છે. ચોમાસામાં પણ છતમાંથી પાણી ટપકવાની સમસ્યા યથાવત રહે છે. પરંતુ તંત્ર આ બાબતે આંખ આડા કાન કરી રહ્યું છે. આ અંગે મુસાફરોએ જણાવ્યું હતું કે, ટપકતી છત કોઈપણ સમયે મોટી દુર્ઘટનાનું કારણ બની શકે છે. જેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે. લોકોની માંગ છે કે, તંત્ર તાત્કાલિક પગલાં લઈ છતનું રિપેરિંગ કરે અને પાણીના બગાડને અટકાવે. જસદણ એસટી ડેપોની આ બેદરકારી મુસાફરોની સલામતી અને સુવિધા માટે ગંભીર જોખમ ઉભું કરી રહી છે. જો તંત્ર હવે પણ જાગે નહીં, તો લોકોનો આક્રોશ વધુ



વકરી શકે છે. છતની મરામ્મત અને ટાંકાનું યોગ્ય સંચાલન થાય તો પાણીનો બગાડ અટકશે.

જસદણ એસટી ડેપોની આ ગંભીર સમસ્યાને ધ્યાને લઈ તંત્રએ તાત્કાલિક રિપેરિંગનું કામ હાથ ધરવું જોઈએ. છતની મરામ્મત અને ટાંકાનું યોગ્ય સંચાલન થાય તો પાણીનો બગાડ અટકશે. જેનાથી ઉનાળામાં પાણીની અછતનો સામનો કરતા લોકોને રાહત મળશે. ડેપોમાં સુરક્ષિત અને સ્વચ્છ વાતાવરણ સુનિશ્ચિત કરી મુસાફરોને સારી સુવિધા પૂરી પાડવામાં આવે. જેથી જનતાનો વિશ્વાસ તંત્ર પર ફરીથી કાયમ થાય. આ પગલાં લોકકલ્યાણની દિશામાં મહત્વનું યોગદાન આપશે.

# ઉનાના હિન્દુ સંગઠનોએ આતંકવાદી હુમલાની ઘટનાને વખોડી : આવેદન અપાયું

**સમય મિરર | ઉના**

જમ્મુ કાશ્મીરમાં આતંકવાદી દ્વારા નિર્દોષ પર્યટકો ને તેની ધાર્મિક ઓળખ પુછી આડેધડ ગોળીબાર કરીને મોત ને ઘટ ઉતારી દેનારી આતંકવાદ ની બનેલી ગંભીર હુમલા ની ઘટના સમગ્ર વિશ્વ ને હચમચાવી મુકી છે

આ ઘટના થી સમગ્ર દેશમાં આતંકવાદી સામે આક્રોશ ફાટી નીકળ્યો છે અને જમ્મુ કાશ્મીર માં જતાં દેશ વિદેશ નાં પર્યટકો ની સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવવા તેમજ આતંકવાદી ઘટના ને અંજામ આપનારાં આતંકવાદી અને તેનાં બેઠેલાં હરામખાયા આકાઓને શોધી કાઢી કડકમાં કડક સજા કરવા ની માંગણી સાથે ઉના શહેર માં રાષ્ટ્રીય બજરંગ દળ નાં ગીર સોમનાથ જિલ્લા પ્રમુખ શીવસેના તાલુકા પ્રમુખ તેમજ વિવિધ સંગઠનો દ્વારા ઉના પ્રાન્ત અધિકારી ને આવેદનપત્ર આપી સમગ્ર ઘટના ને વખોડી કાઢી



નિર્દોષ પર્યટકો નાં મોત થયાં છે તેમનાં આત્મા ને ભગવાન શાંતિ આપે તેવી પ્રાથના કરી આ આતંકવાદી હુમલા ને કઠોર શબ્દો માં વખોડી કાઢી હતી અને ભારત સરકાર દ્વારા સામાજિક ન્યાય કરી મૃતક શહિદ પરીવાર ને આર્થિક મદદ કરી ભારતદેશ ની આત્મા ને લોહીયાળ કરનારા આતંકવાદી ને શોધી શોધી ને તેનીજ ભાષા સજા કરવાં માંગણી કરી છે

આ તકે વિવિધ સંગઠનો નાં કલ્પેશ ચૌહાણ, વિશાલભાઈ, રમેશ રાઠોડ, નરેશ મજીઠીયા, દિપક બાંભણીયા સહિત નાં કાર્યકર ઊપસ્થિત રહ્યા હતા

# પોરબંદરમાં પંચાયત રાજ દિવસ અને એડવાઈસમેન્ટ ઈન્ડેક્સ કાર્યક્રમ યોજાયો

**સમય મિરર | ગોસા(ઘેડ)**

ભારત સરકારના પંચાયતીરાજ મંત્રાલય તથા ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા આયોજીત રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ (NPRD) અને પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેકસ કાર્યક્રમ યોજાયો હતો.રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ (NPRD) અને પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેકસ કાર્યક્રમ

જિલ્લા પંચાયતના પ્રમુખ પરબત પરમારની વિશેષ ઉપસ્થિતિમાં જિલ્લા પંચાયત કચેરીના, સભાખંડમાં પોરબંદર ખાતે યોજાયો હતો. જેમાં જિલ્લા વિકાસ અધિકારી બીબી ચૌધરીની પણ પ્રેરક ઉપસ્થિત રહી હતી.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ પરબત પરમારે જણાવ્યું હતું કે, જ્યાં સુધી ગામડાનો સર્વાંગી વિકાસ નહીં થાય, ત્યાં સુધી દેશનો વિકાસ શક્ય જ નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ૨૦૪૭સુધીમાં વિકસિત ભારતનું વિઝન પણ ત્યારે જ સાકાર થશે, જ્યારે ગામદીઠ વિકાસના માર્ગ પર ઊંડા પગલાં લેવામાં આવશે.સરકાર આ દિશામાં કામ કરી રહી છે.

બળવંતરાય મહેતા કમિટીની ભલામણને આધારે ૧૯૫૯ કાયદો આવ્યો અને ૧૯૬૧ માં પંચાયતી રાજની શરૂઆત થઈ. પરંતુ કેટલીક બંધારણીય બાબતો ખૂટતી હતી તે માટે ૭૩મો બંધારણીય સુધારો કરવામાં આવ્યો અને ત્યારથી જ દેશભરમાં તા.૨૪ એપ્રિલના રોજ પંચાયતી રાજ દિવસની ઉજવણી કરવામાં આવે છે. તેઓ એ કહ્યું કે આપણા પોરબંદર જિલ્લાના રોડ -રસ્તા, પાણી, આવાસ, શિક્ષણ સહિત બધી રીતે વિકાસ થયો છે અને હજુ પણ વધુને વધુ આપણા જિલ્લાનો વિકાસ થાય તે માટે આપણે સૌએ સાથે મળીને કામ કરવાનું છે.

આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મધુબની, બિહારથી વર્ચ્યુઅલ માધ્યમથી દેશભરના ગ્રામ પંચાયતોને સંબોધન કર્યા હતું. અને ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આખજ -મહેસાણા ખાતેથી વર્ચ્યુઅલ ઉપસ્થિતિ નોંધાવી હતી.

કાર્યક્રમનો ઉદ્દેશ પંચાયતી રાજની ભૂમિકા અને તેના દ્વારા થયેલા ગ્રામ વિકાસના પ્રયાસોને ઉજાગર કરવાનો હતો. પંચાયત એડવા ન્સમેન્ટ ઈન્ડેક્સના માધ્યમથી ગ્રામ વિકાસના વિવિધ માપદંડોના આધારે પંચાયતોના પ્રદર્શનનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ માધ્યમથી ગ્રામ પંચાયતો ની કામગીરીમાં પારદર્શિતા, જવાબદારી અને કાર્યક્ષમતા લાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. અને અને જિલ્લામાં તમામ ગ્રામપંચાયતોમાં ખાસ ગ્રામસભા યોજાઈ હતી

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના કારોબારી સમિતીના અધ્યક્ષ આવડા ઓડેદરા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક રેખાબા સરવૈયા, પોરબંદર નાયબ જિલ્લા વિકાસ અધિકારી પી એલ વાઘાણી, અગ્રણી ભૂરાભાઈ કેશવાલા સહિત મહાનુભાવો, પોરબંદર જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ, પંચાયતી તંત્રના પ્રતિનિધિઓ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# વેરાવળમાં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગકારોને વિસ્તૃત માર્ગદર્શન અપાયું

**સમય મિરર | વેરાવળ**

ગરવું ગુજરાત, ગુણવંતુ ગુજરાત, ગ્રીન ગુજરાત, ગ્લોબલ ગુજરાત, ગતિશીલ ગુજરાતમાં ગુણવત્તાનો "G' જોડી દેશનું પ્રથમ વિકસિત રાજ્ય ગુજરાત બને તેવા સહિયારા સંકલ્પ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રેરક આહવાન કર્યુ છે. જે અંતર્ગત વેરાવળ ખાતે ઉદ્યોગકારો માટે ગુજરાત ગુણવત્તા યાત્રાના વિવિધ ચર્ચાસત્ર યોજાયા હતાં.

ગુજરાત ગુણવત્તા યાત્રાના વિવિધ ચર્ચાસત્રના માધ્યમથી સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે સરકારી પ્રોત્સાહનો અને નીતિઓ, નિયમનકારી અને વૈધાનિક આવશ્યકતાઓ વિશે જાગૃતિ લાવવા, ક્ષમતા નિર્માણ કાર્યશાળાઓ, ગુણવત્તા પ્રમાણપત્રો અને માન્યતા દ્વારા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો વચ્ચે તંદુરસ્ત સ્પર્ધા વધારવા તેમજ સતત સુધારાઓને પ્રોત્સાહન આપવા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો



માટે માર્ગદર્શન આપતાં ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા પ્રાદેશિક કચેરીના સલાહકાર જગત પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનના નેતૃત્વમાં ડિજીટલ ઈન્ડીયા, સ્ટાર્ટઅપ ઈન્ડીયા, મેઈક ઈન ઈન્ડીયા, સ્કીલ ઈન્ડીયા જેવા અભિયાનોને વેગ મળ્યો છે, ત્યારે ગુજરાત ગુણવત્તા યાત્રા થકી ઝેડ.ઈ.ડી. અને લીન પ્રમાણપત્રો વિશે માર્ગદર્શન મેળવી સર્વસમાવેશક અને ટકાઉ ઔદ્યોગિક વિકાસને ઉદ્યોગકારો વધુ વેગ આપી શકાશે.

ટેકનીકલ એક્સપર્ટ જોગેન્દ્રસિંહ દ્વારા ઓર્ગેનાઈઝિંગ પાર્ટનર દ્વારા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે ઝેડ.ઈ.ડી અને લીન પ્રમાણપત્રો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડના રિસોર્સ પર્સન અજય રામ દ્વારા મુખ્ય નિયમનકારી અનુપાલન વિશે વિગતો આપવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકાર, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો વિભાગ, ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ક્વોલિટી ડેવલપમેન્ટ સેન્ટર અને ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા સંચાલિત ગુજરાત ગુણવત્તા યાત્રા એક રાજ્યવ્યાપી પહેલ છે.

આ યાત્રા દરમિયાન ગુણવત્તા રથ, જાગૃતિ અંગેના વર્કશોપ, વેબિનાર્સ થકી માર્ગદર્શન આપવામાં આવશે અને આવા જ વિવિધ આયોજનો થકી આ યાત્રાનું મિશન ગુણવત્તા વધારવી તેમજ માન્યતા અને પ્રમાણપત્રો થકી ઉદ્યોગોને પ્રોત્સાહન પૂરું પાડવાનું છે.

# જિલ્લા કક્ષાના સ્વાગત ફરિયાદ નિવારણના કાર્યક્રમમાં લોક પ્રશ્નોનું નિવારણ કરાયું

**સમય મિરર | વેરાવળ**

ગીર સોમનાથ જીલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને ઈણાજ, જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો.

જિલ્લા કલેક્ટરે અને સંબંધિત ખાતાના અધિકારી ઓએ ઉપસ્થિત રહી અરજદારોના પ્રશ્નો સાંભળ્યા હતાં.

અરજદારોએ જરગલી ગામે જવા-આવવાના રસ્તા પરનું દબાણ દૂર કરવા અંગે, પીપળી ગામના ગામતળના રસ્તાઓ પરના દબાણો દૂર કરવા બાબત, નેશનલ હાઈવેમાં કપાતમાં ગયેલ જમીનનું વળતર ચૂકવવું, જાહેરનામાનો ભંગ કરી ગેરકૃત્ય આચરનાર શખ્શો વિરૂદ્ધ કાયદાકીય કાર્યવાહી, ગૌચર તથા સરકારી જમીન પર પેશકદમી દૂર કરવા બાબત, અનધિકૃત રીતે બંધ કરવામાં આવેલ રસ્તાનો એપ્રોચ ખૂલ્લો કરાવી આપવા બાબતના પ્રશ્નો રજૂ કર્યા હતાં.

જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં અરજદારોની રજૂઆત સાંભળ્યા બાદ કલેક્ટર એ સંબંધિત અધિકારીઓને સરકાર દ્વારા નિયત કરાયેલા નિયમો મુજબ નાગરિકલક્ષી પ્રશ્નોને પ્રાથમિકતા આપી તાત્કાલિક ઉકેલ લાવવા સૂચના અને માર્ગદર્શન આપ્યું હતું. લોકપ્રશ્નોના નિરાકરણ માટે પ્રતિમાસ યોજાતા જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં અરજદારો દ્વારા



રજૂ કરવામાં આવેલા પ્રશ્નો પૈકી મોટા ભાગના પ્રશ્નોનું સુખદ નિવારણ લાવવામાં આવ્યું હતું તેમજ અરજદારોના બાકી રહેતાં પ્રશ્નો અન્વયે કર્મચારીઓ અને અધિકારીઓને હકારાત્મક વલણ રાખીને અરજદારોને બીજી વાર પોતાના કામ માટે ધક્કો ખાવો ના પડે તે રીતે કામગીરી કરવા માટે કલેક્ટરે સૂચના આપી હતી.

જિલ્લા કક્ષાના સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં નિવાસી અધિક કલેક્ટર રાજેશ આલ, ચીફ ઓફિસર પાર્થિવ પરમાર સહિત મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી તેમજ સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ઘોઘરાના બે રહેણાંકમાંથી ૫૦ હજારની કિંમતનો દારૂ પકડાયો

**સમય મિરર | દીવ**

ઘોઘરા રહેણાંક વિસ્તારમાં બે મકાનમાં ૫૦ હજારનો દારૂ પકડાયો હતો. આ ગેરકાયદે પ્રવૃત્તિ થતી હોય તેની આજુબાજુમાં જ મ્યુનિસિપાલટીના ઈલેક્ટેડ ઉચ્ચ હોદ્દા ઉપર બિરાજમાન રહેતા હોવાથી પ્રશાસન પણ આશ્ચર્યચકિત થઈ ગયું છે

રાત્રિના આઠ વાગ્યે ADM વિવેકકુમાર ને બાદ મેં મળી હતી કે ઘોઘલા ઝાપા બહાર મ્યુનિસિપાલટી માં ઈલેક્ટેડ ઉચ્ચ હોદ્દા ઉપર બિરાજમાન શખ્સના ઘરની આસપાસ બે મકાનમાં દારૂ રાખવામાં આવે છે અને આ દારૂ ગુજરાત રાજ્યમાં સપ્લાય થાય છે જેથી ADM વિવેક કુમારે તેની એક્સાઈઝની ટીમ સાથે રાખી અને



બંને મકાનમાં દરેક બાજુ તપાસ કરતા મોટા જથ્થામાં દારૂ મળી આવ્યો હતો એક ઘરમાં રૂપિયા ૧૩,૫૦૦ અને બીજા ઘરમાં રૂપિયા ૩૫,૦૦૦ નો દારૂ મળી આવ્યો. આ ઘરના માલિકોએ કોઈનું નામ આપ્યું નથી એક્સાઈઝના અધિકારી મિલનભાઈએ આ દારૂનો કબજો લઈ અને સીલ કર્યો છે

આપેલા પણ અવારનવાર અઉખ વિવેક કુમારે ગેરકાયદે પ્રવૃત્તિ કરનારા નો દારૂ પકડી અને કાર્યવાહી કરી છે

# ગીર સોમનાથ જિલ્લા પંચાયત પ્રમુખનાં અધ્યક્ષ સ્થાને પંચાયતીરાજ દિવસની ઉજવણી કરાઇ

**સમય મિરર | વેરાવળ**

ઈણાજ જિલ્લા પંચાયતના વી.સી. હોલ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ મંજૂલાબહેન મૂછારના અધ્યક્ષસ્થાને રાષ્ટ્રીય પંચાયત દિવસ અને પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં ગીર સોમનાથ જિલ્લા પંચાયતની વિવિધ સમિતિના ચેરમેનો, સદસ્યો, અધિકારીઓ અને કર્મચારીઓ પણ જોડાયા હતા.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ અને જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકરના હસ્તે મુખ્યમંત્રી ગ્રામ અસ્મિતા યોજના અન્વયે ગામનો ઈતિહાસ/ગેઝેટિયર કેટેગરીમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર ગ્રામ પંચાયત સિંધાજ, બોરવાવ અને પ્રશ્નાવડા તેમજ આર. જી.એસ.એ. યોજના અંતર્ગત પસંદગી પામેલા શ્રેષ્ઠ ગ્રામ પંચાયતમાં વડનગર, બાદલપરા અને કાજલી ગામના સરપંચોને પ્રશસ્તિપત્ર એનાયત કરી બહુમાન કરવામાં આવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બિહારના મધુબનીથી પંચાયતી રાજ દિવસ-૨૦૨૫ રાષ્ટ્રવ્યાપી ઉજવણીનો પ્રારંભ કરાવ્યો હતો. નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચૌહાણ સહિત ઉપસ્થિત સર્વેએ ઈણાજ જિલ્લા પંચાયત



ખાતેથી વર્ચ્યુઅલ માધ્યમથી વડાપ્રધાન ના સંબોધનને નિહાળ્યું હતું. આ કાર્યક્રમમાં પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સ અન્વયે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી વિસ્તૃતમાં સમજૂતી આપવામાં આવી હતી.

જિલ્લા કક્ષાની ઉજવણીની સાથે જ તમામ તાલુકા કક્ષાએ પણ પ્રમુખના અધ્યક્ષસ્થાને પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સ કાર્યક્રમ અન્વયે વર્કશોપ યોજાઈ હતી. જિલ્લાના કુલ છ તાલુકા પંચાયત ખાતે તેમજ ૩૨૯ ગ્રામ પંચાયતોમાં પણ આ કાર્યક્રમ અંતર્ગત ખાસ ગ્રામસભાઓ યોજાઈ હતી.

# ઉનામાં રાશનકાર્ડમાં વિતરણ કરાયેલો ૨૫ મણ ઘઉં-ચોખાનો શંકાસ્પદ જથ્થો ઝડપાયો

**સમય મિરર | ઉના**

ઉના તાલુકા નાં કંસારી ભાચા ઝુડવડલી ભડીયાદર મેણ સહિત નાં ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી દીનદયાળ ઉપાધ્યાય રાશનકાર્ડ લાયસન્સ ધરાવતી દુકાનો માં આવતો દર મહિને અનાજ પુરવઠા નો જથ્થો રેશનકાર્ડ ઉપર કાર્ડ ધારકે મફતમાં મેળવી લીધાં પછી એ જ અનાજ નો જથ્થો રીક્ષા ટેમ્પો લઈ આવતાં લોકો ને વેંચી નાખી રોકડી કરી લેતાં હોવાનો કારોબાર બે ફામ રીતે ચાલી રહ્યો છે. આ ગેરકાનૂની પ્રવૃત્તિ ને અટકાવવા અને બીન જરૂરી કાર્ડ ધારકો ને અનાજ પુરવઠા નો માલ વિતરણ કરવાં નું બંધ કરવાં બાબતે થોડાં સમય પહેલાં સાગર ઉકાભાઇ પરમાર દ્વારા મામલતદાર અને જિલ્લા રાજ્ય સરકાર સુધી રજુઆત કરવામાં આવી હતી.

જે અંતર્ગત ઉના મામલતદાર ડી.કે. ભીમાણી તેમજ પુરવઠા નાયબ મામલતદાર તેજલબેન સહિત નાં સ્ટાફે ગત સાંજે ચાચકવડ રોડ ઉપર થી પસાર



થતી એક ડીઝલ રીક્ષા ને અટકાવી તલાશી લેતાં અલગ અલગ પ્લાસ્ટિક નાં બાચકા માં ભરેલ ઘઉં ચોખા નો જથ્થો જોવાં મળતાં આ જથ્થો શંકાસ્પદ રેશન પુરવઠા નો હોવાનું જોવા મળ્યું હતું. રીક્ષા ચાલક ની પુછપરછ કરાતાં યોગ્ય સંતોષ પુર્વક જવાબ આપી શકયો ન હતો. માલ ખરીદી અંગે બીલો નહીં હોવાથી પુરવઠા વિભાગ દ્વારા મામલતદાર ની સુચના થી અંદાજીત ૨૫ મણ ઘઉં ચોખા નો જથ્થો રીક્ષા સાથે કબ્જે કરી ને મામલતદાર કચેરીમાં સીઝ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# બાગાયત વિભાગની સહાય યોજનાના લાભ માટે આઈ-ખેડૂત પોર્ટલ ખૂલ્લું મુકાયું

**સમય મિરર | વેરાવળ**

બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓ માટે વર્ષ : ૨૦૨૫ ૨૬ માટે બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી ઘટકો માટે આઈ-પોર્ટલ ખૂલ્લું મૂકવામાં આવ્યું છે વિવિધ ઘટકોની સહાય માટે નવીન આઈ-ખેડૂત પોર્ટલ ૨.૦ તા. ૨૪/૦૪/૨૦૨૫ થી તા. ૩૧/૦૫/૨૦૨૫ સુધી ખૂલ્લુ મુકવામાં આવ્યું છે. વિવિધ સહાયનો લાભ લેવા માંગતા બાગાયતદારોએ www.ikhedut.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

ચાલુ વર્ષઃ ૨૦૨૫-૨૬થી નવીન આઈ- ખેડૂત પોર્ટલ ૨.૦ પર નોંધણી કર્યા બાદ જ ખેડૂતો અરજી કરી શકશે. તેમજ અરજીમાં જણાવ્યા મુજબના કાગળો અપલોડ કરી અરજી કન્ફર્મ કરી અરજીની પ્રિન્ટ લઇ ખેડૂતોએ પોતાની પાસે જ રાખવાની રહેશે. જેની નકલ મંજૂરી મળ્યા બાદ ક્લેઈમ સબમીટ કરતી વખતે સહી કરી જરૂરી સાધનિક કાગળો સહિત નાયબ બાગાયત નિયામકની કચેરી, નગર પાલિકા સામે, વિનાયક પ્લાઝા, ત્રીજો માળ, ટેલીફોન નં. ૦૨૮૭૬-૨૪૦૩૩૦, વેરાવળ ખાતે બીનચૂક જમા કરાવવાના રહેશે. ઉલ્લેખનીય છે કે, આઈ-પોર્ટલ થકી અરજદારો કાચા મંડપ, અર્ધ પાકા મંડપ, પાકા મંડપ, શાકભાજી પાકોમાં પ્રાકૃતિક ખેતી, સરગવાની ખેતી, ખેતર પરના ગ્રેડીંગ શોર્ટીંગ પેકિંગ એકમ ઉભા કરવા, કાપણીના સાધનો, પ્રોસેસીંગના સાધનો, બાગાયતી પાકના પ્રોસેસીંગના નવા યુનિટ, આંબા / જામફળ ફળપાક ઉત્પાદક્તા વધારવાનો કાર્યક્રમ, આંબા / લીંબુ ફળપાકના જુના બગીચાઓને નવસર્જન માટે, કમલમ ફળ ( ડ્રેગન ફ્રુટ )ના વાવેતર માટે સહાય, નાળીયેરી વાવેતર વિસ્તાર સહાય, પપૈયા/કેળ ફળપાક ઉત્પાદકતા વધારવાનો કાર્યક્રમ, ફળપાક પ્લાન્ટીંગ મટીરીયલમાં સહાય મેળવી શકશે. ઉપરાંત પોલી હાઉસ/નેટ હાઉસ, સ્વરોજગારલક્ષી બાગાયતી નર્સરી વિકાસ કાર્યક્રમ, ટીસ્યુકલ્ચર ખારેક, ઘનિષ્ઠ ખેતીથી વાવેલ ફળપાકો, પપૈયા / કેળ (ટીસ્યુ)માં સહાય, ઔષધિય/સુગંધિત પાકોના વાવેતર માટે સહાય, ક્રોપ કવર ( શાકભાજી પાકો માટે ), ક્રોપ કવર/બેગ (કેળ/પપૈયા પાક માટે), ટુલ્સ, ઈક્વીપેમન્ટ, શોર્ટીંગ/ગ્રેડીંગના સાધનો-પીએચએમના સાધનો ( વજનકાંટો, પેકીંગ મટિરીયલ્સ, શોર્ટીંગ/ગ્રેડીંગ મશીનરી જેવા સાધનો સાથે પ્લાસ્ટીક ક્રેટસ) ડ્રીપ ઈરીગેશન માટે પાણીના ટાંકા, દાડમ ક્રોપ કવર / ખારેક બંચ કવર, ફ્રુટ કવર ( આંબા/દાડમ/જામફળ/સિતાફળ/કમલમ), બાગાયત પેદાશની પોસ્ટ હાર્વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત પેકીંગ મટીરીયલ્સમાં સહાય, મહિલા તાલીમાર્થીઓને વૃતિકા ( સ્ટાઈપેંડ ), કોલ્ડ ચેઈન મેનેજમેન્ટ કાર્યક્રમ, હવાઈ માર્ગે બાગાયત પેદાશની નિકાશ માટેના નૂરમાં સહાય મેળવી શકશે.

# વેરાવળની શિશુ મંદિર ઈન્ટરનેશનલ સ્કૂલમાં પૃથ્વી દિવસની ઉજવણી નિમિત્તે વૃક્ષારોપણ કરાયું

**સમય મિરર | વેરાવળ**

પૃથ્વી દિવસની ઉજવણીમાં વેરાવળ શિશુ મંદિર ઈન્ટરનેશનલ સ્કૂલે તેના કેમ્પસમાં વૃક્ષારોપણ અભિયાનનું આયોજન કરી પર્યાવરણ પ્રત્યે જવાબદારી લેવા માટે વિધાર્થી ઓને પ્રેરણા આપી હતી. વિવિધ ધોરણના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક વિવિધ પ્રજાતિના છોડના રોપાઓ વાવીને પ્રકૃતિની સંભાળના મૂલ્યોને પ્રોત્સાહન આપ્યું હતું.



આ પહેલમાં એક વિચારશીલ ડિજિટલ સ્પર્શ ઉમેરતા દરેક રોપાની સાથે એક વિશેષ લેમિનેટેડ કયુઆર કોડ અને ટેગ મૂકવામાં આવ્યા હતા. જેમાં છોડની પ્રજાતિ અને તેને રોપનાર વિધાર્થી ઓના નામ વિશે માહિતી દર્શાવવામાં આવી હતી. આ નવીન પગલું વિદ્યાર્થી ઓ અને તેમના છોડ વચ્ચે વ્યક્તિગત બંધનને પ્રોત્સાહન આપશે અને આ પ્રવૃત્તિને શૈક્ષણિક અને ઈન્ટરેક્ટિવ પણ બનાવશે. આ નવી પહેલનો ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં પર્યાવરણીય જાગૃતિ અને છોડ સાથે એક લાગણીની ભાવના જગાડવાનો હતો. કયું આર ટેક્નોલોજીને ઈકોલોજી સાથે જોડીને, શાળાએ સર્વગ્રાહી શિક્ષણ અને પર્યાવરણીય નેતૃત્વ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા ને મજબૂત કરી હતી. આ પ્રસંગે શાળા ના ડિરેક્ટર પૂર્ણેશ જૈન અને આચાર્ય રાજેશ શ્રીવાસ્તવ અને શિક્ષકોએ પણ વિદ્યાર્થીઓ સાથે જોડાયા હતા અને આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં બાળકો ના સક્રિય ભાગીદારીની પ્રશંસા કરી હતી. શિક્ષકો દ્વારા બાળકોને રોપાઓની લાંબા ગાળાની સંભાળના મહત્વ પર ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમનું સમાપન વિદ્યાર્થીઓ દ્વારા તેમના લીલા સાથીઓની રક્ષા અને સંભાળ રાખવાની પ્રતિજ્ઞા સાથે થયું હતું.

# શ્રીનગરમાં ફસાયેલો રાજકોટનો પરિવાર ગુજરાત સરકાર, જિલ્લા વહિવટી તંત્રની મદદથી સલામત રીતે ઘરે પહોંચ્યો

■ તંત્રે શ્રીનગરથી અમદાવાદ સુધી ફ્લાઈટ અને અમદાવાદથી રાજકોટ સુધી ટેક્સીની વ્યવસ્થા વિનામૂલ્યે કરી આપી

■ તંત્રની સમયસર મદદ અને સંવેદનશીલ અભિગમ માટે આભાર માનતો પરિવાર



સમય મિરર | રાજકોટ

કાશ્મીરમાં લેન્ડ સ્લાઈડિંગ પછી પહલગાંવમાં થયેલા આતંકી હુમલા વખતે રાજકોટનો એક પરિવાર શ્રીનગરમાં ફસાયો હતો. તમામ રોડ-રસ્તા બંધ હતા અને ફ્લાઈટ્સ ફુલ જતી હતી. આ વખતે ગુજરાત સરકાર અને રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર તેમની વહારે આવ્યું હતું અને ફ્લાઈટ તેમજ ટેક્સીની વ્યવસ્થા વિનામૂલ્યે કરી આપી. જેના કારણે આ પરિવાર સલામત રીતે પોતાના ઘરે પહોંચ્યો છે.

રાજકોટમાં માધાપર ચોકડી નજીક ર-શ્રીરામ પાર્કમાં રહેતા ૩૮ વર્ષીય નિરવ રમેશભાઈ આચાર્ય પત્ની કિરણ તથા પુત્ર જ્ઞાનેશ તથા તીર્થ સાથે કાશ્મીરના પ્રવાસે ગયા હતા. નિરવ આચાર્યના જણાવ્યા પ્રમાણે, તેઓ ૧૮મી એપ્રિલે શ્રીનગર પહોંચ્યા હતા અને ૧૯મી તારીખે બ્રિજ તૂટ્યો હતો. આ સમયે તેઓ કટરા, વૈષ્ણોદેવીમાં હતા. એ પછી તેઓ નજીકના સ્થળોએ ફરીને ૨૨મીએ ગુલમર્ગ થઈને સાંજે શ્રીનગર પહોંચ્યા હતા. ૨૩મીએ તેઓ પહલગાંવ જવાના હતા. પરંતુ ૨૨મીએ સાંજે તેમને પહલગાંવમાં આતંકવાદી હુમલો થયાના સમાચાર મળ્યા હતા.

તેમના જણાવ્યા પ્રમાણે, આ સમાચાર સાંભળીને તેઓ ખૂબ દુઃખી થયા હતા. પરિવાર સાથે હોવાથી ચિંતા હતી પણ શ્રીનગરમાં હોટેલમાં તેઓ સલામત છે એવું આશ્વાસન સ્થાનિકો તરફથી મળ્યું હતું. આ પછી આગળનો પ્રવાસ ટૂંકાવીને રાજકોટ પરત ફરવાનું નક્કી કર્યું. લેન્ડ સ્લાઈડિંગથી નેશનલ હાઈવે નંબર ૪૪ સહિતના રોડ બંધ હતા. ફ્લાઈટસ પણ લિમિટેડ હતી અને ફુલ જતી હતી. ભાડા પણ અતિશય ઊંચા હતા. આથી તેઓ મુંઝાયા હતા.

દરમિયાન તેમને સોશિયલ મીડિયા પરથી ગુજરાત સરકાર તથા રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર કાશ્મીરમાં ફસાયેલા પરિવારોની મદદ માટે સક્રિય હોવાની માહિતી મળી હતી. આથી તેમણે ૨૩મી એપ્રિલે ગુજરાત ટૂરિઝમની ઓફિસમાં ફોન કર્યો. જ્યાંથી તેમને રાજકોટ જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોશીનો નંબર મળ્યો હતો. એ પછી તેમણે કલેક્ટરશ્રી સાથે વાત કરી ત્યારે કલેક્ટર શ્રી પ્રભવ જોશી તરફથી તેમને પૂરી મદદ અને વ્યવસ્થાની હૈયાધારણા મળી હતી. દરમિયાન સોશિયલ મીડિયા પરથી તેમને ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની કચેરીનો નંબર મળતાં, ત્યાં સંપર્ક કર્યો. આ સમયે પણ ફોન પર પૂરી હિંમત આપી વ્યવસ્થાની ખાતરી અપાઈ હતી.

નિરવ આચાર્યના જણાવ્યા પ્રમાણે, એ પછી રાજકોટ કલેક્ટર કચેરીમાંથી ફોન આવ્યો હતો અને અમારી બધી વિગતો નોંધી લેવાઈ હતી. આ દરમિયાન આસિસ્ટન્ટ ડિસ્ટ્રીક્ટ કલેક્ટર, સ્ટેટ રિલીફ ફંડ તેમજ ગાંધીનગરથી ડિવાયએસપી ચુડાસમા તેમજ અન્ય ઉચ્ચ અધિકારીઓના ફોન આવ્યા હતા અને અમને હિંમત સાથે વ્યવસ્થાની હૈયાધારણા આપી હતી.

એ પછી ૨૪મી એપ્રિલે બપોરે સ્ટેટ રિલિફ ફંડમાંથી ફોન આવ્યો હતો અને અમારા આધારકાર્ડ સહિતની વિગતો લઈને પરત જવાની વ્યવસ્થા ગોઠવાતી હોવાની ખાતરી અપાઈ હતી. એ પછી સાંજે ચાર વાગ્યે કોલ આવ્યો અને રાતે સવા આઠ વાગ્યાની ફ્લાઈટમાં જવાની અમારી વ્યવસ્થા ગોઠવાઈ હોવાનું જણાવાયું હતું. આથી અમે સાંજે સાત કલાકે શ્રીનગર એરપોર્ટ પહોંચ્યા હતા. જ્યાંથી અમારા ચાર સહિત ભાવનગરના ચાર બહેનો તેમજ અમદાવાદના એક બહેન મળીને કુલ નવ બહેનોને ઈન્ડિગોની ફ્લાઈટના બોર્ડિંગ પાસ આપીને દિલ્હીની ફ્લાઈટમાં બેસાડાયા હતા. અમે ૨૪મીએ રાતે ૧૦.૩૦ કલાકે દિલ્હી પહોંચ્યા હતા. ત્યાંથી સવારે ૪.૪૫ કલાકની અમદાવાદની ફ્લાઈટની ટિકિટની વ્યવસ્થા ગુજરાત સરકારે કરી રાખી હતી. આ ફ્લાઈટમાં અમે સવારે ૬.૦૫ કલાકે અમદાવાદ પહોંચ્યા તો, ત્યાંથી રાજકોટ સુધીની ટેક્સીની વ્યવસ્થા જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોશીની સૂચના મુજબ કરી રાખવામાં આવી હતી. આ દરમિયાન ગુજરાત સરકાર તેમજ જિલ્લા વહીવટી તંત્રના વિવિધ અધિકારીઓ સતત અમારી સાથે સંપર્કમાં હતા. એ પછી આ ટેક્સીમાં અમે બપોરે રાજકોટ પહોંચ્યા છીએ. નિરવ આચાર્યએ ઉમેર્યું હતું કે, પરત આવવા માટે ફ્લાઈટની ટિકિટથી લઈને ટેક્સી સુધીની તમામ વ્યવસ્થા સરકારી તંત્ર દ્વારા વિનામૂલ્યે કરી આપવામાં આવી છે, અમારે એક રૂપિયો ખર્ચવો નથી પડ્યો.

જો આ સરકારી મદદ ના મળી હોત તો આટલા સહેલાઈથી અમે રાજકોટ ના પહોંચ્યા હોત. આટલા સરળ, સલામત પરિવહન માટે તેમણે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, રાજકોટ જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોશી તેમજ અન્ય અધિકારીઓનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

---

### પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના થકી

# જેતપુરના શ્રમિક પરિવારની દીકરીના હૃદયની સર્જરી કરાઈ

**વિનામૂલ્યે સર્જરી બાદ બાળકી સ્વસ્થ છે, નિયમિત સ્કૂલે જાય છે**



સમય મિરર | રાજકોટ

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના કાર્યક્રમ અંતર્ગત જેતપુરનાં શ્રમિક પરિવારનાં દીકરીની ડોક્ટર્સ દ્વારા વિનામૂલ્યે હૃદયની ખામી દૂર કરવા માટે સર્જરી કરવામાં આવી હતી.

અનિલભાઈની પુત્રી યશસ્વી જન્મ પહેલા જ હૃદયની ખામી ધરાવતી હતી. તા.૦૮ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ જન્મેલી યશસ્વીને છ વર્ષની વયે શાળામાં અભ્યાસ અર્થે મુકવામાં આવી. શાળામા તા.૨૭ જુલાઈ ૨૦૨૪ ના રોજ રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત જેતપુરની RBSK ટીમના ડો. જયેશ પાઘડાર આને ડો. રાધિકા હીરપરા દ્વારા બાળકોનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું જેમાં તપાસ કરતા યશસ્વીના હૃદયમાં તકલીફ હોવાનું પ્રાથમિક નિદાનમાં જણાયું હતુ. આ અંગેની જાણ તેમના પરીવારને કરતા યશસ્વીના પરીવારજનો ચિંતિત અને દુખી થઇ ગયા હતા. પણ આરબીએસકેની ટીમે બાળકને હૃદયની તકલીફની સારવાર વિશે દીકરીનાં વાલીને સમજાવી સરકારશ્રીની રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અને પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના વિશે વિસ્તૃત વાત કરી બાળકને જોઈતી તમામ સારવાર વિનામૂલ્યે મળશે તેમ જણાવી સાંત્વના આપી હતી. ત્યારબાદ પરિવારજનો સહમત થતાં યશશ્વીને વધુ તપાસ માટે સીવીલ હોસ્પિટલ રાજકોટ ખાતે રીફર કરવામાં આવી હતી. જ્યાં તેને હૃદયમાં ખામી હોવાનું સામે આવતા યશસ્વીનો પારીવાર પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત રાજકોટની ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવા સંમત થયા હતા. તા ૨૨ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ તજજ્ઞ ડોક્ટરોની ટીમે યશસ્વીની સફળતાપૂર્વક સર્જરી કરી હતી. ત્યારબાદ ગત તા.૦૩ એપ્રિલ ૨૫ના યશસ્વીની ફોલોઅપ તપાસ કરવામા આવી હતી. હાલ યશશ્વીનું સ્વાસ્થ્ય ખુબ જ સારુ છે બાળકી હવે પોતાની જિંદગી સરળતાથી જીવે છે અને શાળાએ પણ જાય છે. દીકરીનાં પિતા અનિલભાઇ અને તેમના પરીવારે આર. બી.એસ.કે. ટીમ, ડોક્ટર્સ તથા સરકારશ્રી પ્રત્યે આભાર વ્યક્ત કરી મેડિકલ ટીમની કામગીરીને બિરદાવી હતી.

જિલ્લામાં RBSK ટીમ દ્વારા કરવામાં આવતી કામગીરી વધુને વધુ બાળકોને લાભ થાય અને બાળક તંદુરસ્ત રહે તે માટે જિલ્લા વિકાસ અધીકારીશ્રી અનંદુ સુરેશ ગોવિંદ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.આર.આર. ફુલમાલીના માર્ગદર્શનમાં વખતો વખત મીટીંગો યોજી કાર્યક્રમનુ આયોજન અને મુલ્યાંકન કરવામાં આવે છે તથા RBSK ટીમને માર્ગદર્શન આપવામાં આવે છે.

---

**રાજકોટ જિલ્લાની અનોખી બેંક ''ગૌમૂત્ર બેંક''**

# પ્રાકૃતિક ખેતીને વેગ આપવા ''પોષણ પ્રાકૃતિક ફાર્મ'' દ્વારા ગૌમૂત્ર બેંક થકી ગાયના નિભાવમાં કરવામાં આવે છે સહાય

### ગૌમૂત્રમાંથી બનાવાય છે પંચગવ્ય ઉત્પાદનોઃ અર્ક અને જૈવ રસાયણ દ્વારા પ્રાકૃતિક ખેતીને વધુ સમૃદ્ધ બનાવવાના પ્રયાસો કરતાં રાજુભાઈ પટોળીયા

સમય મિરર | રાજકોટ

પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકાર દ્વારા વિવિધ રીતે ખેડૂતોને સહાય કરવામાં આવી રહી છે ત્યારે રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના બોરડી સમઢીયાળા ગામના ખેડૂત શ્રી રાજુભાઈ પટોળીયાએ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને વ્યવહારુ રીતે પડતી મુશ્કેલીઓ વિશે જાણી વિશિષ્ટ બેંકની રચના કરી છે. રાજુભાઈ પટોળીયાએ પોતાના ત્રણ એકરના ખેતરમાં પ્રાકૃતિક ખેતી સાથે જ ગૌમુત્ર બેંક બનાવી અર્ક બનાવવાનું માળખું બનાવ્યું છે.

વર્ષ ૨૦૧૧માં પ્રાકૃતિક ખેતીના પાઠ ભણેલાં શ્રી રાજુભાઈ પટોળીયાએ અન્ય ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતી તરફ વાળવા માટે અવિરત પ્રયાસો કર્યા, ખેડૂતોની મુલાકાત સમયે તેમને જાણવા મળેલા પ્રશ્નોમાં ગાયના નિભાવનો પ્રશ્ન પણ હતો. જેને ધ્યાને લઈને રાજુભાઈએ પોતાના ખેતર ''પોષણ પ્રાકૃતિક ફાર્મ'' ખાતે ગૌમુત્ર બેંક બનાવી.આ બેંકમાં આસપાસના ખેડૂતો ૧૦ રૂપિયા પ્રતિ લીટર પોતાની ગાયનું ગૌમુત્ર વેચી શકે છે. આ પ્રકારે મળતી નાની સહાય પણ ગાયના નિભાવમાં મદદરૂપ બની રહી છે.

રાજુભાઈએ જણાવ્યું હતું કે, ૨૦૧૧ થી પ્રાકૃતિક ખેતી કરતા અમે ૨૦૨૪માં રાજકોટ જિલ્લામાં આત્મનિર્ભર ગૌ -પ્રાકૃતિક સમૂહ બનાવ્યો. તેમાં અનેક ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા માટે સતત શિબીરો કરી જોડવાના પ્રયાસો કર્યા, સાથે જ ખેડૂતોને મદદરૂપ થવા માટે ગૌમૂત્ર બેંક ચાલુ કરી.આ ગૌમૂત્ર બેંકમાં ગૌમુત્રની ખરીદી કરી તેનાથી પંચગવ્યના વિવિધ ઉત્પાદનો બનાવવામાં આવે છે. ખેતર ખાતે ખાસ કરવામાં આવેલી વ્યવસ્થામાં બોઇલરમાં ગૌમૂત્ર અને વનસ્પતિના પાનના મિશ્રણને ઉકાળી નિસ્યંદન પ્રક્રિયા દ્વારા પ્રાકૃતિક અર્ક બનાવવામાં આવે છે.આ અર્ક પ્રાકૃતિક દવા સ્વરૂપે ખેડૂતો કે કિચન ગાર્ડન કરતાં કોઈપણ પ્રાકૃતિક ખેતી પ્રેમી લોકોને વેચવામાં આવે છે. આમ, ગૌમૂત્ર ખરીદી દ્વારા તો ખેડૂતોને મદદરૂપ થવામાં આવી જ રહ્યું છે સાથે જ આ પ્રાકૃતિક દવાઓ તૈયાર કરી ખેડૂતોને આપવાથી નાના અને અતિ વ્યસ્ત ખેડૂતોનો સમય બચે છે. આ દવા અને અર્ક વિશે વધુ ઉમેરતાં રાજુભાઈએ કહ્યું હતું કે, ગૌમુત્ર ઉપરાંત પાણી અને ગોળની નિયત માત્રા સાથે લીંબુ, કેસુડાના ફૂલ, બિલી વગેરેના જૈવ રસાયણ પણ બનાવવામાં આવ્યા છે. જેમાં પોષણ અર્ક, કુચલા અર્ક, નીમસ્ત્ર, પુષ્પ રસાયણ જેવા પાંચ પ્રકારના જૈવ રસાયણોનો ખેતીમાં ફુલ આવવા સમયે કે પાન પીળા પડી જવાના સમયે ખેડૂતો સ્પ્રે કરીને કે જમીનમાં પિયતમાં આપીને સારું પરિણામ મેળવી શકે છે. તેમણે અપીલ કરતાં કહ્યું હતું કે, અન્નદાતાઓ એવા ખેડૂતો લોકોને પ્રાકૃતિક ઉત્પાદનો ખવડાવવા માટે પ્રતિબધ્ધ છે જેનો લાભ ખાનાર પરિવારોએ લઈ પોતાના બાળકોને એટલે કે આવનારા ભવિષ્યને મજબૂત કરવા જોઈએ.

અનોખી પહેલ સાથે પ્રાકૃતિક ખેતીમાં સહાયક બનતી આ ગૌમૂત્ર બેંકથી આજે જેતપુર તાલુકાના અનેક ગામના ખેડૂતોને ગૌનિભાવમાં સહાય સાથે માર્ગદર્શન અને પ્રાકૃતિક ખેતીને વેગ મળી રહ્યો છે.

---

### મેદસ્વિતામુક્ત ગુજરાત, મેદસ્વિતામુક્ત રાજકોટ

# નિયમિત વોકિંગ અને આહાર નિયંત્રણ થકી રાજકોટના નીતાબહેને ૨૦ કિલો વજન ઘટાડ્યું

સમય મિરર | રાજકોટ

''એક સમયે મારું વજન લગભગ ૯૫ કિલો હતું. થોડું ચાલવાનું થાય તો ઘૂંટણમાં દુખાવો થવા લાગતો, બ્લડપ્રેશર અને ડાયાબિટિશના લક્ષણો શરૂ થઈ ગયા હતા... પણ આજે મારું વજન ૭૫ કિલો છે. રોજ કલાક વોક કરું છું. સળંગ દોઢ-બે કલાક ચાલી શકું. કોઈ તકલીફ નથી થતી.'' આ શબ્દો છે રાજકોટનાં ૪૭ વર્ષીય નીતાબહેન અશ્વિનભાઈ ગોસ્વામીના.

ત્રણેક વર્ષ પહેલાં વધુ પડતા વજન, મેદસ્વિતાથી પરેશાન નીતાબહેન આજે મેદસ્વિતામુક્ત છે. ગુજરાત સરકારે શરૂ કરેલા 'મેદસ્વિતામુક્ત ગુજરાત અભિયાન'ને તેઓ સારી પહેલ માને છે.

રાજકોટના ભક્તિનગરમાં ગાયત્રીનગર મેઈન રોડ વિસ્તારમાં રહેતાં નીતાબહેન ગોસ્વામી કહે છે કે, ત્રણેક વર્ષ અગાઉ મારું વજન ૯૪ કિલો ૯૦૦ ગ્રામ જેટલું હતું. વધુ વજનના કારણે ડાયાબિટિશ તથા બી.પી.ની સમસ્યા પણ શરૂ થઈ ગઈ હતી અને તેના નિયંત્રણ માટે દવાઓ લેવી પડતી હતી. ઘૂંટણનો દુખાવો થવા લાગ્યો હતો. પગથિયા ચઢતી વખતે હાંફ ચઢતી હતી. ડોક્ટરને બતાવ્યું ત્યારે તેમણે કહ્યું હતું કે, સ્વસ્થ જીવન જીવવું હશે તો મેદસ્વિતા-વજન ઓછું કરવું જ પડશે. નહીં તો દવાઓ લેવી પડશે.

એવી કઈ ક્ષણ હતી કે વજન ઘટાડવા મક્કમ નિર્ધાર કર્યો? તેના જવાબમાં તેઓ કહે છે કે, એ અરસામાં અમે પાવાગઢ ગયા હતા. જ્યાં ડુંગરના પાંચ પગથિયા ચડતા જ હાંફ ચડવા લાગી, ત્યારે



મનમાં લાગી આવ્યું કે, આવું તો ના જ ચાલે. શરીર સ્વસ્થ હોવું જ જોઈએ. પછી મેદસ્વિતામુક્ત થવા માટે મનમાં ગાંઠ વાળી.

કેવી રીતે ઘટાડ્યું વજન? તે અંગે તેઓ કહે છે કે, એ પછી ધીમે-ધીમે રોજ સાંજે ચાલવાનો ક્રમ શરૂ કર્યો. આ સાથે ખોરાકમાં સુગરવાળા, ભારે કાર્બોદિત તથા ફેટવાળા પદાર્થો લેવાના બંધ કર્યા. બહારનું જમવાનું પણ બંધ કર્યું. ઘરે પણ જરૂર પૂરતું જ ભોજન લેવાનું, ઓવર ઈટિંગ નહીં કરવાનું. શરૂઆતમાં ચાલવામાં તકલીફ તો પડતી. પણ નિર્ધાર અડગ હતો. શરૂઆતમાં ૧૫થી ૨૦ મિનિટ વોક કરતી. પછી શરીરમાં સ્ફૂર્તિ આવતી ગઈ તેમ ચાલવાનો સમય વધારતી ગઈ.

આ બધામાં દ્રઢ નિર્ધાર સાથે નિયમિતતા પણ એટલી જ જરૂરી છે, એમ જણાવતા નીતાબહેને કહ્યું કે, આજે હું રોજ પાંચ કિલોમીટરનું અંતર આશરે એકાદ કલાકમાં ચાલી નાખું છું. સળંગ દોઢ-બે કલાક ચાલવામાં કોઈ તકલીફ નથી પડતી.

ચારેક માસ અગાઉ વજન માપ્યું ત્યારે ૮૫ કિલો થયું હતું. આજે મારું વજન ૭૫ કિલો છે. આમ છેલ્લા ચાર માસમાં જ ૧૧ કિલો વજન ઘટાડ્યું છે.

તેમણે ઉમેર્યું હતું કે, આ સાથે બોર્ડરલાઈન પર આવી ગયેલા બી.પી., ડાયાબિટિસ એકદમ નોર્મલ થઈ ગયા છે. ઘૂંટણનો દુખાવો પણ ગાયબ થઈ ગયો છે. શરીરમાં સ્ફૂર્તિ લાગે છે. હવે પગથિયાં પણ સહેલાઈથી ચઢી શકાય છે. હવે તંદુરસ્તી ખૂબ સારી થઈ ગઈ છે, તો ચાલવાનો પણ ઉમંગ રહે છે. હાલમાં જ ચોટીલાનો ડુંગર ચઢીને આવ્યા છે અને તે પણ થાક્યા વિના!

'મેદસ્વિતામુક્ત ગુજરાત અભિયાન' વિશે તેઓ કહે છે કે, ગુજરાત સરકારે શરૂ કરેલું આ અભિયાન ખૂબ જ સારું છે. તેનાથી એક માહોલ બનશે અને લોકોને મેદસ્વિતામુક્ત થવાની, તંદુરસ્ત રહેવાની પ્રેરણા મળશે.

નીતાબહેનના પતિ ડો. અશ્વિન ગોસ્વામી જણાવે છે કે, વજન-મેદસ્વિતા ઘટાડવા માટે બહારનું જંકફૂડ ટાળવું. શરીરને શ્રમ મળે તેવા કાર્યો કરવા. સ્પોર્ટ્સ એક્ટિવિટીમાં જોડાવું. બહાર વેચાતા ઠંડા-પીણામાં પુષ્કળ ખાંડ હોય છે. આઈસ્ક્રીમ તેમજ વધુ પડતા ગળ્યા, ચરબીવાળા પદાર્થોનું સેવન ટાળવું જોઈએ. તેની સામે સિઝનલ ફ્રૂટ તથા શાકભાજીનું સેવન વધારવું જોઈએ.

---

# રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણીની અધ્યક્ષતામાં સરસ મેળાનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો

**સખી મેળા મહિલાઓમાં રહેલી સુષુપ્ત કલાઓને ખીલવવાનું માધ્યમ બન્યા છે જિલ્લા પંચાયત પ્રમુખ**

**સરસ મેળો રાજકોટના પ્રાઈમ લોકેશન પર હોવાથી બહેનોને બહોળા વેચાણનો લાભ મળશે : ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ**





૪ મે સુધી આયોજિત સરસ મેળામાં ૫૦ ક્રાફ્ટ સ્ટોલ અને ૧૧ લાઈવ ફૂડ સ્ટોલ મળીને કુલ ૬૧ સ્ટોલ ઉપલબ્ધ




પહલગામ દુર્ઘટનાના દિવંગતોને મૌન પાળી શ્રદ્ધાંજલિ અપાઈ

સમય મિરર | રાજકોટ

રાજકોટ શહેરમાં રેસકોર્ષ મેદાન ખાતે તા. ૨૫ એપ્રિલના રોજ રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રવીણાબેન રંગાણીની અધ્યક્ષતા અનેધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહની વિશેષ ઉપસ્થિતિમાં ''સરસ મેળા-૨૦૨૫''નો ઉદઘાટન સમારોહ યોજાયો હતો. જેમાં મહાનુભાવોએ રીબીન કટ કરીને સરસ મેળાને જનતા માટે ખૂલ્લો મૂક્યો હતો તેમજ મેળાની મુલાકાત લીધી હતી.

રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ જણાવ્યું હતું કે, સ્ત્રીને જગદંબાનું સ્વરૂપ મનાય છે. દરેક નારીમાં શક્તિનો ધોધ સમાયેલો છે. ભારતીય સંસ્કૃતિમાં મહિલાઓના ૧૬ શણગાર અને ૬૪ કળાનું અનેરું માહાત્મ્ય છે. ત્યારે સખી મેળા મહિલાઓમાં રહેલી સુષુપ્ત કલાઓને ખીલવવાનું માધ્યમ બન્યા છે. સફળતાનો માર્ગ સરળ નથી, બહેનો અનેક પડકારોનો સામનો કરીને પરિવાર અને રોજગારની જવાબદારી નિભાવતી હોય છે, જે ધન્યવાદને પાત્ર છે. સશક્ત ભારતના નિર્માણમાં આત્મનિર્ભર નારીનું યોગદાન જરૂરી છે. કારણ કે મહિલાઓ પગભર બનશે તો તેમના થકી પરિવાર, પરિવાર થકી સમાજ અને સમાજ થકી રાષ્ટ્રની પ્રગતિ થશે. ત્યારે બહેનોને અનુરોધ છે કે, ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ વિશે પોતાની આસપાસની મહિલાઓને પણ જાગૃત કરે તથા તેઓને આર્થિક પગભર બનાવવા સખી મંડળોમાં જોડાવવાની પ્રેરણા આપે.

રાજકોટના ધારાસભ્ય દર્શિતાબેન શાહે મહિલા સશક્તિકરણ પર ભાર મુકતા જણાવ્યું હતું કે, વર્તમાનમાં તમામ ક્ષેત્ર મહિલાઓ આત્મનિર્ભર બની રહી છે. દેશના સર્વોચ્ચ રાષ્ટ્રપતિ તથા કેન્દ્રીય નાણા મંત્રીનું પદ મહિલાઓથી શોભી રહ્યું છે. પંચાયતથી પાર્લામેન્ટ સુધી મહિલાઓનું યોગદાન અમૂલ્ય છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ડ્રોનની તાલીમ મેળવી હજારો રૂપિયાની કમાણી થકી બહેનો પોતાના પરિવાર માટે આર્થિક રીતે મદદરૂપ થઈ રહી છે. રાજ્ય સરકાર દ્વારા આયોજિત આ સરસ મેળો રાજકોટના પ્રાઈમ લોકેશન પર હોવાથી બહેનોને બહોળા વેચાણનો લાભ મળશે, તેમ જણાવતા શ્રી દર્શિતાબહેને ઉમેર્યું હતું કે, બહેનો તદ્દન નિઃશુલ્ક રીતે આ મેળામાં ભાગ લઈ શકે છે સાથોસાથ વેકેશનના માહોલના કારણે વધુને વધુ રાજકોટવાસીઓ આ મેળાની મુલાકાત લેશે, જે સખી મંડળની મહિલાઓ માટે ફાયદાકારક રહેશે.

આ કાર્યક્રમનો આરંભ દીપ પ્રાગટ્યથી કરાયા બાદ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરાયું હતું. આજીવિકા મિશન મંગલમના અધિકારીશ્રી વી. બી. બસીયાએ શાબ્દિક સ્વાગત અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી એ. કે. વસ્તાણીએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. કાર્યક્રમમાં પહલગામ દુર્ઘટનાના દિવંગતોને મૌન પાળીને શ્રદ્ધાંજલિ અપાઈ હતી.

ઉલ્લેખનીય છે કે, રાજકોટ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અંતર્ગત ગુજરાત લાઇવલીહૂડ પ્રમોશન કંપની લિમિટેડ દ્વારા ૦૪ મે સુધી આયોજિત સરસ મેળામાં ૫૦ ક્રાફ્ટ સ્ટોલ અને ૧૧ લાઈવ ફૂડ સ્ટોલ મળીને કુલ ૬૧ સ્ટોલ ઉપલબ્ધ છે. સરસ મેળામાં ઓનલાઇન ડ્રો થકી ગુજરાતના તમામ જિલ્લાના છેવાડાના વિસ્તારોમાં વસતા અને આર્થિક પ્રવૃત્તિ સાથે જોડાયેલા સ્વસહાય જૂથોને સ્ટોલનો લાભ મળ્યો છે. જેમાં રાજકોટ જિલ્લાના વિવિધ તાલુકાના કુલ ૨૨ સ્વસહાય જૂથોનો સમાવેશ થાય છે. ગુજરાત સરકાર દ્વારા સ્ટોલધારકો માટે વિનામૂલ્યે રહેવા અને જમવાની વ્યવસ્થા કરાઈ છે. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનંદ સુરેશ ગોવિંદ, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઈલાબેન ગોહિલ સહિત અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, સખી મંડળની બહેનો તથા સ્ટોલધારકો ઉપસ્થિત રહ્યાં હતાં.

# રાજકોટમાં ટાઈટનના શો રૂમની ૭૨ લાખની ઘડિયાળ ચોરીનો ભેદ ઉકેલાયોઃ બિહારી ગેંગનો સાગરિત ઝબ્બે

**સમગ્ર દેશમાં ખાતર પાડી નેપાળમાં આશરો મેળવતી ટોળકી પકડવા પોલીસે વેશ પલ્ટો કરી ઓપરેશન પાર પાડ્યું; ૧૨ ઘડિયાળ જપ્ત**

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં ત્રિકોણ બાગ નજીક આવેલા ટાઈટનના શો રૂમમાંથી ૧૦૨ બ્રાન્ડેડ ઘડિયાળ અને રૂ. ૪ લાખ રોકડા મળી રૂા. ૭૩ લાખના મુદ્દામાલની ચોરીનો ભેદ ઉકેલવામાં ક્રાઈમ બ્રાંચને સફળતા મળી છે. ચોરીમાં બિહારના મોતીહારી જીલ્લાના ઘોડાસનની ચાદર ગેંગ તરીકે ઓળખાતિ ગેંગની સંડોવણી ખુલતા ક્રાઈમ બ્રાંચની ટીમે આ ગેંગને પકડવા બિહાર અને નેપાળ પહોંચી હતી અને નેપાળ બોર્ડર નજીકના એક ગામ માંથી ગેંગના પાંચ પૈકી એક શખસને ચોરાઉ ૧૨ ઘડિયાળો સાથે ઝડપી પાડ્યો હતો. ચોરીમાં સંડોવાયેલ ગેંગના અન્ય સભ્યોને પકડવા માટે ક્રાઈમ બ્રાંચની એક ટીમ નેપાળમાં રોકાણ કરી તપાસ ચાલુ રાખી છે.




ત્રિકોણ બાગ નજીક આવેલા ટાઈટનના શો-રૂમમાં ગત તા.૧૭ના રોજ વહેલી સવારે પાંચ શખસોએ આવી ૬૮.૮૩ લાખની ૧૦૨ કિંમતી ઘડિયાળો તેમજ ચાર લાખની રોકડની ચોરી કર્યાની ફરિયાદ નોંધાવી હતી. શટર ઉંચકીને માત્ર ૨૦ મિનિટની અંદર જ ચોરીને અંજામ આપી પાંચે શખસો નાસી છુટયા હતા. આ મામલે યાજ્ઞિક રોડ પર ન્યુ જાગનાથ પ્લોટમાં રહેતા શોરૂમના માલિક રવિભાઈ ભુપેન્દ્રભાઈ છોટાઈની ફરિયાદ નોંધી આ મામલે એ-ડીવીઝન અન તેમજ ક્રાઈમ બ્રાંચની ટીમે તપાસ શરૂ કરી હતી. આ ચોરીના સીસીટીવી ફૂટેજના આધારે તપાસ કરતા આ ગેંગ બિહારના મોતીહારી જિલ્લાની ચાદર ગેંગ હોવાની માહિતી મળતા ક્રાઈમ બ્રાંચની ટીમ બિહાર અને નેપાળ પહોચી હતી. આ ટોળકીના પાંચ સભ્યો પૈકી રાકેશ પંડિત નામના સાગ્રીતને ક્રાઈમ બ્રાંચની ટીમે નેપાળ નજીક બિહારના મોતીહારીના ઘોડાસનથી વેશપલટો કરી ચોરીની ૧૨ ઘડિયાળ સાથે ઝડપી લીધો હતો. બિહારનું ઘોડાસન ભારત અને નેપાળની બોર્ડર પર આવેલું છે. ચોરી કર્યા બાદ પોલીસ ધરપડકથી બચવા આ ગેંગના સભ્યો નેપાળ ભાગી જાય છે. વધારે સભ્યોની બનેલી આ ગેંગમાં ૨૦૦થી વધુ સભ્યો છે અને આ ગેંગ મુખ્યત્વે બ્રાન્ડેડ ઘડિયાળ, મોબાઈલ ફોન, કેમેરા અને જવેલરીના શો રૂમને નિશાન બનાવે છે. એટલે સવારે ૫ વાગ્યા દરમિયાન ચોરી કરવાની ટેવ ધરાવે છે. ગેંગના સૂત્રધારને શેઠજી કે માલિક કહેવામાં આવે છે. જે ગેંગના દરેક સભ્યોનો ખર્ચો ઉઠાવે છે. દસ સભ્યો જાય છે. જેમાં મુખ્યત્વે બે-ત્રણ સભ્યો પહેલવાન જેવા હોય છે. જેમની પાસેથી શટર તોડાવવાનું કે ખેંચાવવાનું કામ કરાવાય છે. બાકીના બે-થી ત્રણ સભ્યો પાતળા બાંધાના હોય છે. જેમનો થોડુ શટર ઉંચકાવી તે જગ્યામાંથી અંદર જઈ ચોરી કરવા માટે આ સભ્યોને પ્લેયર તરીકે ઓળખવામાં આવે છે. જે શો રૂમ કે દુકાનની અંદર જઈ ચોરી કરે છે. ગેંગના સભ્યો પોલીસને માસ્ટરજીના કોડવર્ડથી બોલાવે છે. કહેવાય છે કે ઘોડાસન શહેરમાં આ પ્રકારે ચોરી કરવાવાળી અંદાજે ૩૦ ગેંગ સક્રિય છે. આ ગેંગ દિવસના સમયે રેકી કરે છે. એટલું જ નહીં જે દુકાન કે શો રૂમમાં ચોરી કરવાની હોય ત્યાંથી થોડી ખરીદી પણ કરે છે. તેની સાથે તે દુકાન અને શો રૂમની અંદરની સ્થિતિનો તાગ મેળવી લે છે અને ચોરીને અંજામ આપે છે.ક્રાઈમ બ્રાંચની ટીમે વેશપલટો કરી છેલ્લા એક સપ્તાહમાં આ ગેંગની બધી માહિતી મેળવી ઉપર વોચ રાખી હતી. ક્રાઈમ બ્રાંચની એક ટીમ બિહારના મોતીહારી પંથકમાં અને બીજી ટીમ નેપાળમાં આ ટોળકીને પકડવા ઓપરેશન હાથ ધર્યુ હોય જેમાં સફળતા મળી હતી.

### ચાર રાજ્યોની પોલીસ કુખ્યાત ટોળકીને પકડવા ઝઝૂમતી રહી અને રાજકોટ ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડી

આ ગેંગનું નેટવર્ક ૧૮ રાજયમાં ફેલાયેલું છે. રાજકોટ ઉપરાંત મુંબઈ અને ગાજીયાબાદમાંથી પણ ગેંગે જ એક શો રૂમમાંથી ૩ કરોડ રૂપિયાની ઘડિયાળની ચોરી કરી હતી.આ ગેંગને ચાર રાજ્યોની પોલીસ શોધી રહી છે ત્યારે રાજકોટ ક્રાઈમ બ્રાંચને આ ટોળકીના સભ્યને પકડવામાં સફળતા મળી છે. આ ગેંગ ચોરી કરવા નીકળે ત્યારે સવારથી લઈ સાંજ સુધી પોતાના પરિવાર સાથે મોબાઈલ ફોન મારફત સંપર્કમાં રહે છે. તે વખતે માત્ર બધુ બરાબર છે એટલું જ કહે છે. જો તેઓ કોલ ન કરે તો પરિવારના સભ્યો કંઈક અજુગતુ થયું છે તેવું સમજી જાયદુકાન કે શો રૂમમાં ઘુસે ત્યારે પાછળથી બાકીના સભ્યો બહાર પોલીસ આવતી નથી તેની વોચ રાખે છે. એટલું જ નહીં ચોરી કરવા જાય ત્યારે બે ગ્રુપમાં વહેંચાય જાય છે. જે શહેરમાં ચોરી કરવા જાય ત્યાંના હોટલમાં રોકાણ કરે છે

# રાજકોટમાં એકલવાયું જીવન જીવતાં પ્રૌઢનો ઘરમાંથી કોહવાયેલો મૃતદેહ મળ્યો

**પ્રૌઢના મોતનું કારણ જાણવા ફોરેન્સિક પીએમ કરાવાયું; પરિવાર શોકમાં ગરકાવ**

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરના સોની બજાર વિસ્તારમાં રહેતા અને એકલવાયું જીવન જીવતા પ્રૌઢની તેના ઘરમાંથી કોહવાયેલી હાલતમાં લાશ મળી હતી. બનાવની જાણ થતા પોલીસ કાફલો ઘટના સ્થળી દોડી ગયો હતો અને મૃતદેહને ફોરેનસીક પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ સોની બજારમાં ગુજરી બજાર નજીક રહેતા અને ચંપલની દુકાનમાં નોકરી કરતા સબીરભાઈ અશગરઅલી માકડા (ઉ.વ.૫૫) નામના પ્રૌઢ બે દિવસ નોકરી ઉપર આવતા ન હોય જેથી શેઠ દ્વારા તેના પરિવારજનોને ફોન કરવામાં આવતા પરિવારજનો તપાસ કરવા માટે સબીરભાઈના ઘરે દોડી ગયા હતા. દરમિયાન ઘરમાથી દૂર્ગંધ આવતી હોય તપાસ કરતા



સબીરભાઈનો કોહવાયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગે પોલીસને જાણ કરતા એ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને ફોરેનસીક પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક ત્રણભાઈ બે બહેનમાં નાના અને અપરિણીત હતા તેઓ એકલવાયુ જીવન જીવતા હતા. હાર્ટએટેક આવી જતા બેભાન થઈ જવાથી મોત નીપજ્યાનું પ્રાથમિક અનુમાન સેવાઈ રહ્યું છે. જે કે ફેન્સિક પીએમ બાદ જ મૃત્યુનુ ચોક્કસ કારણ બહાર આવશે

# પાંચ કરોડના ચેક રિટર્ન કેસમાં દંડ અને સજા વધારવા જિલ્લા અદાલતમાં અપીલ દાખલ

**કોર્ટે એક વર્ષની સજા અને ચેક મુજબનું વળતર એક માસમાં ચૂકવવા હુકમ કર્યો'તો**

**સમય મિરર | રાજકોટ**

વાંકાનેરમાં આવેલી સૌરાષ્ટ્ર ઈન્ડસ્ટ્રીઝ ભાગીદારી પેઢી એન.પી.એ. થતાં નાગરિક બેંક દ્વારા ભાગીદારી પેઢીની મિલ્કતનું ઓકશન થનાર હતું. પરંતુ ભાગીદારી પેઢીના ભાગીદારોને પેઢીની ગુડવીલ અને મિલ્કત બચાવવા જે તે ઈન્ડસ્ટ્રીઝની મિલ્કત ઓકશનમાં કોઈપણ સગા મિલ્કત ખરીદી લે તેવી ઈચ્છા હતી. તેના માટે જોબનપુત્રા ફેમીલીએ કુટુંબના સભ્યો પાસેથી આર્થિક વ્યવસ્થા કરી સૌરાષ્ટ્ર ઈન્ડસ્ટ્રીઝના અન્ય ભાગીદાર અજય હરગોવિંદભાઈ જોબનપુત્રાના સાળા જીલેશ કાંતીભાઈ અનડકટ (રહે. આરાધના બિલ્ડીંગ, કાલાવાડ રોડ, રાજકોટ)ના નામે નાગરિક બેંકના


એડવોકેટ

ઓકશનમાં ટેન્ડર ભરી ઉભા રાખી રકમ જોબનપુત્રા ફેમીલીએ ભેગી કરી આપી હતી. ત્યારબાદ નાગરિક બેંકના ઓકશનમાં સૌથી ઉચી બીડ બોલી સૌરાષ્ટ્ર ઈન્ડસ્ટ્રીઝની મિલ્કત ફેકટરી તથા મશીનરી જીલેશ ઉનડકટના નામે ખરીદી લેવામાં આવી હતી. તેના અવેજ માટે લીધેલી લોન પણ તબકકે જોબનપુત્રા ફેમીલીએ બેંકમાં ભરપાઈ કરી આપી હતી. ત્યારબાદ બેંકનું તમામ લેણું ભરપાઈ થઈ ગયા બાદ જીલેશ ઉનડકટે સૌરાષ્ટ્ર ઈન્ડસ્ટ્રીઝની વાંકાનેર મુકામે આવેલી સ્થાવર મિલ્કત અને માલ મશીનરી ત્રાહિતને કરોડો રૂપિયામાં વેંચી મારી હતી. જે બાબતે ફરીયાદીઓને જાણ થતા નજીકના સગાઓને સાથે રાખી મીટીંગ કરી, આરોપીએ વેંચી નાખેલ મિલ્કતના અવેજમાંથી રૂા.૫ કરોડ ફરીયાદી સૌરાષ્ટ્ર ઈન્ડસ્ટ્રીઝ તથા તેના ભાગીદારોને આપવાનું નકકી થતાં જીલેશ ઉનડકટએ ફરીયાદી પેઢીની તરફેણમાં રૂ.૫ કરોડનો ચેક ઈશ્યુ કરી આપ્યો હતો. જે ચેક પરત ફરતા પાઠવેલી નોટીસનો યોગ્ય પ્રત્યુતર નહિ મળતા રાજકોટ કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવી જતી. જે કેસમાં કોર્ટે આરોપી જીલેશ ઉનડકટને એક વર્ષની સજા અને રૂ.૫ કરોડ એક માસમાં ન ચૂકવે તો વધુ એક વર્ષની સજાનો હુકમ કર્યો હતો.

જે સજાનો હુકમ સુપ્રિમ કોર્ટે આર. વિજયન વિ. બેબી.ના કામમાં આપેલ ગાઈડલાઈનથી વિરૂધ્ધનો હોય, દંડ અને સજા અપુરતી હોય, દંડ અને સજા વધારવા માટે મુળ ફરીયાદીએ જીલ્લા અદાલતમાં ક્રોસ અપીલ દાખલ કરી છે. આ કેસમાં ફરીયાદી એપેલેન્ટ સૌરાષ્ટ્ર ઈન્ડસ્ટ્રીઝ (વાંકાનેર) વતી એડવોકેટ વિકાસ કે. શેઠ, અલ્પા શેઠ, પ્રકાશ બેડવા અને ફાતેમાં ભારમલ રોકાયા છે

**ગ્રાહકના સ્વાંગમાં આવેલી બુકાનીધારી બેલડીએ ચોરીને અંજામ આપ્યો**

# રાજકોટમાં કપડાંની દુકાનમાંથી ૧.૩૬ લાખની તસ્કરીઃ કર્મચારી શંકાના દાયરામાં

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં સોરઠીયાવાડી સર્કલ બગીચા પાસે આવેલી કપડાની દુકાનમાં સિક્યુરિટી જેવા કપડાં અને મોઢે માસ્ક બાંધી ગ્રાહકના સ્વાંગમાં આવેલા શખસે માત્ર બે મિનિટમાં દુકાનના કેશ કાઉન્ટરમાંથી રૂપિયા ૧.૩૬ લાખની રોકડ ચોરી કરી લીધી હતી. જે અંગે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. જેમાં દુકાનના એક કર્મચારી પર પણ શંકા દર્શાવવામાં આવી છે.

મળતી વિગતો મુજબ, મવડી વિસ્તારમાં ઓમનગર સર્કલ પાસે ગિરનાર સોસાયટી શેરી નંબર ૫ માં રહેતા વિવેક બાબુભાઈ ઘેડીયા(ઉ.વ ૨૫) દ્વારા ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે સોરઠીયાવાડી સર્કલ બગીચા સામે ગેંગસ્ટર મેન્સવેર નામની કપડાંની દુકાનમાં છેલ્લા દોઢ વર્ષથી નોકરી કરે છે અને દુકાન તે જ દુકાન સંભાળે છે. દુકાનના માલિક યશ કિશોરભાઈ આસવાણી છે. દુકાનમાં ફરિયાદી ઉપરાંત ત્રણ વ્યક્તિ જેમાં કરણ, કાર્તિક તથા રણવીર ઉર્ફે રાણો કામ કરે છે. ગત તા. ૧૦/૪ ના બપોરના ચારેક વાગ્યે ફરિયાદીનો મોટો ભાઈ મીત ઘેડિયા અહીં દુકાને આવ્યો હતો અને દુકાનના કેશ કાઉન્ટરમાં તેણે તેના ધંધાના રૂપિયા ૧.૩૫ લાખ બે દિવસ માટે મૂક્યા હતા. તા.૧૨/૪ ના હનુમાન જયંતિ હોવાથી રાહદારીને ઠંડા પીણા પીવડાવવાનું આયોજન કર્યુ હોય જેથી સવારના આઠેક વાગ્યે યુવાન પવનપુત્ર ચોક ગયો હતો અને થોડીવાર બાદ તેનો ભાઈ પણ આવ્યો હતો. બપોરના દોઢેક વાગ્યે આસપાસ બંને અહીં દુકાને આવતા કેશ કાઉન્ટરમાં ચેક કરતા મિતે કેશ કાઉન્ટરમાં રાખેલ રોકડ રૂપિયા ૧.૩૫ લાખ હતા નહીં તેમજ અન્ય કેસ કાઉન્ટરના ખાનામાં રાખેલ રૂપિયા ૧૮૦૦ રોકડ પણ જોવામાં આવ્યા ન હતા. જેથી ચોરી થયાનું માલુમ પડયું હતું. બાદમાં તા.૧૨-૪ ના સી.સી.ટી.વી. ફૂટેજ ચેક કરતા એક અજાણી વ્યક્તિ ખાખી કલર જેવો સિક્યુરિટીનો યુનિફોર્મ પહેરી માથે ટોપી અને મોઢે માસ્ક બાંધી આવી હોય તે અને રણવીર ઉર્ફે રાણો જીવરાજભાઈ પરમાર તેને કપડાં જાતે જોવાનું કહે છે અને રણવીર દુકાનની સાફ-સફાઈ કરતો જોવા મળે છે તેમજ રણવીર દુકાનની બહાર કચરો સાફ કરવા જાય છે એટલામાં આ અજાણ્યો શખસ કેસ કાઉન્ટરમાં લગાવેલ ચાવી ફેરવી ખાનુ ખોલી બંને ખાનામાંથી રૂ.૧,૩૬,૮૦૦ ની રોકડ લઈ ગયાનું સી.સી.ટી.વી. ફૂટેજમાં દેખાયું હતું. માત્ર બે મિનિટમાં જ તે ચોરી કરી જતો રહ્યો હતો. જેથી રણવીર ઉર્ફે રાણા પર શંકા જતા તેને આ બાબતે પૂછતા તે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો અને આ અજાણ્યા ગ્રાહકની તે ઓળખતો ન હોવાનું કહ્યુ હતું.બાદમાં અંતે આ મામલે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે ચોરીના આ બનાવનો ભેદ ઉકેલવા તપાસ હાથ કરી છે.

# ગોવાથી ૪૫ લાખનો દારૂ ભરી જામનગર જતો ટ્રક ચાલક રાજકોટમાં ઝડપાયો

**હરિયાણાના ટ્રક ડ્રાઈવર સાથે સંપર્કમાં રહેલા શખ્સની અને મોકલનારની શોધખોળ**

**સમય મિરર | રાજકોટ**

શહેરમાં છેલ્લા એક અઠવાડીયામાં પીસીબી, ક્રાઈમ બ્રાંચ, એલસીબી અને પોલીસ સ્ટેશનોની ટીમો દ્વારા દારૂનો જથ્થો ઝડપી લેવામાં સફળતા મળી છે. ત્યારે મોરબી બાયપાસથી એઈમ્સ હોસ્પિટલ રોડ એઈમ્સ ચોકમાંથી રૂ.૪૫,૩૬,૦૦૦નો વિદેશી દારૂ ભરેલા આઈશર ટ્રક સાથે હરિયાણાના શખ્સને ઝડપી લીધો છે. ગોવા તરફથી આ દારૂ ભરીને જામનગર તરફ લઈ જતો હોવાનું રટણ કર્યું હતું. વ્હોટ્સએપ કોલ મારફત એક શખ્સ આ ટ્રક ચાલકના સંપર્કમાં હતો તેને તથા ગોવાથી જથ્થો ભરી દેનારાને શોધવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ,એલસીબી ઝોન-૨ની ટીમ દારૂ જૂગારની પ્રવૃત્તિ અટકાવવા પેટ્રોલીંગમાં હતી



ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે મોરબી બાયપાસથી એઈમ્સ હોસ્પિટલવાળા રોડ પરથી એક દારૂ ભરેલો ટ્રક પસાર થઈને આગળ એઈમ્સ ચોકમાં ઉભો છે. આ બાતમી પરથી ટીમ ત્યાં પહોંચતા એનએલ૦૧ક્યુ-૭૪૦૫ નંબરનો ટ્રક મળી આવ્યો હતો. તેના ચાલકની પુછતાછ કરતાં પોતાનું નામ સાજીદઅલી હાકમઅલી (ઉ.વ.૩૦-રહે. કોટલા ગામ, ઘર નં. ૧૦૨, નવી મસ્જીદ પાસે, તા.જી. નુહ, હરિયાણા) જણાવ્યું હતું. ટ્રકમાં પોલીસે તપાસ કરતાં અંદરથી ડેનીમ-૩૦ ઓરેન્જ વોડકાની રૂા. ૭,૯૨,૦૦૦ની ૧૩૨૦ બોટલો, રોગયલ બ્લેક એપલ વોડકાની ૨૮,૦૮,૦૦૦ની ૪૬૮૦ બોટલો, ગ્રીન સ્ટેગ પ્રિમીયમ વ્હીસ્કીની ૯,૩૬,૦૦૦ની ૧૫૬૦ બોટલો મળી કુલ રૂ. ૪૫,૬૩,૦૦૦નો દારૂને જથ્થો મળી આવતાં તે તથા ૧૦ લાખનો ટ્રક, રોકડા રૂા. ૩૩૦૦, મોબાઈલ ફોન મળી રૂા. ૫૫,૪૪,૩૦૦નો મુદ્દામાલ કબ્જે કરી સાજીદઅલીની ધરપકડ કરી હતી. સાજીદઅલીએ પ્રાથમિક પુછતાછમાં એવુ રટણ કર્યું હતું કે મને ગોવાથી ટ્રક અપાયો હતો અને જામનગર તરફ લઈ જવાનો હતો. જેને આ ટ્રક આપવાનો હતો તેની સાથે વ્હોટસએપથી વાત થઈ રહી હતી. પોલીસને વ્હોટ્સએપ કોલીંગના નંબર મળતાં તેના આધારે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

**લૂંટારુ ગેંગે ૨૦૦ રૂપિયાની રોકડ અને મોબાઈલ પડાવી લીધા હોવાનો આક્ષેપ**

# રાજકોટમાં બુકાનીધારી શખ્સોએ રાહદારી યુવકને છરીના ઘા ઝીંકી લૂંટ ચલાવી

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરમાં ખાખીનો ખોપ ઓસર્યો હોય તેમ લુંટારું ગેંગ ફરી સક્રિય થઈ છે. આરતી ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં રાત્રીના સમયે ભાભીના ઘરેથી જમીને પરત ફરતા રાહદારી યુવકને અજાણ્યા બુકાનીધારી શખ્સોએ ૨૦૦ રૂપિયાની રોકડ અને મોબાઈલની લૂંટ ચલાવી હતી. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ શહેરમાં આરતી ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં રહેતા જંગલુ ધનવરભાઈ આદિવાસી નામનો ૩૫ વર્ષનો યુવાન રાત્રીના અગિયારેક વાગ્યાના અરસામાં આરતી મેઈન રોડ ઉપર ચાલીને જતો હતો ત્યારે અજાણ્યા શખ્સોએ છરી વડે હુમલો કરી સાથળ અને બેઠકના ભાગે છરીના ઘા ઝીંકી દીધા હતા.



યુવકને ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો આ ઘટના અંગે જાણ થતા ભક્તિનગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં જગલુ આદિવાસી નજીકમાં જ રહેતા ભાભીના ઘરે જમીને પોતાના રૂમ પર પરત ફરતો હતો ત્યારે ચાર બુકાનીધારી શખ્સોએ મોબાઈલ માંગી છરી વડે હુમલો કરી મોબાઈલ અને રૂ.૨૦૦ ની લૂંટ ચલાવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.


# કાળઝાળ ગરમી વચ્ચે પણ હૃદયરોગના હુમલાનો વધતો ખતરો ; બે જિંદગી ધબકારા ચુકી ગઈ

**શ્રમિક યુવાન અને પરણિતાને આવેલો હાર્ટ એટેક જીવલેણ નિવડતા પરિવારમાં શોક**

**સમય મિરર | રાજકોટ**

કાળઝાળ ગરમી વચ્ચે પણ હૃદયરોગના હુમલાએ હાહાકાર મચાવ્યો હોય તેમ દરરોજ હૃદયરોગના હુમલાથી અનેક માનવ જિંદગી કાળના ખપ્પરમાં હોમાઈ રહી છે. ત્યારે વધુ બે લોકોને હૃદયરોગનો હુમલો ભરખી ગયો હોવાની ઘટના સામે આવી છે. જેમાં રાજકોટમાં યુવક અને પરિણીતાનુ હૃદયરોગના હુમલાથી મોત નિપજતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં ગોંડલ ચોકડી પાસે રહેતા અતુલકુમાર કેશુભાઈ આદિવાસી નામનો ૧૯ વર્ષનો યુવાન રાત્રીના દસેક વાગ્યાના અરસામાં બેભાન હાલતમાં ઢળી પડતા તેને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી યુવકનું હૃદયરોગના હુમલાથી મોત નીપજયુ હોવાનું જાહેર કરતાં શ્રમિક પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. પ્રાથમિક પૂછપરછમાં મૃતક યુવાન મૂળ ઉત્તર પ્રદેશનો વતની હતો અને અહીં કારખાનામાં કામ કરતો હતો. મૃતક બે ભાઈ બે બહેનમાં વચ્ચેટ હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં રાજકોટમાં



મોરબી રોડ ઉપર આવેલ ગણેશપાર્કમાં રહેતા ભાવનાબેન દિનેશભાઈ ચડોતરા નામની ૪૪ વર્ષની પરિણીતા રાત્રીના સાડા બારેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતી ત્યારે તેણીને હૃદયરોગનો હુમલો આવતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે સેડવામાં આવી હતી જ્યાં તેણીની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ મોત નીપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી. પ્રાથમિક પૂછપરછમાં મૃતક પરિણીતાને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# પ્લોટના વિવાદિત કુલમુખત્યારનામા સંબંધિત દસ્તાવેજો રદ કરવાનો દાવો નામંજૂર કરતી કોર્ટ

**વિરડા વાજડી ગામની જમીનની ખરીદીનો ૧૯૮૬માં દસ્તાવેજ કરનારે ૧૯૮૫થી ૧૯૯૫ની સુધીમાં થયેલા ચાર દસ્તાવેજો રદ કરવા દાદ માંગી'તી**

**સમય મિરર | રાજકોટ**

રાજકોટના વિરડા વાજડી રેવન્યુ સર્વે નંબર હેઠળના વિસ્તારમાં કાદમ્બરી પાર્કના પ્લોટ નંબર ત્રણની ૭૬૭ ચોરસ મીટર જમીન ૧૯૮૬ની સાલમાં હંસાબેન કાંતિલાલ મોદીના કુલમુખત્યાર મહેશકુમાર જયંતીલાલ બાવીસી પાસેથી ખરીદ કરી હોવાનું જણાવી પ્રતાપભાઈ કાળુભાઈ બસીયા દ્વારા લાવવામાં આવેલા આ દાવામાં ૧૯૯૫માં જમીન ખરીદનારા પ્રતિવાદી જીગીષાબેન પ્રશાંતભાઈ મહેતા વતી કોર્ટમાં હાજર થયેલા ધારાશાસ્ત્રી અર્જુન પટેલ દ્વારા એવો બચાવ લેવામાં આવેલ કે, આ દાવાના વાદી પ્રતાપભાઈ કાળુભાઈ બસીયાએ જેની પાસેથી દાવાવાળી મિલ્કત ખરીદ કર્યાનું જણાવે છે તે હંસાબેન કાંતીલાલ મોદીએ અગાઉ આ જ પ્લોટ બાબતે સિવિલ કોર્ટમાં નરેન્દ્ર નાનભા વાઢેર સામે દાખલ કરેલ દાવો અને રિસ્ટોરેશનની અરજી બંને પણ રદ થયા હતા. અને ત્યારબાદ હંસાબેન કાંતીલાલ મોદીએ બોમ્બે લેન્ડ રેવન્યુ રૂલ્સ ૧૦૮(૫) હેઠળ નાયબ કલેકટર સમક્ષ નરેન્દ્ર નાનભા વાઢેરના નામે દાખલ થયેલ નોંધ ચેલેન્જ કરી હતી. જેની અપીલ પણ નાયબ કલેકટરે રદ કરી હતી. દાવાવાળી મિલ્કતમાં વાદી પ્રતાપભાઈ કાળુભાઈ બસીયા જેની પાસેથી મિલ્કત ખરીદ કર્યાનું જણાવે છે તે હંસાબેન મોદી પાસે કાયદેસરનું કોઈ ટાઈટલ હતું જ નહીં, તેમજ તા.૨૪/ ૧૦/ ૮૩ના રોજ ચિતરંજન કે. મોદી નરેન્દ્રસિંહ નાનભાઈ વાઢેરના મુખત્યાર


એડવોકેટ

હતા જ નહીં, અને તેથી તેઓને હંસાબેન કાંતીલાલ મોદી જોગ કોઈ વેચાણ દસ્તાવેજ કરવા હકક, અધિકાર કે સતા હતી જ નહીં, આમ છતા ફ્રોડ આચરી ફોર્જરી કરી ચિતરંજન મોદીએ પોતાની સગી બહેન હંસાબેન મોદીના નામનો વેચાણ દસ્તાવેજ છળકપટથી કરેલ. તેમજ ડો. ચિતરંજન કે. મોદીને આપવામાં આવેલ કુલમુખત્યારનામું તા.૨૦/ ૧૦/ ૮૩ના રોજ રદ કરવામાં આવ્યું હતું, આમ છતા તેને હંસાબેન કાંતીલાલ મોદીના નામે તા.૨૪/ ૧૦/ ૮૩ના રોજનો બોગસ વેચાણ દસ્તાવેજ કરી નાખેલ છે. જેથી વાદીને કોઈ કાયદેસરનું ટાઈટલ પ્રાપ્ત થયેલ નથી અને પ્રતિવાદીઓના દસ્તાવેજો નહીં પરંતુ ખુદ વાદીનો દસ્તાવેજ અને વાદી જેની પાસેથી ઉતરોતર ખરીદ કરેલાનું જણાવે છે તેના દસ્તાવેજો રદ થવાને પાત્ર છે.તેમજ આ પ્રકારનો દાવો લાવનાર વાદી પ્રતાપ કાળુ બસીયા જાતે અદાલત સમક્ષ જુબાની આપવા માટે આવેલ નહી અને તેમના વતી તેમના મુખત્યાર નરેન્દ્રભાઈ ડાયાભાઈ ચૌહાણ દ્વારા જુબાની આપવામાં આવેલ, જેમને આ વ્યવહારો સંબંધે કોઈ અંગત જ્ઞાન, જાણ કે માહીતી ન હતી, જેથી અદાલતે લંબાણ પુર્વકનો ચુકાદો આપતા ઠરાવેલ છે કે, વાદી જે કુલમુખત્યારનામાના આધારે વેચાણ દસ્તાવેજથી માલીક બન્યાનું જણાવે છે તે મુખત્યારનામું આવા વેચાણ દસ્તાવેજ કરવા માટે કુલમુખત્યારને અધિકૃત કરતા નથી, અને કોઈ જ માલીકી હકક વાદીમાં સ્થાપીત થયેલ નથી. વાદીના કુલમુખત્યારની વર્તણુક પણ ધ્યાને લઈ અદાલતે વાદીનો દાવો રદ કર્યો છે. આ કામમાં પ્રતિવાદી વતી એડવોકેટ તરીકે વરિષ્ઠ ધારાશાસ્ત્રી અર્જુન એસ. પટેલ, મહેન એમ. ગોંડલીયા, રવિન એન. સોલંકી, ભાર્ગવ એ. પાનસુરીયા, આકાંક્ષા એચ. રાજદેવ રોકાયા હતા.

# વેપારી ઉપર જીવલેણ હુમલો કરી આગચંપી કરવાના કેસમાં આરોપી નિર્દોષ મુક્ત

**કાયદાના સંઘર્ષમાં આવેલા બુકાનીધારી સગીર વિરુધ્ધ ગુનો નોંધાયો'તો**

**સમય મિરર | રાજકોટ**

શહેરના ભવનાથ પાર્ક -૧માં શેરી નં.૫માં રહેતો અને નેહરૂનગર પરસાણા સોસાયટીમાં જય ખોડલ ઈન્ડસ્ટ્રીઝ નામનું કારખાનું ચલાવતા જયદીપભાઈ મનસુખભાઈ પીપળીયા તા. ૯-૦૨-૨૦૧૭ ના રોજ રાત્રીના પોતાના પરિવારના સભ્યો સાથે ઘરમાં સુતા હતા ત્યારે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર મોઢે રૂમાલ બાંધી ઘરની ડેલી પર પેટ્રોલ છાંટી, આગ ચાંપી ડેલી સળગાવી આખા પરિવારને સળગાવી મારી નાખવાની કોશિશ કર્યા અંગેની કલમ હેઠળ ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધવામાં આવી હતી. બાદ તપાસનીસ અધિકારી આઈ.પી.સી કલમ ૩૦૭ નો ઉમેરોનો રીપોર્ટ આપતા કોર્ટ દ્વારા કલમ ઉમેરવાનો કરવામાં આવેલો હતો. તપાસનીશ અધિકારી દ્વારા પુરતા પુરાવા મેળવી કોર્ટ સમક્ષ આરોપીઓ સામે ચાર્જશીટ કરવામાં આવી હતી. સદરહું કેસ કમીટ થતા આરોપી દ્વારા પોતાના વકીલ મારફત હાજર થઈ અને હાલના કેસમાં ફરિયાદી તથા સાહેદોને તપાસીયા બાદ


એડવોકેટ

કોર્ટ દ્વારા આરોપીનું ફરધર સ્ટેમેન્ટ નોધવાંમાં આવેલ હતું અને બાદ સદરહું કેસમાં આરોપીના વકીલ દ્વારા મૌખીક દલીલો કરી હતી.

એડીશ્નલ ડીસ્ટ્રીકટ કોર્ટ દ્વારા આરોપી કરણ જીલુભાઈ કુંભારવાડીયાને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરેલો છે. આરોપી તરફે એડવોકેટ તરીકે બલરામ એસ. પંડીત, મોતીભાઈ એન. સિંધવ, ધારા એસ. પંડીત, વંદના જે ગૌસ્વામી રોકાયા હતા.

# ગુજરાતમાં વસતા પાકિસ્તાની નાગરિકોનું લિસ્ટ તૈયાર : તમામને હાંકી કઢાશે

## લોંગ ટર્મ વિઝા પર ૪૩૮ નાગરિકો ગુજરાતમાં વસવાટ કરે છે તે પૈકી ૭૭ અમદાવાદ, ૪૪ સુરત અને ૫૦ કચ્છમાં છે : શોર્ટ ટર્મ વિઝા પર સાત નાગરિકો ગુજરાતમાં છે

**સમય મિરર । ગાંધીનગર**

તાજેતરમાં દેશના ખૂણે ખૂણા માંથી કાશ્મીર ફરવા ગયેલા પ્રવાસીઓ પર આતંકવાદીઓએ અંધાધૂંધ ગોળીઓ વરસાવી ૨૭ માનવ જિંદગીને મોતના મુખમાં ધકેલી દીધી હતી આ ઘટનાના સમગ્ર દેશમાં ઘેરા પડઘા પડ્યા છે. હાલ ભારત સરકાર પાકિસ્તાન સામે કડક કાર્યવાહી માટે વિચાર વિમર્શ કરી રહી છે. ત્યારે કડક કાર્યવાહીના ભાગરૂપે ભારતમાં શોર્ટ અને લોંગ ટર્મના વિઝા સાથે વસતા પાકિસ્તાની નાગરિકોને ૪૮ કલાકમાં ભારત છોડી દેવા માટે સૂચના આપી છે તેના ભાગરૂપે ગુજરાત સરકારે ગુજરાતમાં વસતા પાકિસ્તાનીઓનું લીસ્ટ તૈયાર કર્યું છે.

જાણવા મળતી માહિતી મુજબ જમ્મુ કાશ્મીરમાં થયેલા આતંકી હુમલા બાદ દેશભરમાં તેનો વિરોધ જોવા મળી રહ્યો છે,ત્યારે ભારત સરકારે જાહેરાત કરી હતી કે જે પાકિસ્તાની ભારતમાં છે તે ૪૮ કલાકમાં ભારત દેશ છોડીને તેમના વતન જતા રહે. ત્યારે ગુજરાત સરકારે પાકિસ્તાનીઓ સામે કાર્યવાહી શરૂ કરી છે,કેન્દ્ર સરકારના પગલે રાજ્ય સરકાર એક્શનમાં છે જેમાં તમામ જિલ્લાઓમાં રાજ્ય સરકારે કલેકટર, કમિશનર અને એસપીને સૂચના આપી છે,જેમાં જે હિંદુ શરણાર્થીઓ છે તેમની સામે કોઈ કાર્યવાહી નહી કરાય.તેવું જણાવ્યું છે.

ભારતમાં વસતા પાકિસ્તાની નાગરિકોને ૪૮ કલાકમાં ભારત છોડીને જતા રહેવાની કેન્દ્ર સરકારે કરેલી જાહેરાત બાદ ગુજરાત સરકારે પણ આવા નાગરિકોની યાદી તૈયાર કરી છે. જેમાં ગુજરાતમાં લોન્ગ ટર્મ વિઝા પર ૪૩૮ પાકિસ્તાની નાગરિકો છે,અમદાવાદમાં સૌથી વધુ ૭૭ પાકિસ્તાની નાગરિકો,સુરતમાં ૪૪ અને કચ્છમાં ૫૦ પાકિસ્તાની નાગરિકો હોવાની વાત સામે આવી છે,ગુજરાતમાં શોર્ટ ટર્મ વિઝા પર રહેલા ૭ નાગરિકો છે,સૌથી વધુ ૫ પાકિસ્તાની નાગરિકો અમદાવાદમાં હોવાની વાત સામે આી છે,ભરુચ અને વડોદરામાં એક-એક પાકિસ્તાની નાગરિક છે તો તમામ પાકિસ્તાની નાગરિકોને હાંકી કાઢવા કવાયત તેજ કરવામાં આવી છે,

ગાંધીનગર શહેરમાં કલોલ, માણસા, દહેગામમાં પાકિસ્તાનીઓ હોવાની વાત સામે આવી છે. જેમાં અલગ-અલગ વિઝા પર પાકિસ્તાની આવ્યા હોવાની વિગતો મળી છે,તો ગૃહ મંત્રાલયના આદેશ બાદ પાકિસ્તાનીઓને તગેડી મૂકાશે અને નિયત સમયમાં રવાના કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે,ગૃહ વિભાગે તમામને ભારત છોડવાનો આદેશ આપ્યો છે. તો અટારી બોર્ડરથી તમામને તેમના દેશ પાકિસ્તાન મોકલવામાં આવશે તેવી માહિતી સૂત્રો તરફથી મળી રહી છે.

### અલ્ટીમેટમ બાદ પણ પાકિસ્તાની ગુજરાતમાં રોકાશે તો કરવાનું થતું હશે એ કરીશું : હર્ષ સંઘવી



ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ ગુજરાતમાં વસતા પાકિસ્તાનીઓ મામલે જાણાવ્યું હતું કે, ભારત સરકારના નિર્ણયનું પાલન કરવું એ રાજ્ય સરકારની જવાબદારી છે. તમામ જિલ્લાના અધિકારીઓને આદેશ આપવામાં આવ્યા છે. અને પાકિસ્તાની પીડિતોને કોઈ જાતની હેરાનગતિ ન થાય તેનું ખાસ ધ્યાન રખાશે. જેટલા લોકોને દેશ છોડવાનું અલ્ટિમેટમ છે તેમની એસઓજી અને લોકલ પોલીસ કામગીરી કરી રહી છે. અલ્ટિમેટમ બાદ જો કોઈ પાકિસ્તાની અહીં રોકાશે તો જે કરવાનું થતું હશે એ કરીશુ એમાં કાઈ કહેવાનું ન હોય.

### શોર્ટ ટર્મ વિઝા લઈ ભરૂચ આવેલી મહિલાને અટારી બોર્ડરેથી પાકિસ્તાન મોકલાઇ, ગુજરાતનો પ્રથમ કિસ્સો

પાકિસ્તાન ખાતે રહેતા શાહિદા બીબીના પરિવારજનો ભરૂચના હાસોટ ખાતે રહેતા હોવાથી તેમને મળવા માટે કરાંચીથી ભરૂચ આવ્યા હતા. જેમને પાકિસ્તાન પરત મોકલવામાં આવ્યા છે. ભરૂચથી તેમને અટારી બોર્ડર લઈ જવામાં આવ્યા હતા અને ત્યાંથી તેમને માદરે વતન કરાચી મોકલવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, શાહીદા બીબી શોર્ટ ટર્મ વિઝા પર ભરૂચમાં રોકાયા હતા. તેઓ ૧૪મી તારીખે ભરૂચ આવ્યા હતા અને આગામી ૨૬મી જૂન સુધી રોકાવવાના હતા. તેઓ આ પહેલાં પણ બેવાર ભારત આવી ચૂક્યા છે. હવે તેમને પરત પાકિસ્તાન મોકલવામાં આવ્યા છે.




# ખંભાતમાં ૭ વર્ષની બાળકીના રેપ વિથ મર્ડર કેસમાં આરોપીને ફાંસીની સજા ફટકારતી અદાલત

## ૨૦૧૯ માં બેસતા વર્ષના દિવસે બિસ્કીટ આપવાની લાલચ આપી કૃત્ય આચરવામાં આવ્યું હતું

**સમય મિરર । ખંભાત**

આજકાલ નાની બાળા ઉપર વધી રહેલી દુષ્કર્મની ઘટનાઓ સામે અદાલતે આવા નરાધમીઓને આકરીમાં આકરી સજા ફટકારવાનું શરૂ કર્યું છે. ત્યારે ૨૦૧૯ માં ખંભાતના ગ્રામ્ય પંથક વિસ્તારમાં એક સાત વર્ષની બાળકીને બિસ્કીટ આપવાની લાલચ આપી નરાધમ ઉઠાવી ગયો હતો. બાદમાં તેના પર દુષ્કર્મ આચરી હત્યા નીપજાવી હતી. જે ઘટના બાદ પોલીસે નરાધમની ધરપકડ કરી હતી. જે અંગેનો કેસ ચાલી જતા અદાલતે તમામ આધાર પુરાવાઓ અને ઘટનાને ધ્યાને લઈ નરાધમ શખ્સને ફાંસીની સજા ફટકારી છે.



ખંભાત સેશન્સ કોર્ટે ૭ વર્ષની બાળકી પર દુષ્કર્મ આચરી હત્યા કરનાર આરોપી અર્જુન ઉર્ફે દડો અંબાલાલ ગોહેલને ફાંસીની સજા ફટકારી છે. ૨૦૧૯માં બનેલી આ ઘટનામાં આરોપીએ બેસતા વર્ષના દિવસે બિસ્કિટ આપવાની લાલચ આપીને બાળકીને લઈ ગયો હતો. ત્યારબાદ તેણે બાળકી પર દુષ્કર્મ આચર્યું અને તેની હત્યા કરી નાખી હતી. બાળકીનો મૃતદેહ કામનાથ મહાદેવ મંદિરની પાછળ આવેલા પાણીના કાંસમાંથી અર્ધનગ્ન અવસ્થામાં મળી આવ્યો હતો. આ ગંભીર અપરાધ સંદર્ભે ખંભાત ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી હતી. કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ રઘુવીર પંડયાએ મજબૂત દલીલો રજૂ કરી હતી. તમામ પુરાવાઓ અને સાક્ષ્યોને ધ્યાનમાં લઈને કોર્ટે આરોપીને કસૂરવાર ઠેરવ્યો અને ફાંસીની સજા ફટકારી છે.

### ૯ ડમ્પર સહિત ૨.૭૦ કરોડનો મુદ્દામાલ કબજે

# ગાંધીનગરમાં ગેરકાયદેસર રેતી વહન પર તંત્રની તવાઈ

**સમય મિરર । ગાંધીનગર**

ગાંધીનગરમાં ચો તરફ રેતી ભરેલા ડમ્પરો દોડી રહ્યા હતા. ત્યારે આ ડમ્પરો ગેરકાયદેસર વહન કરતા હોય તેવી માહિતી પરથી તંત્રએ દરોડા પાડ્યા હતા અને ૯ ડમ્પર સહિત ૨.૭૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

ગાંધીનગરના કલેક્ટર મેહુલ દવેની સુચના બાદ રોયલ્ટી ઈન્સ્પેક્ટર તરૂણ શર્માએ ખાત્રજ ચોકડી અને કલોલ રોડ પર આકસ્મિક તપાસ કરતાં ૪ ડમ્પરો રોયલ્ટી પાસ વગર પકડાયા હતા. માઈન્સ સુપરવાઈઝર રણછોડભાઈ આહીરે ટીંટોડા ચોકડી ખાતે ૫ ડમ્પરો પકડયા હતા ખાત્રજ ચોકડી પાસેથી ત્રણ ડમ્પરોમાં અનુક્રમે ૪૯.૯૮૦, ૪૧.૨૭૦ અને ૫૨.૧૨૦ મેટ્રિક ટન સાદી રેતી મળી હતી. કલોલ રોડ પરથી એક ડમ્પરમાંથી ૪૦ મેટ્રિક ટન રેતી મળી હતી. આ તમામ વાહનો રોયલ્ટી પાસ વગર મળ્યા હતા. ટીંટોડા ચોકડી પાસેથી પાંચ ડમ્પરો પકડાયા તેમાંથી ત્રણ ડમ્પરો રોયલ્ટી પાસ વગર અને બે ડમ્પરો ઓવરલોડ હતા. આ વાહનોમાં ૫૨.૭૩૦, ૩૬.૦૦, ૧૧.૫૩, ૭.૨૩ અને ૩૩.૬૭૦ મેટ્રિક ટન રેતી મળી હતી.

વાહન માલિકો વિરુદ્ધ ગુજરાત મિનરલ નિયમો-૨૦૧૭ હેઠળ દંડકીય કાર્યવાહી કરવામાં આવશે. આ કાર્યવાહીમાં કુલ ૨.૭૦ કરોડની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

# ભાવનગરમાં નામચીન હિસ્ટ્રીશિટરનો પોલીસ મથકમાં ઝેરી દવા પી આપઘાત

## પોલીસના ત્રાસથી પગલું ભર્યાનો પરિવારજનોનો આક્ષેપ

**સમય મિરર । ભાવનગર**

ભાવનગરના સુભાષનગર વિસ્તારમાં રહેતા અને અલગ અલગ પોલીસ મથકમાં અનેક વખત ગુના સબબ ચોપડે ચડી ચૂકેલા આરોપીને ક્રાઈમ બ્રાન્ચે કચેરીએ બોલાવ્યો હતો. ત્યારબાદ આ આરોપીએ કચેરીમાં જ ઝેરી દવા પી લેતા હોસ્પિટલે ખસેડાયો હતો. જ્યાં તેનું મોત નીપજ્યું હતું. આ ઘટના બાદ મૃતકના પરિવારજનોએ પોલીસના ત્રાસથી તેના પુત્રએ આ પગલું ભર્યાના આક્ષેપો કર્યા છે.

ભાવનગરમાં વિવિધ ૧૧ ગુનાના કેસના આરોપી ખુશાલ ઉર્ફે જીગર ભરતભાઈ માળીએ પોલીસ મથકમાં જ ઝેરી દવા પી લીધી હતી, જેથી તેને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું, મૃતકના પરિવારે ભાવનગર પોલીસના ત્રાસથી ખુશાલે આપઘાત કર્યાનો આક્ષેપ કર્યો છે. સાથે જ તેનો મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કર્યો છે. મૃતક આરોપી ખુશાલ ઉર્ફે જીગર ભરતભાઈ માળી શહેરના સુભાષનગર, ઘોઘા જકાતનાકા વિસ્તારમાં રહેતો હતો, તેની સામે ભાવનગર શહેર અને જિલ્લાના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ૯ અને અન્ય જિલ્લાના મળી કુલ ૧૧થી વધુ ગુનાના નોંધાયેલા છે.

મૃતકના માતાએ ગંભીર આક્ષેપ અને દાવા સાથે જણાવ્યું કે, તેના પુત્રને ગુનાના કામે ભાવનગર એલસીબી કચેરીએ બોલાવાયો હતો જયાં પોલીસ દ્વારા નાણાંની માંગ કરાતા તેમના પુત્રએ દવા પી લીધી હતી અને બે દિવસની ટૂંકી સારવાર બાદ તેનું મોત નિપજ્યું છે. જવાબદારો સામે કાર્યવાહી ન થાય ત્યાં સુધી પરિવારે મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કર્યો છે. બીજી તરફ, ભાવનગર પોલીસે તેના પર થયેલા આક્ષેપો ફગાવી દીધા હતા અને તેના પર પ્રોહિબિશનના સાત-સાત ગુના હોય, ગુનાના કામે બોલાવતાં તેણે દવા પી લીધી હતી. જો કે ખુદ પોલીસ જ તેને સારવારમાં માટે લઈ ગઈ હતી. મૃતકે સારવાર દરમિયાન ગુનાની કબૂલાત કરતું નિવેદન પણ આપ્યું હતું. હાલ તો બુટલેગર અને પોલીસની આ લડાઈને લઈ આ આ મુદ્દો ઉઠાવાયો હોવાનું અંતમાં જણાવ્યું હતું.

# વડોદરા પાસે બોલેરોએ બાઈકને ઠોકરે લેતા પોલીસ કર્મી. સહિત ત્રણ મિત્રોના કરુણ મોત

## કવાંટ લગ્ન પ્રસંગમાંથી પરત ફરતા કાળ ભેટયો : બે મિત્રોએ પીએસઆઈની પરીક્ષા આપી હતી

**સમય મિરર । વડોદરા**

રાજ્ય ધોરીમાર્ગો પર અકસ્માતોની હારમાળા હજુ યથાવત જ છે. તાજેતરમાં બે થી ત્રણ ગંભીર અકસ્માતોમાં અનેક માનવ જિંદગી મોતના મુખમાં ધકેલાઈ ગઈ છે. તેવા સમયે વડોદરાના ડભોઇ નજીક ગોપાલપુરા ગામ નજીક એક ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં ત્રણ મિત્રો એક જ બાઈકમાં સવાર થઈ જતા હોય, ત્યારે પૂરપાટ ઝડપે પસાર થઈ રહેલી બોલેરો કારે બાઇકને ઠોકરે ચડાવ્યું હતું. જેના કારણે બાઇક સવાર ત્રણેય મિત્રો દૂર સુધી ફંગોળાયા હતા. જેમાં બે મિત્રોના ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતા. જ્યારે એક મિત્રને સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવતા પૂરતી સારવાર મળે તે પૂર્વે તેણે દમ તોડી દીધો હતો. આમ આ અકસ્માતમાં ત્રણ આશાસ્પદ યુવાનોના મોત નીપજ્યા છે. કહેવાય છે કે, એક મૃતક પોલીસ કર્મી. છે જ્યારે તેના બે મિત્રોએ તાજેતરમાં પીએસઆઈની પરીક્ષા આપી છે. આ ઘટનાથી પરિવારમાં કાળો કલ્પાંત સર્જાયો છે.



સમગ્ર ઘટનાની જાણવા મળતી વિગતો મુજબ વડોદરાના ડભોઈના ગોપાલપુરા ગામ નજીક ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે.આ અકસ્માત બોલેરો કાર અને બાઇક વચ્ચે સર્જાયો હતો.જેમાં એક પોલીસ કર્મી સહિત ૩ લોકોના મોત થયા છે. બે વ્યક્તિઓ ઘટના સ્થળે જ મોતને ભેટયા હતા. તો એક વ્યક્તિનું સારવાર દરમ્યાન મોત થયું હતું.ગમખ્વાર અકસ્માત બાદ બોલેરો ચાલક ફરાર થઇ ગયો હતો.

ઘટનાની જાણ થતા પોલીસ કાફલો તુરંત સ્થળ પર પહોંચી ગયો હતો અને પ્રાથમિક કાર્યવાહી કરી ત્રણેય મૃતદેહોને હોસ્પિટલે ખસેડ્યા હતા બાદમાં તેની ઓળખ મેળવવા અને પરિવારજનોને જાણ કરવા તપાસ શરૂ કરી હતી ત્યારે પોલીસને જાણવા મળ્યું હતું કે, અકસ્માતમાં મોતને બેટેલો યુવક મુકેશ રાઠવા કે જે પોલીસ કર્મી છે. ઉપરાંત સુરેશ રાઠવા અને હરેશ રાઠવા ત્રણેય મિત્રો હતા અને ત્રણેય લગ્ન પ્રસંગે કવાંટ ગયા હતા અને ત્યાંથી પરત ફરતા આ અકસ્માત સર્જાયો હતો.. મુકેશ રાઠવા કપુરાઈ પોલીસ સ્ટેશનમાં પોલીસકર્મી તરીકે ફરજ બજાવતા હતા. જ્યારે અન્ય બે વ્યક્તિઓ સુરેશ રાઠવા અને હરેશ રાઠવાએ તાજેતરમાં પીએસઆઈની પરીક્ષા આપી હતી તેવું પ્રાથમિક માહિતીમાં સામે આવ્યું છે.

વધુમાં પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે, અકસ્માત થતા સુરેશ રાઠવા અને હરેશ રાઠવાના ઘટના સ્થળે જ મોત થયા હતા. જ્યારે મુકેશ રાઠવાનું સયાજી હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત થયું હતું. હાલ પોલીસ દ્વારા અકસ્માતે મોત અંગેનો ગુનો દાખલ કરી નાસી છુંટેલા બોલેરો કારના ચાલકને ઝડપી લેવા વધુ તપાસ હાથ ધરી છે.

# કોંગ્રેસના બે નેતાઓ ભાજપના સંપર્કમાં હોવાની પત્રિકા વાયરલ થતાં ભારે ખળભળાટ

## અમદાવાદ શહેર કોંગ્રેસની સેન્સ સમયે જ થયો પત્રિકા કાંડ : બંને નેતાઓને સસ્પેન્ડ કરવાની અને પક્ષમાંથી હાંકી કાઢવાની પત્રિકામાં માંગ કરાઇ

**સમય મિરર । અમદાવાદ**

ગુજરાત સહિત અનેક રાજ્યોમાં નામોશેષ થયેલી કોંગ્રેસ ફરી બેઠી થવા માંગે છે અને તેની શરૂઆત કોંગ્રેસે ગુજરાતથી કરી છે. હાલ ગુજરાતનું સંગઠન મજબૂત કરવા માટે રાષ્ટ્રીય કક્ષાના નેતાઓ મહેનત કરી રહ્યા છે અને હાલ શહેર કોંગ્રેસ પ્રમુખની શોધ પણ ચાલી રહી છે. તેવા સમયે અમદાવાદ કોંગ્રેસના બે નેતાઓ ભાજપ સાથે ભળેલા હોય અને સેટિંગમાં બેઠા છે. તે મુજબની પત્રિકા વાયરલ થતા ભારે ખળભળાટ મચી ગયો છે.

### પત્રિકા વાયરલ થતા હિંમતસિંહ પટેલે કર્યો ખુલાસો

હિંમતસિંહ પટેલે વાયરલ પત્રિકા મુદ્દે ખુલાસો કરતા કહ્યું કે, આ જૂની અને વાહિયાત વાત છે. કોંગ્રેસ કાર્યાલય પર જે રીતે હુમલો કરાયો હતો ત્યારે કોંગ્રેસના કાર્યકરોએ સંઘર્ષ કર્યો હતો. પોલીસે કોંગ્રેસના આગેવાનોની ધરપકડ કરી હતી. રાષ્ટ્રીય નેતાઓ અને પ્રદેશના નેતાઓ આ બાબતથી વાકેફ છે. આ ભાજપ સાથે જોડાયેલા લોકોનું પડયંત્ર છે. ભાજપ સાથે મળેલા લોકોએ આ કાવતરું કર્યું છે. પાર્ટી હાઇકમાન્ડે આની ગંભીરતાથી નોંધ લીધી છે. નામો સામે આવશે તો સસ્પેન્ડ કરવા સુધીના પગલાં લઈશું. CCTV ફુટેજના આધારે ફરિયાદ થઈ હતી.

અમદાવાદ શહેર કોંગ્રેસના પ્રમુખની હાલ સેન્સ પ્રક્રિયા ચાલી રહી છે તે સમયે જ પત્રિકાકાંડ થયો છે. અમદવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ હિંમતસિંહ પટેલ અને શૈલેષ પરમાર પર આક્ષેપ કરતી પત્રિકાઓ ફરતી થઈ છે. શૈલેષ પરમાર અને હિંમતસિંહ પટેલને સસ્પેન્ડ કરવા માંગ કરતી પત્રિકા વાયરલ થઈ છે. આ નનામી પત્રિકામાં અમદાવાદ શહેર કોંગ્રેસના બે નેતાઓના ભાજપ સાથેના સંબંધોનો ઉલ્લેખ કરાયો છે. આ પત્રિકા કોંગ્રેસના સંગઠન મહાસચિવ કે સી વેણુગોપાલ, પ્રભારી મુકુલ વાસનિકને પણ મોકલી અપાઈ છે. કોંગ્રેસ કાર્યાલય પર થયેલ પથરાવ સમયે હિંમતસિંહે ભાજપ સાથે સેટિંગ કર્યું હોવાનો પત્રિકામાં દાવો કરાયો છે. તેમજ શૈલેષ પરમારને બચાવવા કોંગ્રેસના કાર્યકરોની બલી ચઢાવાઈ હોવાનો પણ ઉલ્લેખ છે. પથરાવની ઘટના બાદ ધારાસભ્ય અમિત શાહના પુત્ર અને શૈલેષ પરમારનું નામ ફરિયાદમાંના લખાય એવું સમાધાન કર્યું હોવાનો દાવો કરાયો છે. અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ હિંમતસિંહ અને શૈલેષ પરમારને તાત્કાલિક પક્ષમાંથી હાંકી કાઢવાની માંગ પત્રિકામાં કરાઈ છે.

